॥ શ્રી સંતરામ મહારાજ સત્ય છે ॥

# પદપંક્તિ રસાસ્વાદ


રચયિતા

**શ્રી રામદાસજી મહારાજ**

મહંત : શ્રી સંતરામ મંદિર, કરમસદ.






પ્રકાશક

**શ્રી સંતરામ મંદિર, નડિયાદ.**


**પદપંક્તિ રસાસ્વાદ**

યોગીરાજ શ્રી સંતરામ મહારાજના
પદોની પંક્તિઓનું ભાવ વિવરણ


**પ્રકાશક** : શ્રી સંતરામ મંદિર, નડિયાદ.

**પ્રકાશન** : નવનિર્મિત શ્રી સંતરામ મંદિર, ઉમરેઠ
શિખર પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે
સંવત ૨૦૫૮, પોષ સુદ - ૧૫, તા.૨૮-૧-૨૦૦૨

**સંકલન** : પ્રા. હસિત હ. મહેતા, નડિયાદ.

**પ્રત** : ૧૦,૦૦૦

**મૂલ્ય** : અમૂલ્ય

**પ્રાપ્તિસ્થાન** : શ્રી સંતરામ સમાધિસ્થાન, નડિયાદ
તેમજ શાખા મંદિરો

**તસ્વીર** : સુનીલ કે. પટેલ (સૃજન સ્ટુડીયો, નડિયાદ)
રોહિત ગજ્જર, ઉમરેઠ.

**મુદ્રક** : શાર્પ પ્રિન્ટ
"પરિશ્રમ" ઈપ્કોવાળા ટ્રસ્ટ બિલ્ડીંગ,
પેટલાદ રોડ, નડિયાદ.

॥ શ્રી સંતરામ મહારાજ સત્ય છે ॥

## યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડજ્યોતિના શુભાશીર્વાદ

અવધૂત શ્રી સંતરામ મહારાજ દત્તાત્રેયાવતાર, કારકકોટિના સિદ્ધ સંત હતા. એમણે જીવિત સમાધિ લીધી હતી. દેશભરમાં ધર્મ, અધ્યાત્મ, માનવસેવાના ક્ષેત્રે લોકહિત કરવાનું લક્ષ્ય આ સ્થાનનું રહ્યું છે. 'પદ સંગ્રહ' એ ગુરુસુધાવાણીનો સંગ્રહ છે. પદો, ભજનો, આરતીના સ્વરૂપે સંતો, ભક્તોની અનુભૂતિપૂર્ણ વાણી એમાં છે. ભજન, નામસંકીર્તન, સત્સંગ એ પ્રભુની આરાધનામાં ઉપકારક છે.

પદ સંગ્રહમાંથી ઉત્તમોત્તમ કડીસમૂહો પર ભાવવિચાર એટલે 'પદપંક્તિ રસાસ્વાદ'. શ્રી સંતરામ મંદિર, કરમસદના જ્ઞાની સંત-મહંત રામદાસ મહારાજે આમાં સત્સંગ આસ્વાદ કરાવ્યો છે એ આનંદક્ષણ છે.

સત્સંગ-આસ્વાદનો મહિમા અનેરો છે, "નળમાં આવતા જળથી, કૂવાના જળથી, સરોવરના જળથી સ્નાન કરવાથી ક્ષણિક સુખ પ્રાપ્ત થાય છે, પરંતુ માનવ પોતાના મનના તીર્થમાં, જ્ઞાનસરોવરના ધ્યાનજળથી સ્નાન કરે તો તેને વિશેષ લાભ થાય." આવો સત્સંગ, પદ-આસ્વાદ એમાં અવગાહન કરવાથી આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક તાપ દૂર થાય.

કલિયુગમાં જ્ઞાન-યોગમાર્ગ મુશ્કેલ તેથી ભક્તિ-નામજપ દર્શાવતો સરળભાષાનો આ રસાસ્વાદબોધ સહુને ભક્તિમાં પ્રેરે એવી શુભભાવના.

નારાયણદાસ મહારાજ
મહંત : શ્રી સંતરામ મંદિર, નડિયાદ

# અનુક્રમણિકા


પ્રસ્તાવના : "જ્ઞાન માર્ગનો રણકો"....૫
"ભાવ ઉદ્‌બોધન"....૭
"પદસંગ્રહ - સંતરામ મંદિરનું આધ્યાત્મિક પુસ્તક"....૯
"ઈતિહાસની આરસીમાં ઉમરેઠ, જય મહારાજ અને પુનઃ નિર્માણ"....૧૨
હૃદયગુફાના નિવાસી....૩૩
પારસનું પૂર્ણ સ્વરૂપ....૩૪
સર્વ વ્યાપક હરિ ગુરુ....૩૬
ગરીબોના બેલી....૩૭
સંતરામ સબઘટ વાસા....૩૮
દયામૂર્તિ જય મહારાજ....૩૯
આત્મસુખનો સ્નેહ....૪૦
ભવબંધનના મુક્તિદાતા....૪૧
સુખનું ધામ સંતરામ....૪૨
શરણાગતનું શિરછત્ર....૪૩
અશરણનું શરણ....૪૪
વૃત્તિઓ ઠરવાનું ઠામ....૪૫
'જય મહારાજ'ની મહેર....૪૬
ગુરુકૃપા....૪૭
દેહ અવધિની વેળા....૪૮
ઝાલોને મારી બાંહ્ય....૪૯
તીર્થસ્વરૂપ 'જય મહારાજ'....૫૦
રહેજો લક્ષ્યમાં લાગી....૫૧
'જય મહારાજ'ના દર્શન....૫૨
ભક્તિની ભીનાશ....૫૩
સાચું શરણું....૫૪
સન્મુખ રહી અંતર્મુખ રાખજો....૫૫
અંતર્યામી....૫૬
ભીડભંજન જય મહારાજ....૫૭
મુનશા દેહ....૫૮
કરોડો અપરાધની ક્ષમા....૫૯
ચાર પુરુષાર્થના દાતા....૬૦
ચરાચર વ્યાપક....૬૧
મનની મોટી ખોડ....૬૨
જેનાં દર્શન કરતાં પાપ બળે....૬૩
ઘટમાં પ્રકાશ....૬૪
મનમાં મન સમાય....૬૫
સોહંગ હંસ....૬૯
રામરટણનો મંત્ર....૭૧
વચનગંગાના વારિ....૭૨
સર્વે અંગે વ્યાપી રહ્યા....૭૪
મન અમન....૭૫
આત્મદર્શન....૭૬
પ્રેમરસના પ્યાલા....૭૭
સદ્‌ગુરુ મોહે આન મિલે....૭૮
ભણતર બે અક્ષરનું....૭૯
એકાક્ષર આરાધના....૮૦
સુખસાગર લહેરી....૮૧
ગુરુ પૂરણધામ....૮૨
જ્ઞાનનો ગઢ....૮૩
ચરણરજનો દાસ....૮૪
મારા મનથી માનેલા મહારાજ....૮૬
વિચારી જુઓ....૮૭
અપરંપાર જીવનને જાણો....૮૮
શબ્દ સુરત અને મન....૮૯
વાસનાનું ઉનમૂલન....૯૧
આત્મદર્શન....૯૨
નાદાનુસંધાન....૯૪
પુણ્યનું પ્રાગટ્ય....૯૫
નિજ અનુભવ....૯૮
"શ્રી સંતરામ મહારાજના દર્શન"..૧૦૦
"વિશ્વ વંદ્ય અવધૂત શ્રી સંતરામ સ્તોત્રમ્"....૧૦૨
"શ્રી સંતરામ મંદિર, નડિયાદના પુનઃ નિર્માણની ગૌરવગાથા"....૧૦૬
"સુવિચાર યજ્ઞ"....૧૨૧
"ભગવત્‌ગીતા જ્ઞાન પ્રચાર યજ્ઞ"..૧૨૩
"શ્રી સતરામ જનસેવા ટ્રસ્ટ, નડિયાદની સેવાકીય પ્રવૃત્તિઓ"...૧૨૪

# જ્ઞાન માર્ગનો રણકો

ગુજરાતી જ્ઞાનમાર્ગી ધારાને ભારતના જુદા-જુદા પ્રદેશોની જ્ઞાનધારાના સંદર્ભમાં તપાસીએ ત્યારે ખ્યાલમાં આવે છે કે ગુજરાતની જ્ઞાનમાર્ગી ધારાનાં પ્રેરક અને પોષક પરિબળો ભારતની જ્ઞાનમાર્ગી ધારાથી જુદાં નથી. હિંદુ ધર્મના ચેતનને, એના પ્રાણતત્ત્વને ટકાવી રાખવામાં-જીવંત રાખવામાં જ્ઞાનમાર્ગી સંતોનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

આત્મતત્ત્વનો અનુભવ વાણીમાં વ્યક્ત કરવો મુશ્કેલ છે, કારણ કે એ વર્ણનાતીત, શબ્દાતીત છે. આવા અનુભવીની દશા તો પેલા સુંદર સ્વપ્ન આવ્યું હોય એવા ગૂંગા માણસના જેવી છે. પરંતુ આત્મજ્ઞાની સદ્ગુરુ આવી અનુભવવાણીને સાવ સહજ, સરળ રીતે પદો રૂપે ગાઈ શકે છે. ભગવાન દત્તાત્રેયના અંશાવતાર, આદ્યપુરુષ યોગીરાજ શ્રી સંતરામ મહારાજ પણ આવા જ એક જ્ઞાનપરંપરાના સિદ્ધ સંત હતા. આજથી વર્ષો અગાઉ સૂરત પાસેના વરાડ ગામેથી નીકળી, વિચરતાં-વિચરતાં નડિયાદ આવી, 'જનસેવા એ જ પ્રભુસેવા'નું સૂત્ર લોકહૃદયમાં પ્રસ્થાપિત કરી, જીવિત સમાધિ થકી શરીરલીલા સંકેલી લેનાર આ યોગીરાજ તો રમતા યોગી હતા. એમના કંઠેથી સહજભાવે નીકળેલા પદો વેદાંતનો સાર ટૂંકમાં સમજાવી જાય તેવા સૂત્રાત્મક હતા. નરસિંહ મહેતા આપણને 'નિરખને ગગનમાં, કોણ ઘૂમી રહ્યો' એમ કહે, તો આપણા જય મહારાજ ગાય છે.....

'જોગમણિ જુઓને ઘટમાં રે
વાજાં વાગે છે મઠમાં રે
નિરંતર નિરખોને પટમાં રે'

જય મહારાજના આ પદોમાં આત્મતત્ત્વના ગહન અનુભવને વ્યક્ત કરવા માટે અસમર્થ વાણીને પણ અભિવ્યક્તિના માધ્યમ તરીકે પળોટી છે. વળી એમાં લોકજીવનના શ્રદ્ધાછોડને સરકી ન જાય એવી ભૂમિમાં રોપી આપવાનું કામ પણ કર્યું છે. બંધિયાર જીવનપ્રવાહને વહેવડાવવાનું અને સંપ્રદાયોના કિલ્લાઓમાંથી બહાર આવી દઢ અવાજે પડકાર કરીને, તત્ત્વની સૂઝ આપવાનું કપરું કામ આ પદોમાં થયું છે.



આવી તત્ત્વમૂલક વિષયસામગ્રીને પદોમાં ઢાળીને ગાઈ છે. 'પદ' એ મધ્યકાળના ભક્તિ સાહિત્યનું સહુથી લોકપ્રિય સ્વરૂપ રહ્યું છે, કારણ કે એમાં લાગણી ખૂબ પ્રવાહી હોય છે. એ મુક્તક કરતાં મોટો અને આખ્યાન કરતાં નાનો એવો કાવ્યપ્રકાર છે. વળી ઊર્મિકાવ્યના એક પ્રકાર તરીકે પણ પદને ઓળખવામાં આવે છે. પદનું ઉત્પત્તિસ્થાન જ ઊર્મિ છે. આ ઊર્મિ પદમાં બે રીતે રજૂઆત પામે છે, (૧) પ્રેમલક્ષણ ભક્તિરૂપે, (૨) ઉપદેશાત્મકરૂપે. શ્રી સંતરામ મહારાજના પદોમાં આ બીજા પ્રકારની ભાવઊર્મિ રહેલી છે.

શ્રી સંતરામ મંદિર, કરમસદમાં મહંતપદે બીરાજેલા પૂ. શ્રી રામદાસજી મહારાજે અવધૂત મહારાજના પદોમાંથી કેટલીક ચિંતનાત્મક કંડીકાઓનું ભાવવિવરણ આ પદપંક્તિ રસાસ્વાદમાં મૂક્યું છે. પૂ. રામદાસજી મહારાજ બાલ્યવયથી જ ગુરુ રંગે રંગાયેલા છે. વળી, જ્ઞાનમાર્ગી સંતપરંપરાના એ અભ્યાસી પણ ખરાં. આથી આ પદોને ભાવભક્તિથી સમજવાનો તથા સમજાવવાનો શ્રેષ્ઠ પ્રયત્ન તેમના વિના બીજું કોણ કરી શકે? મૂળમાં ગુરુ મહારાજના સંસ્કારો, જ્ઞાન-ભક્તિની પ્રકૃતિ તથા જનસેવા અને સાચા અભ્યાસની પ્રવૃત્તિ, એ ત્રણ તત્ત્વોએ પૂ. રામ મહારાજનો સંતપિંડ ઘડ્યો છે. આથી એમની બાની સરળ હોવા છતાં તત્ત્વજ્ઞાનની ઊંચી પીઠીકાની ફરવાળી અનુભવાય છે. પદ સંગ્રહના પદોમાં જે સુંદર ભાવો સમાયેલા છે, તેને અંતરના ઉમળકાથી વ્યક્ત કરવામાં તેમની શૈલી પૂરેપૂરી સફળ નીવડી છે. આ રસાસ્વાદની વિશેષતા એ છે કે એ કોઈ અબૂધ-અજ્ઞાનીને પણ સ્પર્શે અને જ્ઞાનીને પણ સ્પર્શે. આવી બે ધરા ઉપર ચાલતો આ રસાસ્વાદ પ્રત્યેક ભાવકને સાચાઅર્થમાં રસાનુભૂતિ કરાવી રહે છે. દિવ્ય અખંડજ્યોતિ સ્વરૂપ શ્રી સંતરામ મહારાજના પદો અને એ પદોનું ભાવવિવરણ સહુ કોઈના ચિત્તને 'બ્રહ્માનંદસહોદર' બક્ષે એ જ શુભભાવના.

આ રસાસ્વાદના સર્જનમાં પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી (પૂ.દાદાજી)નું માર્ગદર્શન સતત મળતું રહ્યું છે. આચાર્ય વિષ્ણુપ્રકાશજી, સંત બહેન ૐકારાનંદજી તથા પ્રા. વ્રજેશભાઈનો અથાગ પરિશ્રમ પણ ખૂબ કામે લાગ્યો છે. આ આનંદક્ષણે આવા સથવારાઓની પણ સાનંદ નોંધ લેવી ઘટે.

**- પ્રા. હસિત હ. મહેતા.**

# ભાવ ઉદ્‌બોધન

પુણ્યશ્લોક દત્તાત્રેયાવતાર શ્રી સંતરામ મહારાજના સાન્નિધ્યથી જે જે અનુભૂતિ શ્રી લક્ષ્મણદાસ મહારાજ તથા અન્ય સંતો અને ભક્તોને થઈ તે 'પદ સંગ્રહ' નામના ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલ છે. તેમાંની જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી સભર ભાવપૂર્ણ પદપંક્તિઓનાં રસાસ્વાદનથી જે સ્પંદનો જાગ્યાં તેને સ્વાભાવિક રીતે સ્વપ્રસન્નતા માટે ગુરુસેવા, ગુરુભક્તિ અને ગુરુજ્ઞાનને શ્રી રામદાસજી મહારાજે અમૃતમય વાણીમાં સહજ રીતે પ્રવાહિત કર્યાં છે.

શ્રી રામદાસજી મહારાજ બાલ્યવયથી જ ગુરુ રંગે રંગાયેલા. શાળામાં, કોલેજમાં ભણતા, પણ ગુરુસેવા સતત ચાલુ જ રહી. શ્રી ગુરુસેવાના પ્રભાવે શ્રી ગુરુદેવ પાસે દીક્ષા લેવાની ભાવના થઈ. ગુરુકૃપાથી આંતર્દૃષ્ટિ મળી. મન અમન થયું. ઉલટ સુલટ ભઈ. આત્માનુભૂતિના આનંદમાં તરબોળ થયા. શ્રી ગુરુકૃપાના અપાર મહિમાનું દર્શન થયું. ગુરુગમથી સિદ્ધિ મળી. આત્મા-પરમાત્મા અને ગુરુદેવ એક જ બ્રહ્મરસ છે એવું દર્શન થયું. સ્વ-સ્વરૂપના સાક્ષાત્કારથી આનંદવિભોર થયા.

હૃદયમાં ગુરુગાન અને સ્તવન ઉભરાવા લાગ્યા. શ્રી ગુરુદેવ ભવસાગરમાં સુખસાગરનું દર્શન કરાવે છે. સંસારની મિથ્યા ભ્રમણા શમાવે છે. સંસારની જંજાળમાંથી છૂટવા મથતા, શરણે આવેલા જીવને ઉગારે છે. ત્રિવિધ તાપને શમાવે છે. ઉપદેશ અને સાધન દ્વારા તેનો વિકાસ સધાવે છે. ફલતઃ શિષ્યને "પારસમણિ" નહિ પણ "કૌસ્તુભમણિ" બનાવે છે. તેથી ભગવાન પણ એને હૈયામાં ધારણ કરે છે.

આ આનંદથી હૃદય આર્દ્ર બન્યું અને એ આર્દ્રતામાંથી જ જન્મી સુંદર પદાવલિઓ. આમેય કહેવાય છે કે,

**મહાજનસ્ય સંસર્ગઃ કસ્ય ન ઉન્નતિ કારકઃ ।**
**પદ્મપત્રસ્થિતં તોયં, ધત્તે મુક્તા ફલશ્રિયમ્ ॥**



ઉત્તમ પુરુષોના સંસર્ગથી ઉન્નતિ ન થાય? કમળના પત્ર ઉપર પડેલું પાણીનું ટીપું મોતી જેવી શોભા ધારણ કરે છે. પૂ. રામદાસજી મહારાજની પ્રતિભાને યોગીરાજ અવધૂત મહારાજના શુભાશીર્વાદ સાંપડ્યા જેના સુફળરૂપે આ 'પદપંક્તિ રસાસ્વાદ'નો જન્મ થયો છે.

આ સુરમ્ય પદાવલિ અન્યને પણ પ્રેરણા આપે તે અર્થે પ્રસિદ્ધ કરવામાં આવી છે, તે પણ ઉત્તમ કાર્ય થયું છે. શ્રી રામદાસજી મહારાજ પણ પોતાના શિષ્યવૃંદને ભાવપ્રવાહ વહેવરાવી સદા ઉપકૃત કરતા રહે એવી સદ્‌ભાવના સહ.

**આચાર્ય વિષ્ણુપ્રકાશ**
આચાર્ય, કૈલાસ બ્રહ્મ વિદ્યાપીઠ
'કૈલાસ' સંન્યાસાશ્રમ. ઋષીકેશ (ઉત્તરાંચલ)

**સદ્‌ગુરુ અને ઈશ્વરતત્ત્વ એક જ છે. પરમાત્મા સર્વવ્યાપક છે તેમ સદ્‌ગુરુદેવ સર્વવ્યાપક છે. સર્વવ્યાપકને શોધવાની જરૂર નથી; સર્વવ્યાપકનો અનુભવ કરવા માટે લાયક થવાની જરૂર છે. સદ્‌ગુરુદેવ સર્વકાળ, સર્વ ઠેકાણે બિરાજેલા છે. સંતો અમર છે. કાળના કાળ પરમાત્મા સાથે પ્રેમ કરે છે, તે સાધુસંતોને કાળ મારી શકે નહિ. જેટલા સંતો થયા છે તે આજે પણ વિરાજમાન છે. આપણે લાયક થઈશું ત્યારે પરમાત્મા એમનાં દર્શન કરાવશે. જેને પરમાત્માનાં દર્શન કરવાની આતુરતા જાગે છે, તેને ભગવાન સદ્‌ગુરુ મેળવી જ આપે છે. સદ્‌ગુરુ સદ્‌શિષ્યને શોધે છે. અધિકાર સિદ્ધ થયા પછી સદ્‌શિષ્ય પાસે પરમાત્મા જ સદ્‌ગુરુરૂપે મળવા આવે છે.**

**ઉપનિષદમાં કહ્યું છે કે, 'માતૃવાન્ પિતૃવાન્ આચાર્યવાન્-પુરુષો વેદઃ' જેને યોગ્ય મા-બાપ, ગુરુ મળ્યા હોય તેને જ શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત થાય. ભગવાન દત્તાત્રેયને આવા માતા-પિતા પ્રાપ્ત થયા હતા, ભગવાન દત્તાત્રેયનાં માતા-પિતા હતા અત્રિ ઋષિ અને મહાસતી અનસૂયા. ત્રણ ગુણોને ઓળંગી, નિર્ગુણ પરમાત્મા સાથે સંબંધ જોડી રાખે તેને અત્રિ કહે છે. બુદ્ધિમાં જ્યાં સુધી અસૂયા હશે ત્યાં સુધી તે ઈશ્વરનું ચિંતન કરી શકશે નહિ. મનમાં અસૂયા રાખશો નહિ. મનમાં રહેતી અસૂયાને કાઢશો તો પરમાત્માનું સ્વરૂપ મનમાં આવશે. ભાઈને માટે, મિત્રને માટે, અરે! જગતના કોઈ પણ જીવને માટે જ્યાં સુધી અસૂયા છે-ત્યાં સુધી બુદ્ધિમાં ભગવદ્‌પ્રેમ થતો નથી. જીવ અત્રિ થાય તો તેની બુદ્ધિ અનસૂયા બને.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# પદસંગ્રહ - સંતરામ મંદિરનું આધ્યાત્મિક પુસ્તક

સમાધિસ્થાનમાં સંધ્યા આરતીના ટાણે જુદા જુદા ભજનો આ પુસ્તકમાંથી ગવાય છે. સાવ અજાણ્યા હોય અને સાંભળે તો પહેલાં ઘણા ખરા શબ્દો નવા લાગે. કદાચ કોઈ સમજુ હોય તો શબ્દાર્થ પકડી શકે, પણ આ પદોમાં રહેલા ગૂઢાર્થભાવ તો ત્યારે જ સમજાય કે જય મહારાજની મહત્તમ કૃપા ઉતરે. એવા જીવોને એની સત્યતાનું ભાન થાય. એના હૃદયમાં પ્રવેશ કરી મન-વાણી રૂપે એ જ વિસ્તાર કરાવે ત્યારે કંઈક એમાંથી મેળવી શકાય. આવા પદોમાં કેટલાંક સંતરામ મહારાજે નિજ શિષ્યોને, ભક્તોને, સાધકોને ઉપદેશરૂપે કહ્યા છે. કેટલાક ભજનો પરંપરાગત થયેલા સંતોએ લખેલા છે. કેટલાક ભક્તોએ પોતાના અનુભવરૂપે રચેલાં છે.

સકલ શાસ્ત્રનો નિચોડ અનુભવયુક્ત પદમાં ટૂંકમાં આપી જે કહેવાનું છે તે કહી દીધું છે. અધિકાર પરત્વે જુદો જુદો બોધ અપાયો છે, છતાં જેના મનની જે સમસ્યા હોય તેનો જવાબ આજે પણ એનું મનન ચિંતન કરતાં મળી રહે છે. સમજવાની દૃષ્ટિ ગુરુ મહારાજની અહેતુકી કૃપાથી ખૂલે તો ઘણું બધું મુમુક્ષુજીવ મેળવી શકે. સાધના પંથના પ્રવાસીઓને ક્યાં કેવી ગૂંચવણો ઊભી થાય છે. તેનું શું સમાધાન તે એમાંથી મળી રહે છે. શ્રીમદ્ ભાગવત જેમ સમાધિ ભાષાનો ગ્રંથ છે. રામાયણની ચોપાઈઓ કે ગીતાના શ્લોકો, વેદ-ઉપનિષદના ગૂઢાર્થથી ભરેલા છે. તેમ આ નાનકડા લગતા ભજનગ્રંથના સંગ્રહરૂપે સારયુક્ત છતાં ટૂંકમાં અષ્ટાંગયોગ, ભક્તિયોગ, સાંખ્યયોગ, જ્ઞાનયોગ બધાનો નિચોડ આપ્યો છે.

કેટલાક સમાધિ ભાષાના શબ્દો જે ક્યારેય સાંભળવામાં ન આવ્યા હોય, સરત-નરત, ભ્રમરગુફા, ઉન્મનિ અવસ્થા, આની પાછળ પણ ઊંડું રહસ્ય સમાયેલું છે. ધ્યાન દઈને સાંભળવાથી પણ અંતરમાં



શાંતિનો અનુભવ થાય છે. કહ્યા પ્રમાણે આચરણમાં ઉતારવા પ્રયત્ન કરનારને તે આશીર્વાદ પ્રદાન કરી રહે છે. આ બધાંની પાછળ અલખ નિરંજન અલગારી અવધૂત જય મહારાજની સંકલ્પ શક્તિનું જ બળ છે. સાધકો માટે ઉપદેશ ઘણો ઉપયોગી છે. ગુરુ મહારાજને સંબોધન કેવાં સરસ! સુખસાગરજી, બાવા વિદેહી, સતગુરુ સંતરામ મહારાજ. શિષ્યો પણ કેવા વિનમ્ર. દાસનાય દાસ, એ ભાવમાં ઝૂકી જનાર. ફળથી લચેલું વૃક્ષ જેમ ઝૂકી જાય તેમ અનુભવ દશામાં ડુબીને પરમાત્મા સાથે એકરસ બની સંતોની સામે ઝૂકી જાય. જરાપણ સૂક્ષ્મ અહંનો અંકુર જ નહીં.

આરતીના અર્થો તો સાધનાવસ્થાના પગથીયાંથી શરૂ કરી અનુભવ અવસ્થા સુધીનું માર્ગદર્શન પુરું પાડે છે. સંતરામ મહારાજના સમકાલીન એવા સંતોએ પણ અનુભવ કરી પદ લખ્યાં હશે તેને પણ એમાં આવરી લીધાં છે. કેવો સુંદર ઉપદેશ આપ્યો છે. જેની કલ્પના પણ ન કરી શકાય. વેદાંતનો સાર ટૂંકમાં સમજાવી જાય સૂત્રાત્મક રૂપે. એકનું એક પદ અનેકવાર ગાવા, સાંભળવામાં વિવિધ રસાસ્વાદનું અનુસંધાન જુદીજુદી રીતે થયા જ કરે છે. કોઈ ક્ષણે એના અર્થ જુદા જ સમજમાં આવી જાય. ભજન કોઈ ભાવથી ગાતું હોય ને સાંભળો તો જાણે એટલા સમય જગતના ભાવોથી ઉપરામ જરૂર થાય જ. ક્યાંક દુઃખના વાદળો ઘેરાયાં હોય તેમાં પણ સુખનો પ્રકાશ થાય. ક્યારેક ધ્યાનાવસ્થા માટે પ્રયત્ન કરી મથીમથીને થાકી જાવ છતાં ન મળે એવી અવસ્થા ક્ષણભર માટે વિના પ્રયત્ને ગુરુ મહારાજના સાન્નિધ્યમાં પદ ગવાતા હોય ત્યારે મળે. સંતરામ સ્તોત્રો આપ્યા છે, તેનો કહ્યા મુજબ પાઠ કરે, જેમકે એક જ સ્તોત્ર પ્રાતઃકાલે, મધ્યાહ્ને, સાયંકાલેને, નિશીથકાળે ચાર સમય જુદા જુદા હેતુ માટે પાઠ કરનારને તેનું ફળ આજે પણ પ્રત્યક્ષ મળતું અનુભવાય છે.

ગુરુકવચના પાઠ કરવાથી તનની-મનની રક્ષા ગુરુ મહારાજ કરે જ છે. પાદુકા સ્તવનનો પાઠ કરવાથી તેમાં કહ્યા પ્રમાણે તે પણ ફળ ગુરુ મહારાજ આપે છે. ગુરુબાવનીનો પણ પાઠ કરવાથી, એના

અનુસંધાન વડે સુરત શબ્દયોગમાં પ્રવેશ મળે છે. કોઈપણ ફળની ઈચ્છાથી રહિત નિષ્કામભાવે પાઠ કરનારને ગુરુ મહારાજ પોતાના સ્વરૂપના દર્શન કરાવી જ્ઞાન-વૈરાગ્ય ભક્તિ પ્રગટ કરે છે. સંતોએ ખરેખર ઘણો ઉપકાર કર્યો છે. જગતના જીવો માટે મનને ઠરવાનું ઠામ બતાવ્યું છે. ક્યારેક તો ગુરુ મહારાજના સાન્નિધ્યમાં અખંડજ્યોતિ સન્મુખ બેસી પદો ભાવમય ગવાતા હોય ત્યારે જય મહારાજ અવધૂત સૂક્ષ્મરૂપે આવીને ભક્તોના હૃદયના ભાવને સાંભળતા હોય છે. તેવા સમયે કોઈકોઈ અધિકારી ભક્તોને પણ હૃદયમાં જય મહારાજ પધાર્યાનો અનુભવ થાય છે.

ચતુર્વિધ પુરુષાર્થ ધર્મ-અર્થ-કામ-મોક્ષને સિદ્ધ કરવાવાળું પદ સંગ્રહ ખરેખર ખૂબ જ સરસ, સારગ્રાહી સંતરામ મહારાજની અમૂલી મૂડી છે. એનું મંથન કરી એમાંથી નવનીત મેળવી લેવાનું છે.

**રામદાસ મહારાજ**

મહંત : શ્રી સંતરામ મંદિર, કરમસદ.

**ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ છે. સદ્‌ગુરુ શિષ્યને નવો જન્મ આપે છે. દીક્ષા-કૃપાથી શિષ્ય નવો જન્મ ધારણ કરે છે. શિક્ષણથી માનવમાં માનવતા પ્રગટે છે. દીક્ષા માનવને દેવ બનાવે છે. જ્યાં સુધી સંત-કૃપા ન થાય ત્યાં સુધી માનવ પશુ જેવો છે. શરીરનું સુખ એ જ મારું સુખ એમ તો પશુ પણ માને છે. સત્કર્મ કરવાથી, સત્સંગ કરવાથી સ્વભાવ સુધરે. બગડેલો સ્વભાવ જ માનવને દુઃખ આપે છે. પરમાત્માનાં દર્શનની ઈચ્છા અને સાધના જ સ્વભાવ સુધારે, પાપ છોડાવે, જીવન પવિત્ર બનાવે. ગુરુદેવ શિષ્યને સાચો માર્ગ બતાવે છે અને બુદ્ધિ સુધારે છે. ગુરુદેવ સંપત્તિ નહિ, સન્મતિ આપે છે. જન્મથી જ જીવ ઈશ્વરનો અંશ છે અને મર્યા પછી પણ તેનો જ અંશ છે.**

**મન ન સુધરે, પાપ ન છૂટે, પ્રભુનાં દર્શન ન થાય તો સદ્‌ગુરુ શિષ્યના ઋણી બને છે. ગુરુની જવાબદારી શિષ્યનું કલ્યાણ કરવાની છે. સંતો ભગવદ્-ઈચ્છાથી ભગવદ્‌કાર્ય માટે જીવે છે. ગુરુ-શિષ્યનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



## ઈતિહાસની આરસીમાં

# ઉમરેઠ, જય મહારાજ અને પુનઃ નિર્માણ

### ઉમરેઠની તવારીખ :

'ઉભરડા', 'ઉમાપુરી', 'ઉમરાષ્ટ્ર', 'ઉમાક્ષેત્ર', 'ઉદુમ્બર', 'ઉમરાવતી', 'ઉમરાપુરી' આવા એકાધિક નામોથી ઓળખાતું 'ઉમરેઠ' ગામ પોતાનો અલગ-આગવો ઈતિહાસ ધરાવે છે. ચીની મુસાફર હ્યુ એન સાંગે એના પ્રવાસ વર્ણનમાં પણ ઉમરેઠનો ઉલ્લેખ 'બ્રહ્મપુરી' નામથી કર્યો છે. 'ચરોતરનો ઉંબરો ઉમરેઠ' એવી લોકોક્તિથી જાણીતા આ ગામની સ્થાપના વિક્રમ સંવત ૫૫૫, એટલે કે ઈ.સ. ૪૯૯માં લેઉવા પાટીદાર જહા પટેલે કરી હોવાનું મનાય છે. ગામના મૂળેશ્વર મહાદેવની આસપાસ સહુ પહેલાં વસ્તી વસી હતી. ઈ.સ. ૭૪૬ થી ઈ.સ. ૧૨૯૭ સુધીમાં ઉમરેઠમાં ૫૦૦ ઘર બંધાયા હતા. ઈ.સ. ૧૨૯૭ થી ઉમરેઠ ઉપર ઈસ્લામ યુગના કાઝી મુસલમાનોનો અમલ હતો, ત્યારબાદ પેશ્વાઓ અને છેલ્લે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રાજમાં અંગ્રેજોએ ઉમરેઠનું શાસન ચલાવ્યું હતું.

સંવત ૧૨૧૨માં અમદાવાદ, ખંભાત વગેરેથી લેઉવા પાટીદાર ઉમરેઠ આવીને વસ્યા. સાથોસાથ સુથાર તથા લુહાર પણ આવ્યા. પરંતુ વિક્રમ સંવત ૧૫૦૦ (ઈ.સ. ૧૪૪૪)થી અહીં બાજ ખેડાવાળ બ્રાહ્મણો આવીને વસવા માંડ્યા. ધીમે-ધીમે તેમની વસ્તી વધતી ગઈ. આ સમયે ઉમરેઠમાં ઘણી અંધાધૂધી પ્રવર્તતી હતી, પરંતુ પોતાની ચતુરાઈ અને વીરતાના પ્રતાપે આ બ્રાહ્મણોએ ઉમરેઠને અંધાધૂધીમાંથી મુક્ત કર્યું. ત્યારથી આજ લગી ઉમરેઠ બાજ ખેડાવાળ બ્રાહ્મણો માટે પાટનગર સમુ બની રહ્યું છે.

ધર્મસ્થાનો, વિદ્યાસ્થાનો, શિલ્પકળાથી સોહામણા ભવનો અને ઐતિહાસિક સ્થાપત્યોથી શોભતું ઉમરેઠ અનેક સંતો, મહંતો અને વિભૂતિઓનું યજમાન બની ચૂક્યું છે. ઉમરેઠના આંગણે પધારેલા મહાનુભાવોની યાદી જોઈએ તો ચકિત થઈ જવાય. સિદ્ધરાજ જયસિંહની

માતા મીનળદેવી, જેમણે અહીં આવી ભદ્રકાળીની વાવ બંધાવી. ગુર્જર નરેશ સિદ્ધરાજે અહીં મૂળેશ્વર મહાદેવ, અષ્ટભૈરવ તથા બભ્રુવાહનની સ્થાપના કરી. ભક્ત બોડાણાએ દ્વારકાથી ડાકોર જતાં ઉમરેઠ મુકામ કર્યો હતો. ભગવાન શ્રી ચૈતન્યદેવે પણ ગામના જાગનાથ મહાદેવ નજીક નિવાસ કરેલો. સ્વામીનારાયણ સંપ્રદાયના શ્રી સહજાનંદ સ્વામી મહારાજ પણ ઉમરેઠમાં સાત વખત પધાર્યાં હતાં. ભક્ત કવિ નરસિંહ મહેતા, તેમના એક શિષ્ય વિષ્ણુદાસ, શ્રી એકનાથજી મહારાજ, ભક્ત કવિયિત્રી મીરાંબાઈ, વૈશ્ય કવિ નાકર, વિદ્યાતીર્થ સ્વામી, દ્વારકાના શંકરાચાર્યજી, મોગલ બાદશાહ જહાંગીર અને સુખસાગર સંતરામ મહારાજ... આવા તો અનેક પુણ્યાત્માઓએ આ ભૂમિને પવિત્ર કરી છે.

## સંતરામ મહારાજનું આગમન :

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજ દત્તાત્રેય સ્વરૂપ છે. તેમના બ્રહ્મરન્ધ્રમાંથી પ્રગટેલી જ્ઞાનજ્યોતિનો પવિત્ર મહિમા છે. અખંડજ્યોતિ સ્વરૂપે આજે પણ બિરાજમાન આ પ્રભુ વિચરણ કરતાં-કરતાં સુરત અને વરાડ થઈ તાપી કિનારેથી પાદરા પહોંચ્યા. પાદરાથી વડોદરા અને વડોદરાથી વાંકાનેર મહીસાગરને કિનારે-કિનારે થઈને ડાકોર-ઠાસરા રોડ પરના કાલસર ગામે ગયા. ત્યાંથી ડાકોર અને ડાકોરમાં ધ્યાનભંગ થતાં ઉમરેઠ પધારેલા. અવધૂતની ચરણરજથી ઉમરેઠ પુણ્યક્ષેત્ર બન્યું. અવધૂત મહારાજ તળાવના કિનારે એક વિશાળ વડલાની છાંયડીએ આસન જમાવી, ધૂણી ધખાવીને બિરાજ્યા. કોઈ સિદ્ધ સુખસાગર અવધૂતજી તળાવના કિનારે ઊતર્યાં છે એ વાત આખા ઉમરેઠમાં વાયુવેગે પ્રસરી ગઈ. કૂતુહલભાવ સાથે લોકો દોડી દોડીને દર્શનાર્થે ઉમટ્યાં. દિવસ ઢળવાના ગોધૂલીના સમયે એક સાત્ત્વિક બ્રાહ્મણ દર્શનાર્થે આવ્યો. એના હાથમાં ટેકણ માટેનો પાતળો-લાંબો પરોણો અને પરોણાની બરાબરી કરતો ઊંચાઈવાળો બ્રાહ્મણ એ આવ્યો, વંદન કર્યાં અને તેજસ્વી તપસ્વીનું તેજ જોઈને અભિમુખ થઈ રહ્યો. દંડવત્ પ્રણામ કરીને સન્મુખ બેસવાની આજ્ઞા મળવાની લાલચ સાથે એ ઉભો રહ્યો. નખશિખ ભૂદેવને જોઈને અવધૂતે પાસે બેસવાની આજ્ઞા આપી.



ભૂદેવે અવધૂતના ચરણોમાં ફળ અને ગો-દૂધ ધર્યાં. મોડી રાત સુધી ધર્મોપદેશ પામીને એ બ્રાહ્મણ ઘેર જવા નીકળ્યો તો ખરો, પણ એનું મન અવધૂતજીમાં પરોવાઈ ગયું. એ બ્રાહ્મણ બીજું કોઈ નહીં પણ પરમ ભક્ત નારણજી વ્યાસ. નારણજી વ્યાસ ગુરુ મહારાજના સેવાભાવી ભક્ત બન્યા. રોજ સવાર-સાંજ સંતચરણે જઈને બેસે અને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યનો ઉપદેશ મેળવે. તેમણે ગુરુ મહારાજને એક દિવસ પોતાને આંગણે પધારવા પ્રાર્થના કરી. સમયની અનુકૂળતાએ યોગીરાજજી નારણજી વ્યાસને ત્યાં પધાર્યા પણ ખરાં! નારણજી વ્યાસે ગુરુ મહારાજ પાસે ચરણોની સેવા માંગી. મહારાજે કૃપા કરીને તેમને ચરણોની પ્રસાદી રૂપે પાદુકા, ચાદર અને શિવલિંગ આપ્યું. નારણજી તો ધન્ય ધન્ય થઈ ગયા. ભિંજાયેલી આંખે અને ભક્તિરસ ઝરંત હૃદયે તેઓ ગુરુ મહારાજના ચરણોમાં ઢળી પડ્યાં. થોડીવાર પછી અવધૂતે વાંસે હાથ ફેરવી, શિર પર વરદ હસ્ત મૂકી, આશીર્વાદ આપી નારણજી વ્યાસને બેઠા કર્યાં ને પ્રેમથી વિદાય લઈ તળાવ કિનારે પોતાના આસને બિરાજ્યા. બડભાગી ઉમરેઠ ગામમાં અવધૂત મહારાજ ઘણાં દિવસો સુધી નિવાસ કરી, નડિયાદ તરફ ચાલ્યા. અવધૂત યોગીરાજ મહારાજે તો જીવનભર વિચરણ કરતાં-કરતાં જ ઈશ્વરની આરાધના કરી હતી. 'સાધુ તો ચલતા ભલા'ના ન્યાયે ઉમરેઠથી નીકળી નડિયાદ આવ્યા, જ્યાં તેમણે પોતાની શેષ શરીરલીલા સંકેલી લીધી હતી. પરંતુ ઉમરેઠના ભક્તજનોને જતાં-જતાં આશ્વાસન આપતાં કહેતા ગયા હતા કે તમે જરાય વ્યાકુળ ન થશો. તમને ફરીથી જરૂર સત્સંગનો લ્હાવો મળશે. હું તમારાથી કદીયે, ક્યાંય પણ દૂર જવાનો નથી. લગભગ સંવત ૧૮૨૮ થી ૧૮૩૦ની આસપાસનો આ સમયગાળો હશે.

## જય મહારાજનું સ્થાનક :

આદ્યપુરુષ અવધૂત શ્રી સંતરામ મહારાજે સંવત ૧૮૮૭માં નડિયાદના સ્થાનકમાં જીવિત સમાધિ લીધી. એ પછી એમના પટ્ટશિષ્ય પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજની હયાતીમાં પૂ. શ્રી ગંગારામજી મહારાજ અને પૂ. શ્રી ધ્યાનીજી મહારાજ નામના બે પરંપરાના સંતો

હતાં. પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ તો આકાશવૃત્તિ પર ગુરુનું સતત સાન્નિધ્ય માણતા હતા. ગુરુ મહારાજની આજ્ઞા મળી એટલે એમણે પૂ. શ્રી ગંગારામજી મહારાજને ઉમરેઠ જઈ ધ્યાન-ભજન કરવાની આજ્ઞા આપી. આમેય પૂ. શ્રી ગંગારામજી મહારાજે ઉમરેઠમાં ગુરુ મહારાજની પાદુકા, અખંડજ્યોતના દર્શન અગાઉ કર્યાં જ હતા. આથી તેઓ ઉમરેઠ જવાની આજ્ઞાથી ઘણાં ખુશ થયા. જાઓ અને ઉમરેઠમાં સુંદર, ભવ્ય મંદિર બનાવો એવા આશીર્વાદ સાથે પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજે પૂ. શ્રી ગંગારામજી મહારાજને સં. ૧૯૧૫માં ઉમરેઠ મોકલ્યા. આમ, પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજના શિષ્ય પૂ. શ્રી ગંગારામજી મહારાજ ઉમરેઠમાં પ્રથમ મહંત બન્યા. તેમણે ઉમરેઠ આવીને અવધૂત ગુરુ મહારાજના જ્યાં પાવન પગલાં હતાં ત્યાં સ્થાનક બનાવી ધૂણી ધખાવી. પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજની કલ્પના મુજબનું ભવ્ય-સુંદર મંદિર બનાવવાના નક્શા તૈયાર કરાવ્યા અને નડિયાદ આવી શ્રી લક્ષ્મણદાસજી મહારાજના આશીર્વાદ માંગ્યા. પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ તે જોઈને ખૂબ પ્રભાવિત થયા. ઉમરેઠની સાથોસાથ નડિયાદમાં પણ એવા જ આકારનું શિખરબંધી મંદિર બંધાય એવો વિચાર મૂક્યો. આમ, ઉમરેઠના મંદિર નિર્માણનો આકાર નડિયાદ કરતાં પ્રથમ સર્જાયો. પૂ. શ્રી ગંગારામજી મહારાજે ત્યાર પછી સં. ૧૯૫૨ સુધી ઉમરેઠમાં જ શેષજીવન ગુજાર્યું. નિરંતર પ્રભુ પરાયણ રહીને તેમણે અહીંથી જ ધ્યાન-ભજન-જ્ઞાનની સરવાણી રેલાવી હતી. તેમનું ઈશ્વરાનુસંધાન પણ રહેતું. તેઓ અચ્છા ભજનિક પણ હતાં. તેમનાં ભજનો, પદો, પદસંગ્રહમાં 'ગંગચરણ' ઉપનામથી છપાયા છે. વિરક્તિ ધારણ કરી પ્રભુમાર્ગના જીવનને અપનાવવાનો બોધ તેમની રચનાઓમાં ગવાયો છે. તે સમયમાં મંદિરની પછવાડે વાઘરી કોમનો વિસ્તાર હતો. એ કોમનો એક ભાઈ કાળી રાત્રે મંદિરમાં ચોરી કરવા પ્રવેશ્યો. ચોરી કરી પણ ખરી અને પ્રાતઃકાળ થતાં ભાગવા માંડ્યો. પણ ત્યાં તો ચમત્કાર થયો. તેને ક્યાંથી નીકળવું એ સમજાયું નહીં. દિશા શૂન્ય બની ગયો. અંતે પૂ. શ્રી ગંગારામજીના ચરણોમાં પડી માફી માંગી. આવી જ રીતે એક



ભક્ત ખેડૂત ગાડુ ભરીને કોળાં વેચવા બજારમાં આવતો હતો. ત્યારે તેનું ગાડુ કાદવ-કીચડમાં ખૂંપી ગયું. ખેડૂતે મનોમન મહારાજને યાદ કર્યા. ગાડુ કાદવમાંથી બહાર નીકળે તો ગાડામાંથી મોટામાં મોટું કોળુ મંદિરમાં જઈને ધરાવી આવશે એવી પ્રાર્થના કરી. તુરત જ ચમત્કાર થયો, મહારાજે મદદ કરી અને ગાડુ બહાર નીકળ્યું. ખેડૂત મહારાજનો ભક્ત ખરો, પણ સ્વભાવે લોભી હતો. તેની મનોવૃત્તિ બદલાઈ. મોટા કોળાંને બદલે નાનું કોળુ મહારાજને ચરણે ધર્યું. પૂ. શ્રી ગંગારામજી મહારાજ તો સિદ્ધ યોગી હતા. તુરત જ બોલ્યાં કે તેં તો મોટું કોળુ માન્યું હતું ને? તુરત જ લોભી ખેડૂત ચરણોમાં ઢળી પડ્યો અને મતિ સુધારી મહારાજનો પરમ ભક્ત બની રહ્યો. આવા હતા યોગસાધક પૂ. શ્રી ગંગારામજી મહારાજ.

સંવત ૧૯૫૨ થી ૧૯૭૬ સુધી શ્રી રામદાસજી મહારાજ ઉમરેઠ મંદિરના મહંતશ્રી તરીકે બિરાજમાન હતાં. તેમણે આજીવન મૌનવ્રત ધારણ કરેલું. તેઓ નિજાનંદની મસ્તીમાં રહેતાં અને એક જ વખત પોતાને હાથે ખીચડી રાંધીને જમતા. તેમના સમયમાં શ્રી જાનકીદાસજી મહારાજ પણ ઉમરેઠ મંદિરમાં છ માસ રહ્યાં હતાં. તેઓ યાત્રાર્થે બહાર નીકળ્યા. કાશી વિશ્વનાથ ગયા અને કાશીના પવિત્ર સ્થળમાં દેહત્યાગ કર્યો. તેમને ગંગામૈયામાં જ જળસમાધિ કરાવી હતી. એ પછી સં. ૧૯૭૬માં શ્રી ચેતનદાસજી મહારાજ મહંત તરીકે બિરાજમાન થયા. ત્યારબાદ શ્રી રામદાસજી (રાઘવમુનિ) મહારાજ મહંત બન્યા. તેમની તબિયત અસ્વસ્થ બનતાં તેઓ પહેલાં વડોદરા અને છેલ્લે નડિયાદ મંદિરમાં રહ્યાં હતાં. તેમના પછી પૂ. શ્રી આત્મારામજી મહારાજ, પૂ. શ્રી રામ મહારાજ, પૂ. શ્રી ગંગારામજી મહારાજ સ્થાનની પરંપરાના મહંતો બન્યા હતા. સંવત ૨૦૩૮, ઈ. સ. ૧૯૮૧માં પૂ. શ્રી ભરતદાસજી મહારાજ ઉમરેઠ મંદિરના આઠમા મહંત પદે બિરાજ્યાં. તેઓ કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલયના વેદાંતાચાર્ય હતા. કામકોટીના શંકરાચાર્યશ્રી તેમની ચાદરવિધિ પ્રસંગે હાજર રહ્યાં હતાં.

તેમણે મંદિરના પરિસરમાં જે ભાડુઆતો હતાં, દબાણો હતાં તેને સમજાવટથી, સૂઝ-બૂઝથી, ન્યાયિક રીતે ખસેડવા પ્રયત્નો આદર્યા. પરિણામે આજે મંદિરનો પરિસર વિશાળ અને રમણીય બની શક્યો. સંવત ૨૦૪૦માં વડોદરાના મહંત પૂ. શ્રી તુલસીદાસજી મહારાજ બ્રહ્મલીન થતાં પૂ. શ્રી ભરતદાસજી મહારાજ મહંત તરીકે વડોદરા ગયા. આ સમય દરમિયાન પૂ. ભરતદાસજી મહારાજે વડોદરા ઉપરાંત ઉમરેઠ મંદિરનું સેવાકાર્ય પણ સંભાળ્યું હતું. આથી સંવત ૨૦૪૩, સને ૧૯૮૬માં પૂ. શ્રી ગણેશદાસજી મહારાજ ઉમરેઠની ગાદી ઉપર નવમા મહંત તરીકે બિરાજમાન થયા. તેમની ચાદરવિધિ બ્રહ્મલીન પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

## ઉમરેઠ મંદિરની સાંપ્રત સેવાઓ :

મહંત શ્રી ગણેશદાસજી મહારાજનું બાળપણ છાત્ર તરીકે નડિયાદનાં સંતરામ મંદિરમાં જ વીત્યું હતું. તેમના માતા-પિતા પણ અતિ ધાર્મિક અને સંસ્કારી. તેમણે નડિયાદના સંતરામ મંદિરમાં નિવાસ કરીને મંદિરની સેવામાં નિજ જીવન ગુજાર્યું. પૂ. મહારાજશ્રીની નિશ્રામાં સંતશિક્ષા-દીક્ષા સાથે ચારિત્રિક ઘડતર પામી, શ્રી ગણેશદાસજી મહારાજ નામ ધારણ કરી તેઓ ઉમરેઠના સંતરામ મંદિરમાં નવમા મહંત તરીકે વરાયા હતાં. એક યુવા સંત ઉમરેઠની ગાદીએ બેસવાને કારણે તેમની વિધાયક રચનાત્મક પ્રવૃત્તિઓથી મોટી સંખ્યામાં હવે યુવાનો પણ શ્રી મંદિર તરફ આકર્ષાયાં. તેમનામાં ગુરુ મહારાજ પ્રત્યે અપાર શ્રદ્ધા અને ભક્તિભાવ પેદા થયો. યુવાવર્ગ નિયમિત રીતે દર્શનાર્થે આવવા લાગ્યો. પોષ સુદ પૂનમ એટલે ઉમરેઠ મંદિરનો સાકરવર્ષા વાળો વાર્ષિકોત્સવ. અર્થાત્ સામૈયો. આ ઉત્સવમાં હવે બહોળો ભક્ત સમુદાય જોડાવા લાગ્યો. હૈયે હૈયુ ચંપાય એવી મેદની વચ્ચે વર્ષમાં એકવાર થતી આરતી-પૂજા સાંજે ૫.૩૦ કલાકે યોજાય. વિવિધ વૈદીક યજ્ઞો, જ્ઞાનયજ્ઞો, શિબિરો પણ આવા અવસરો ઉપર અને પ્રસંગોપાત યોજાવા લાગી.



આ ઉપરાંત પૂ. શ્રી ગણેશદાસજી મહારાજે ભાવિક ભક્તોની સખાવત, પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના આશીર્વાદ-હૂંફ અને સહાય થકી મંદિરનાં વિવિધ ભવનોનાં પુનઃનિર્માણમાં પણ રસ દાખવી મંદિરનાં પરિસરની આખી સીકલ જ બદલી નાંખી. મુખ્ય મંદિરની ઉત્તરે આવેલ કલ્યાણ હોલનું બાંધકામ ઈ.સ. ૧૯૯૬માં તેમના માર્ગદર્શન હેઠળ થયું. આ જગ્યામાં પહેલાં ૩૦ વર્ષ જૂના ભાડુઆતની દાળની મીલ હતી. તેમની પાસેથી સૂઝબૂઝથી કબજો મેળવી ૧૮-૫-૯૫ એ કલ્યાણ હોલનું કામ શરૂ કરી દીધું હતું. ત્યારબાદ ગર્ભગૃહની દક્ષિણે આવેલ નારાયણ નિવાસનું બાંધકામ શરૂ કર્યું. બે માળના આ બાંધકામમાં નીચે સભામંડપ અને ઉપરના ભાગમાં ૧૪ રૂમો બંધાવી. સહુ પહેલાં ડીસેમ્બર-૧૯૯૬માં અને ત્યારબાદ ડીસેમ્બર-૧૯૯૭માં, એમ બે ભાગમાં આ બાંધકામ પૂર્ણ કર્યું. પછી ઈ.સ. ૧૯૯૯માં દાંતના દવાખાનાનું પુનઃનિર્માણ હાથ ધર્યું. આમ તો આ દવાખાનું છેક ૧૯૮૮થી કાર્યરત હતું, પરંતુ એને વધુ સગવડતાવાળુ અને નવા મશીનો દ્વારા અત્યાધુનિક કરવાનું કાર્ય તા.૧૭-૪-૧૯૯૯ એ પૂર્ણ થયું. ઈ.સ. ૨૦૦૦માં ગૌશાળાનું પુનઃનિર્માણ થયું. ગાયમાતાને પણ મચ્છર ન કરડે, તાપ ન લાગે તેવી લાગણી ધ્યાને ધરી અત્યાધુનિક બે માળની ગૌશાળા બનાવી. પૂર્વ દિશાએ ૩૦ વર્ષ જુના ભાડુઆતની પૌંઆ ફેક્ટરી હતી તે ખાલી કરાવી ત્યાં 'શિવ નિવાસ'નું નિર્માણ કર્યું. ઈ.સ. ૨૦૦૧ના મે મહિનામાં સંતો-મહંતોના ઉતારા માટે 'દેવ નિવાસ'નું બાંધકામ શરૂ કર્યું અને છ મહિનામાં જ પૂર્ણ કરી ડીસેમ્બર-૨૦૦૧માં તેને કાર્યરત પણ કર્યું.

ઉમરેઠ ડાકોરનું પ્રવેશદ્વાર ગણાય. આથી ડાકોરના ઠાકોરના દર્શનાર્થે પગપાળા જતાં હજારો-લાખો ભાવિકભક્તો ઉમરેઠના સંતરામ મંદિરમાં નિવાસ કરે, ભોજન કરે. આ ઉપરાંત પદયાત્રીઓના માર્ગમાં આવી માર્ગ ઉપર જ પૂર્ણિમાની આગલી રાત્રે, ચૌદશના દિવસે, પ્રત્યેક ભાવિક યાત્રી માટે ચ્હા-કોફી-નાસ્તો-આરામ-પ્રાથમિક સારવાર ઈત્યાદિ

જનસેવાનું આયોજન થવા માંડ્યું. પૂ. શ્રી નારાયણદાસજી મહારાજની આજ્ઞા, પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ અનેક શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આરોગ્ય વિષયક સેવાઓની અવિરત યાત્રા આરંભાઈ. સાચી કેળવણી અને ધર્મ સાહિત્યના સ્વાધ્યાયી પૂ. શ્રી ગણેશદાસજી મહારાજ વિવિધ સભાઓ, ઉદ્‌ઘાટનો, પ્રસંગોમાં જઈ આશીર્વાદ-જ્ઞાનસત્સંગથી જાગ્રત સંતના દર્શન કરાવે છે. સને ૧૯૮૬ની ૨૫મી જાન્યુઆરીના પવિત્ર દિવસે પૂ. શ્રી ગણેશદાસજી મહારાજે ઉમરેઠ મંદિરની ધૂરા સંભાળી ત્યારથી 'જન સેવા એ જ પ્રભુ સેવા'ના સૂત્રને ચરિતાર્થ કરતી અનેકવિધ પ્રવૃત્તિઓથી ઉમરેઠનું સંતરામ મંદિર ધમધમી રહ્યું છે. વળી તેઓ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના પ્રવાસે અવારનવાર જઈને સ્થાનિક સમુદાયમાં ભક્તિભાવ અને જનસેવાના સંસ્કારોનું સિંચન પણ કરે છે. આવો, આપણે પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના શુભાશીર્વાદથી ઉમરેઠ મંદિર દ્વારા ચાલતી વિધવિધ પ્રવૃત્તિઓની ઝાંખી કરીએ.

### ૧. ગૌશાળા :

અનેક વર્ષોથી શ્રી સંતરામ મંદિર, ઉમરેઠમાં ગૌશાળા કાર્યરત છે, પરંતુ નાની જગ્યાથી આ સેવા ખૂબ જ સીમિત હતી. જે પ્રાતઃસ્મરણીય પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજશ્રીની આજ્ઞા-શુભાશીર્વાદ અને આર્થિક સહયોગથી તા.૩-૧-૨૦૦૧ ના રોજ અદ્યતન તથા સુવિધાપૂર્ણ બનાવવામાં આવી. આ અદ્યતન અને સુવિધાપૂર્ણ બે માળની નવી ગૌશાળમાં કુલ ૩૦ ગાયોને રહેવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે.

### ૨. શ્રી સંતરામ પદયાત્રી સેવા ટ્રસ્ટ :

શ્રી સંતરામ પદયાત્રી સેવા ટ્રસ્ટ સને ૧૯૮૮થી ચાલે છે. આ ટ્રસ્ટ દ્વારા દર પૂનમે ડાકોર સ્થિત શ્રી રણછોડરાય ભગવાનના દર્શનાર્થે દૂર-દૂરથી પગપાળા પ્રવાસ કરી જે પદયાત્રી આવે છે તેઓને પૂરેપૂરા સેવાભાવ-આદરભાવથી વિના મૂલ્યે વિસામો, ચ્હા-નાસ્તો તેમજ ઈચ્છુક પદયાત્રીઓને ભોજન આપવામાં આવે છે. દર ચૌદશે લગભગ ૧૦



થી ૧૫ હજાર પદયાત્રીઓ વિસામો કરે છે. શ્રી સંતરામ મંદિરના યુવા ભક્તવૃંદ દ્વારા રાત્રે ૮-૩૦ થી સવારના ૪-૩૦ સુધી પદયાત્રિકોની સેવા નિઃસ્વાર્થ પણે કરવામાં આવે છે. આ રાત્રે પૂ. શ્રી ગણેશદાસજી મહારાજ ઉપસ્થિત રહી દરેક પદયાત્રીઓને શુભાશીર્વાદ પાઠવે છે.

### ૩. શ્રી સંતરામ અન્નક્ષેત્ર :

ડાકોર જતા દર્શનાર્થીઓ-પદયાત્રીઓ, સાધુ-સંતો પ્રવાસમાં નીકળેલા પ્રવાસીઓ, દૂરદૂરથી શ્રી સંતરામ મંદિરના દર્શને આવતાં દર્શનાર્થીઓ, દીન-દુઃખીયા, હોસ્પિટલમાં ઓપરેશન કરાવવા અથવા સારવાર અર્થે આવતા દર્દીઓને તથા તેઓની સાથે આવતાં એક બરદાસીને બપોરે અને રાત્રે બન્ને સમયે આ અન્નક્ષેત્રમાં ભોજન આપવાની સુંદર વ્યવસ્થા છે. ઉમરેઠ અને આજુબાજુના ગામડાઓનાં ખેડૂતો પ.પૂ. સંતરામ મહારાજ પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા હોવાથી તેઓના ખેતરમાં થતાં દરેક અનાજ, શાકભાજી વગેરે આ અન્નક્ષેત્રમાં દાન રૂપે આપતા હોય છે. દરરોજ બપોરે લગભગ ૨૫૦ થી ૩૦૦ અને રાત્રે ૧૫૦ થી ૨૦૦ વ્યક્તિઓ પ્રસાદરૂપે ભોજન લે છે.

### ૪. શ્રી સંતરામ હોસ્ટેલ :

છેલ્લા ૧૬ વર્ષથી એટલે કે સને ૧૯૮૬ થી ગરીબ-મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને રહેવા-જમવાનું, અભ્યાસ માટે નોટો-ચોપડીઓ, કપડાં વગેરે વિના મૂલ્યે આપવામાં આવે છે. પંચમહાલ, ખેડા, વડોદરા, આણંદ વગેરે જિલ્લાઓમાંથી દર વર્ષે ૨૫ (પચ્ચીસ) ગરીબ-મધ્યમ વર્ગના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ માટે રાખવામાં આવે છે. અત્યાર સુધીમાં ૪૫૦ થી ૫૦૦ વિદ્યાર્થીઓએ અત્રેની હોસ્ટેલમાં રહી ધર્મ સાથે શિક્ષણ પ્રાપ્ત કરેલ છે.

### ૫. અંત્યેષ્ઠી સંસ્કાર :

ઉમરેઠ અને આજુબાજુના ગામડાનાં વિસ્તારમાં કોઈ ગરીબ અથવા અજાણી વ્યક્તિ કે સાધુ-અભ્યાગત અવસાન પામે અને અંતિમક્રિયા કરનાર કોઈ ન હોય તો શ્રી સંતરામ મંદિરને જાણ કરવાથી તેની અંતિમક્રિયાની વ્યવસ્થા તથા કફન-લાકડાં વગેરે અત્રેથી વિના મૂલ્યે આપવામાં આવે છે.

## ૬. શ્રી સંતરામ મુક્તિધામ :

ઉમરેઠના ઓડ ગામને જોડતા માર્ગ ઉપર બદ્રીનાથ મંદિર પાસે એક જૂનું-જર્જરિત સ્મશાન ગૃહ આવેલું છે. જેનું સંચાલન સ્થાનિક સ્વરાજની સંસ્થા હસ્તક હતું. પરંતુ સને ૨૦૦૧માં પાલિકાએ એ સ્મશાન ગૃહ રૂા.૧/-ના ટોકન ભાડાથી ૯૯ વર્ષના પટ્ટે ઉમરેઠના સંતરામ મંદિરને આપ્યું. તાજેતરમાં મંદિર દ્વારા આ સ્મશાન ગૃહને અત્યાધુનિક સગવડોવાળુ બનાવ્યું છે. પુનઃનિર્માણ ઉત્સવ પ્રસંગે આ નવનિર્મિત 'શ્રી સંતરામ મુક્તિધામ'નો લોકાર્પણવિધિ યોજાશે.

## ૭. ધરતીકંપ સહાય :

તા.૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલ વિનાશક ધરતીકંપના કારણે કચ્છ-સૌરાષ્ટ્રનાં ઘણા ગામોમાં મકાનો પડી ગયા તથા ઘણા માણસો મરણ પામ્યાં. મકાનોની તારાજીના કારણે ખાવા-પીવાની, રહેવાની તથા અન્ય સામગ્રીના અભાવે અનેક કુટુંબો લાચાર બની ગયા. પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજશ્રીની આજ્ઞાથી ખાદ્ય સામગ્રી, અનાજ, તંબુ તથા જીવન જરૂરિયાતની વસ્તુઓ સાથે ભચાઉ ગામ પાસે અન્નક્ષેત્ર ખોલવામાં આવ્યું તથા અસરગ્રસ્તોની મુલાકાત લઈ તેમને તમામ જરૂરિયાતની સાધન સામગ્રી પૂરી પાડવામાં આવી. પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી મેડિકલ સાધન જેવું કે, પોર્ટેબલ એક્સ-રે મશીન પણ સેવા-સારવાર માટે મોકલી આપવામાં આવેલ છે. આ ઉપરાંત અંજાર તાલુકાનું નવાગામ પ.પૂ. મહારાજશ્રીએ પુનઃવસન માટે દત્તક લીધેલ છે. જેની વસ્તી આશરે ૨,૫૦૦ જેટલી છે અને તેમના પુનઃવસન માટે ૩૨૫ જેટલાં પાકા મકાન, સ્કૂલ, હોસ્પિટલ, કૉમ્યુનિટી હોલ તથા લાઈટ, ગટર, પાણીની સુવિધા સાથેનું ૩૦ એકર વિશાળ જમીનમાં નવું ગામ "**સંતરામ નગર**"નું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલુ છે.

## ૮. દુષ્કાળ સહાય :

પ.પૂ. મહંત શ્રી નારાયણદાસજી મહારાજની પ્રેરણા તથા માર્ગદર્શન હેઠળ શ્રી સંતરામ મંદિર તથા શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટ,



નડિયાદ દ્વારા મંદિરના સંતો તથા ભક્તવૃંદ મારફતે સને ૨૦૦૧ના એપ્રિલ તથા મે માસ દરમ્યાન ખેડા જિલ્લાના માતર, બાલાસિનોર, વિરપુર, કપડવંજ તથા નડિયાદ તાલુકાના કુલ્લે ૮૫ ગામોમાં ચાલતા રાહતકામોના સ્થળ ઉપર રૂબરૂ જઈ દુષ્કાળ પીડિતોને કુલ્લે ૧,૭૭,૪૯૫ કિલો બાજરી તથા ૬૯,૫૭૫ કિલો ચોખા તેમજ ૧૦,૭૪,૮૦૦ કિલો ઘાસનું મફત વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત સર્વોદય ગૌશાળા, જોરસિંહગઢ-જેસર રોડ, પાલીતાણા, કૃપાલુ સેવા સમાજ, ગોધરા તેમજ ભીલવાડા અને દાહોદ મુકામે અંદાજે ૧,૨૫,૦૦૦ કિલો લીલા-સૂકા ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે. જરૂરિયાતમંદોને હજુ પણ ઘાસનું વિતરણ કરવાનું ચાલુ છે.

## ૯. મંત્ર જાપ લિખિત જપયજ્ઞ :

શ્રી સંતરામ મંદિર, ઉમરેઠ નવનિર્માણ પ્રસંગ નિમિત્તે તા.૭-૫-૨૦૦૦ થી મંત્રજાપ લિખિત જપયજ્ઞ શરૂ કરેલ છે. આ મંત્ર-લેખન યજ્ઞ શ્રી સંતરામ મંદિરનો શિખર પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે. જે ભાઈ-બહેનો ૧૧ નોટબુકમાં સવા લાખ મંત્ર લખશે, તેમને આશીર્વાદાત્મક ચંદ્રક આપવામાં આવનાર છે. એક જ વ્યક્તિ સવા લાખ મંત્ર લખશે તો ચંદ્રક આપવામાં આવશે. અત્યાર સુધીમાં તા.૧૫-૧૨-૨૦૦૦ સુધીમાં કુલ ૭,૫૦૦ નંગ નોટો લખવા આપવામાં આવી છે. એમાંથી ૪,૫૦૦ નંગ નોટબુકો લખાઈને પરત આવી ગઈ છે. કુલ ૧૫૦૦ ભક્તોએ સવા લાખ મંત્ર લખ્યા છે. અત્યાર સુધીમાં કુલ પાંચ કરોડ, બાંસઠ લાખ અને પચાસ હજાર (૫,૬૨,૫૦,૦૦૦) મંત્રો લેખન થઈને જમા કરેલ છે. મંત્રની નોટો આપવા તથા લઈ જવા માટે શ્રી સંતરામ મંદિરમાં ઓફિસ આવેલી છે. સવારે ૭-૩૦ થી ૧૦-૦૦ અને સાંજે ૪-૦૦ થી ૭-૦૦ સુધી આપવામાં આવે છે. મંદિર પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા.૨૮-૧-૨૦૦૦ સુધી આ મંત્ર લેખન કરવામાં આવશે. ભક્તો વધુને વધુ મંત્ર લેખન કરે તેવી શ્રી ગણેશદાસ મહારાજની શુભભાવના છે.

## ૧૦. મૌખિક ગીતા જ્ઞાન સત્ર :

શ્રી સંતરામ મંદિર, ઉમરેઠમાં પ.પૂ. મહંત શ્રી નારાયણદાસજી મહારાજની આજ્ઞાથી, દર ઉનાળામાં ૧૫ દિવસ મૌખિક ગીતા જ્ઞાન સત્ર ચાલે છે. આ સત્રમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ગીતાજીનાં શ્લોકો મૌખિક કર્યા હોય તેઓ અહીં સવાર-સાંજ આવીને શિક્ષક ભાઈઓ સામે બોલે છે. વિદ્યાર્થી ભાઈઓ-બહેનો શ્લોકો મૌખિક બોલે તેના આશીર્વાદરૂપે નોટો-પેનો-પેન્સીલ-ચોપડા અને રોકડ રૂપિયા આપવામાં આવે છે. પ્રતિવર્ષ ઉનાળામાં ૧૫૦ થી ૨૦૦ વિદ્યાર્થીઓને આ રીતે ધર્મનું શિક્ષણ આપવામાં આવે છે.

## ૧૧. શ્રી વિષ્ણુસહસ્ત્ર નામ પાઠ :

પ.પૂ. શ્રી સંતરામ મહારાજના શુભાશીર્વાદથી તા.૧-૪-૧૯૯૪ થી રોજ રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ કલાક સુધી શ્રી વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરવામાં આવે છે. આ પાઠમાં પૂ. મહંત શ્રી ગણેશદાસજી મહારાજ જાતે બેસે છે. તેઓ શ્રી વિષ્ણુસહસ્ત્રનો પાઠ કરાવતાં હોય છે. આ પાઠમાં ૧૦૦ થી ૧૨૫ જેટલાં ભાઈ-બહેનો રોજ નિયમિત પાઠ કરવા ગામમાંથી આવે છે. આવી ધાર્મિક પ્રવૃત્તિ દ્વારા સમાજમાં મનની શાંતિ પ્રાપ્ત થાય એવી શુભ-ભાવના રહેલી છે.

## ૧૨. બી. ડી. પટેલ જનરલ હોસ્પિટલ :

ઉમરેઠ મુકામે બી. ડી. પટેલ જનરલ હોસ્પિટલ તા.૧૯-૬-૧૯૬૨ થી ઉમરેઠના સદગૃહસ્થશ્રીઓ ચલાવતા હતા. હોસ્પિટલની જગ્યા વિશાળ છે. વર્ષો સુધી તેની સેવાઓ ઉત્તમ પ્રકારે ચાલતી હતી. ઉમરેઠ અને આજુબાજુના લગભગ ચાલીસ ગામડાઓની પ્રજાએ આ હોસ્પિટલનો ખૂબ લાભ લીધો હતો, પરંતુ છેલ્લા થોડા વર્ષોથી આ હોસ્પિટલ ખૂબ જ આર્થિક સંકડામણમાં આવી પડી, હોસ્પિટલ ચલાવવા જરૂરી દવા-ઈન્જેકશન-સર્જીકલ વગેરે ચીજ વસ્તુઓની ઉપલબ્ધિ ઓછી થતી ગઈ, એ દર્દી વગર ખાલીખમ અને ભેંકાર બની ગઈ. બી. ડી. પટેલ જનરલ હોસ્પિટલનું ટ્રસ્ટી મંડળ અને



હોદ્દેદારોએ પ.પૂ. મહારાજશ્રીના ચરણોમાં આ હોસ્પિટલનું સુકાન સંચાલન સોંપી દેવા સંકલ્પ કરી, આ હોસ્પિટલને ફરીથી ગતિશીલ, ચેતનવંતી, ડૉક્ટરો અને દર્દીઓથી જીવંત બનાવવા વિનંતી કરી. મહંત શ્રી ગણેશદાસજી મહારાજે શ્રી સંતરામ મંદિર, નડિયાદ પ.પૂ. મહારાજશ્રી પાસે જઈ રજૂઆત કરીને તેમની આજ્ઞા મેળવવા સલાહ આપી. સાનુકૂળ દિવસ જોઈને બી. ડી. પટેલ જનરલ હોસ્પિટલ, ઉમરેઠના ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારો તથા અન્ય અગ્રણી સદ્‌ગૃહસ્થશ્રીઓ શ્રી સંતરામ મંદિર, નડિયાદમાં પ.પૂ. મહારાજશ્રી સમક્ષ રૂબરૂ આવ્યા. સાથે શ્રી સંતરામ મંદિર, ઉમરેઠનાં મહંત શ્રી ગણેશદાસજી મહારાજ પણ હતા, રજૂઆત થઈ, દર્દી-નારાયણની સેવા પ.પૂ. મહારાજશ્રીને પહેલેથી સ્પર્શેલી હતી. પૂજ્ય મહારાજશ્રીએ આવનાર પ્રતિનિધિ મંડળ સમક્ષ શ્રી સંતરામ મંદિર ઉમરેઠના પ્રવર્તમાન મહંત શ્રી ગણેશદાસજી મહારાજની સીધી દેખરેખ હેઠળ હોસ્પિટલનું સુકાન-સંચાલન સંભાળી લેવા સ્વીકાર કર્યો અને આવનાર પ્રતિનિધિ મંડળને સેવા-નિષ્ઠા સાથે સહયોગી બન્યા રહેવા જણાવ્યું. પ.પૂ. મહારાજશ્રીની ઉદારતાવાદી નીતિ, સેવામય અભિગમ, સેવાની શુદ્ધ પ્રવૃત્તિ અને સ્વચ્છ વહીવટ હોય તો, ધનના અભાવે કોઈ પ્રવૃત્તિ અટકતી નથી એવા ભાવ સાથે, પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના શુભાશીર્વાદ અને આર્થિક સહયોગે તા.૧-૯-૧૯૯૪ ના શુભ મુહૂર્ત જન્માષ્ટમીના દિવસે મહંત શ્રી ગણેશદાસજી મહારાજના ટ્રસ્ટીપણા હેઠળ હોસ્પિટલની સેવા પુનઃ ધમધમતી કરી. જાહેર જનતા માટે હોસ્પિટલમાં ઈનડોર વિભાગ, ઓ.પી.ડી. વિભાગ, ઓપરેશન થિયેટર, સ્પેશ્યલ રૂમો, ગાયનેકોલોજીસ્ટ વગેરેની નિમણૂંકો કરવામાં આવી અને અન્ય મેડિકલ, પેરામેડિકલ, ટેકનિશીયન્સ વગેરે સ્ટાફની નિમણૂંક કરવામાં આવી.

શ્રી સંતરામ મંદિર સંચાલિત બી. ડી. પટેલ જનરલ હોસ્પિટલ, ઉમરેઠમાં આ નવી વ્યવસ્થા, અદ્યતન તબીબી સાધનોની ઉપલબ્ધિ અને વિવિધ પ્રકારના રોગોના નિષ્ણાત તબીબો, ઈમરજન્સીમાં દર્દીઓને સારવાર મળી રહે તે હેતુલક્ષી ઉત્તમમાં ઉત્તમ વ્યવસ્થા વગેરેની જાણકારી

ઉમરેઠ અને આજુબાજુના ગામડામાં પ્રસરવા માંડી તેમ તેમ દર્દીઓનો ધસારો વધતો ગયો અને પુનઃ આ હોસ્પિટલ ધમધમતી થઈ ગઈ. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે તો આશીર્વાદરૂપ બની ગઈ. ઉમરેઠના અગ્રણીઓ સામાજિક સેવકો, સદ્‌ગૃહસ્થો વગેરે શ્રી સંતરામ મંદિરે આ માનવ સેવા સ્વીકારી તેથી પ્રસન્ન થયા છે. પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદે હવે આ લોકકલ્યાણની દર્દી સેવા સતત ચાલશે તેવો સૌને અહેસાસ થયો છે.

આજની કારમી મોંઘવારીમાં ગરીબ-મધ્યમ વર્ગના દર્દીઓ રોગ સારવાર અને તેના અર્થે દવા-ઈન્જેક્શન વગેરે ખરીદી કરવાને અશક્તિમાન બની રહ્યા છે. ત્યારે શ્રી સંતરામ મહારાજના તપોબળે, શુદ્ધ-પ્રામાણિક વહીવટે આ હોસ્પિટલમાં નજીવા દરે સારવાર-ઓપરેશન કરવામાં આવે છે અને બજાર કરતાં સસ્તા દરે દવા-ઈન્જેક્શન વગેરે ઉપલબ્ધ કરાવી આપવામાં આવે છે. અત્રેની હોસ્પિટલમાં નિષ્ણાત તબીબો દ્વારા સફળ સારવાર-ઓપરેશન થાય છે. અને એવી જ શ્રદ્ધા-આધ્યાત્મિક ભાવનાથી ડાકોર, ઠાસરા, સેવાલિયા, બાલાસિનોર અને ઉમરેઠ જેવા નાના-નાના શહેરો ઉપરાંત આજુબાજુના અને અંતરિયાળ ગામડાના દર્દીઓ સારવાર મેળવવા આવ્યા જ કરે છે. આવો, આ હોસ્પિટલ દ્વારા અપાતી વિવિધ તબીબી સેવાઓની જાણકારી મેળવીએ.

## (અ) કન્સલન્ટીંગ આઉટડોર વિભાગ :

સર્જીકલ, મેડિકલ, ગાયનેક (સ્ત્રી રોગ), આંખ, ઓર્થોપેડિક, ઈ.એન.ટી. (કાન-નાક-ગળુ), ચામડી તથા ગુપ્તરોગ, લેબોરેટરી, એક્સ-રે, કાર્ડિયોગ્રામ, ઈન્ટેન્સીવ કાર્ડિયેક કેર યુનિટ વગેરે વિભાગોમાં જે તે વિભાગના લગભગ બધા જ નિષ્ણાત ડૉક્ટરો નજીવી તપાસ ફી લઈને દર્દીઓને તપાસે છે.

આ હોસ્પિટલના આઉટડોર વિભાગમાં દરરોજ સરેરાશ ૧૫૦ દર્દીઓને તપાસવામાં આવે છે. સને ૨૦૦૦-૨૦૦૧ વર્ષ દરમ્યાન કુલ ૪૭,૧૨૨ દર્દીઓને તપાસવામાં આવ્યાં છે.



## (આ) ઈનડોર વિભાગ :

૮૦ પથારીની ક્ષમતા ધરાવતી આ હોસ્પિટલમાં સર્જીકલ, મેડિકલ, ગાયનેક (સ્ત્રીરોગ તથા પ્રસુતિ), બાળકો, આંખ, ઈન્ટેન્સીવ કાર્ડિયેક કેર યુનિટ વગેરે ઈનડોર વિભાગો છે.

આ હોસ્પિટલના ઈનડોર વિભાગમાં સને ૨૦૦૦-૨૦૦૧ વર્ષ દરમ્યાન કુલ ૧૫,૧૮૪ દર્દીને ઈનડોર તરીકે દાખલ કરી સારવાર આપવામાં આવેલી.

સને ૨૦૦૦-૨૦૦૧ દરમ્યાન જરૂરિયાતવાળા દર્દીઓને હોસ્પિટલ બીલમાંથી રૂા.૮૧,૯૦૫=૦૦ની માફી આપવામાં આવેલી છે.

હોસ્પિટલમાં દાખલ થતા ગરીબ-મધ્યમ વર્ગના દર્દીઓ કે જેઓ પોતાના ઘેરથી અથવા બહારથી જમવાની વ્યવસ્થા કરી શકતા ના હોય તેવા જરૂરિયાતવાળા દર્દીઓને શ્રી સંતરામ મંદિર, ઉમરેઠ તરફથી વિના મૂલ્યે જમવાનું ટિફીન પહોંચાડવામાં આવે છે, સને ૨૦૦૦-૨૦૦૧ દરમ્યાન કુલ ૫,૧૭૫ ઈનડોર દર્દીઓને વિના મૂલ્યે જમવાના ટિફીન પહોંચાડેલા છે.

## (ઇ) ઓપરેશન થીએટર :

અદ્યતન તબીબી સાધનોથી સુસજ્જ એરકન્ડીશન ઓપરેશન થીએટરમાં સને ૨૦૦૦-૨૦૦૧ વર્ષ દરમ્યાન જરૂરિયાતવાળા કુલ ૧,૧૪૩ દર્દીઓના ઓપરેશન કરવામાં આવેલા.

## (ઈ) લેબોરેટરી વિભાગ :

આ વિભાગમાં તમામ પ્રકારના લેબોરેટરી ઈન્વેસ્ટીગેશન થઈ શકે તે હેતુથી અનુભવી અને શૈક્ષણિક લાયકાત ધરાવતા બે-ત્રણ લેબોરેટરી ટેકનિશિયન્સ ફરજ બજાવે છે.

## (ઉ) એક્સ-રે તથા સોનોગ્રાફી વિભાગ :

આ વિભાગમાં ૫૦ એમ.એ.નું જૂનું એક્સ-રે મશીન હતુ. દિન-પ્રતિદિન દર્દીઓના ધસારાને પહોંચી વળવા માટે નડિયાદના દાનવીર શેઠ શ્રી ઈન્દુભાઈ પટેલ ઈપ્કોવાળા તરફથી ચાલુ વર્ષે ૩૦૦

એમ.એ.નું નવું એક્સ-રે મશીન વસાવી આપવામાં આવેલ છે. અનુભવી એક્સ-રે ટેકનિશિયન દ્વારા જરૂરિયાતવાળા દર્દીઓના એક્સ-રે તથા સ્ક્રીનીંગ કરવામાં આવે છે. ઉપરાંત સોનોગ્રાફીની સગવડ પણ ઉપલબ્ધ થઈ છે.

## (ઊ) ઈન્ટેન્સીવ કાર્ડિયેક કેર યુનિટ :

### કાર્ડિયોગ્રામ વિભાગ :

આ વિભાગમાં હૃદયરોગના દર્દીઓને તાત્કાલિક નિદાન-સારવાર થાય તે માટે કાર્ડિયોગ્રામ મશીન ઉપરાંત કાર્ડિયેક મોનીટર અને કાર્ડિયેક મોનીટર ડીફીબીલેટર વસાવવામાં આવેલા છે, અને જેનાથી હૃદયરોગના દર્દીઓને ઘનિષ્ઠ અને ત્વરિત સારવાર મળી રહે છે.

## (અં) એમ્બ્યુલન્સ સેવા :

એન. સી. સુતરિયા જનરલ ટ્રસ્ટ, મુંબઈ અને ધી ઉમરેઠ અર્બન કો-ઓ. બેંક લિ., ઉમરેઠના સહિયારા સહયોગથી તમામ પ્રકારની સુવિધાયુક્ત એમ્બ્યુલન્સ વાનની સેવાનો ઉમરેઠ અને આજુબાજુ ૪૨ ગામડાના દર્દીઓ માટે ખૂબ જ આશીર્વાદરૂપ બની રહેલ છે. આ ઉપરાંત સ્વ. શાંતાબેન ભીખુભાઈ પટેલ, ઓડ તરફથી બીજી એક એમ્બ્યુલન્સ પણ સેવામાં મળી છે.

## (અઃ) કાન-નાક-ગળાના રોગોનો કાયમી વિભાગ :

પ.પૂ. યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડજ્યોતિના શુભાશીર્વાદ સાથે તા.૧-૪-૨૦૦૦ ના રોજથી નાક-કાન-ગળાના રોગોના નિષ્ણાત સર્જન ડૉ. વિમલભાઈ એ. પટેલની કાયમી નિમણૂંક કરી દર્દીઓના કાન-નાક-ગળાના રોગો જેવા કે, કાનની રસી, સડો, પડદામાં કાણું, બહેરાશ વગેરેની સારવાર તથા માઈક્રોસ્કોપથી ઓપરેશન, મ્હોંના રોગ, કાકડા, ગળાની ગાંઠ, કંઠમાળ, થાઈરોઈડ વગેરેની સારવાર તથા ઓપરેશન, ચક્કર અને માથાના દુઃખાવાનું નિદાન અને સારવાર. આ વિભાગ પણ રવિવાર સિવાય દરરોજ સવારે ૯-૩૦ થી ૧-૦૦ અને સાંજે ૪-૦૦ થી ૬-૦૦ દરમ્યાન



ઓ.પી.ડી. વિભાગમાં ઉપરોક્ત દર્શાવેલ કાન-નાક-ગળાના રોગોનું નિદાન-સારવાર કરે છે અને જરૂર લાગે તેવા દર્દીઓના ઓપરેશન અત્યંત આધુનિક પદ્ધતિથી તેઓના પોતાના કિંમતી અદ્યતન સાધનો દ્વારા કરે છે.

## ૧૩. શ્રી સંતરામ દાંતનું દવાખાનું :

૧૯૮૮થી આ દાંતનું દવાખાનું અહીં ચલાવવામાં આવે છે. શરૂઆતમાં પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજની આજ્ઞાથી આ મંદિરમાં દર બુધવારે તથા દર શુક્રવારે ચલાવવામાં આવતું હતું. ૧૨ વર્ષ સુધી આ દવાખાનું ફક્ત અઠવાડિયામાં બે વખત ચાલતું, પણ ત્યારપછી શ્રી સંતરામ મંદિરમાં નવું અદ્યતન-સુવિધાપૂર્ણ દવાખાનું બનાવ્યું અને તા.૧૭-૪-૧૯૯૯ના દિવસે દર્દીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું. આ હોસ્પિટલમાં દરરોજ ૪૦ થી ૪૫ દાંતનાં દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. ખૂબ જ નજીવા દરે આ સારવાર આપવામાં આવે છે. ડૉ. શ્રી ચેતન ભાવસાર આ દાંતનાં દવાખાનામાં સેવા આપી રહ્યા છે. આ હોસ્પિટલમાં દાંત પાડવા, ચોકઠાં બનાવવા, એક્સ-રે મશીન દ્વારા સારવાર વગેરે અદ્યતન સેવા દાંતનાં દર્દીઓને પૂરી પાડવામાં આવે છે. આ દવાખાનાનો સમય સવારે ૮-૩૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધી (રવિવાર સિવાય) હોય છે. અત્યાર સુધી આ દાંતના દવાખાનામાં કુલ ૭,૪૩૨ દર્દીઓએ નજીવા દરે સારવાર કરાવી લાભ લીધેલ છે.

## ૧૪. વિવિધ રોગ નિદાન-સારવાર-ઓપરેશન કેમ્પ :

શ્રી સંતરામ મંદિર, ઉમરેઠના નવનિર્માણ કાર્યનો મંગલપ્રારંભ તા.૮-૫-૨૦૦૦ થી શરૂ થયો. મંદિરનાં નવનિર્માણનાં કાર્યની સાથે માનવ સેવાની જ્યોત સદાય જલતી રહે તેવી ઉમદા વિચારસરણીથી વિવિધ રોગોના નિઃશુલ્ક નિદાન-સારવાર-ઓપરેશનના કેમ્પ શ્રી સંતરામ મંદિર સંચાલિત બી. ડી. પટેલ જનરલ હોસ્પિટલ, ઉમરેઠમાં યોજાયા છે. જેવા કે, કાન-નાક-ગળાના રોગો, કાકડાના ઓપરેશન, સ્ત્રી રોગો તથા પ્રસુતિ રોગો, આંખના રોગો, હૃદય રોગ (કાર્ડિયાક)

તથા ડાયાબીટીઝ રોગો, ચામડી તથા ગુપ્ત રોગો, હાડકા, વા, મણકાના તથા સાંધાના રોગો, બાળ રોગો, મગજના તથા માનસિક રોગો, આયુર્વેદ પદ્ધતિ દ્વારા કણી-કપાસી તથા આંટણ, જાલંધર પદ્ધતિથી દાંત-દાઢ પાડવા, કુદરતી ઉપચારો અને એક્યુપ્રેસરની પદ્ધતિ દ્વારા હાડકાના, વા-સાંધાના રોગો વગેરે કેમ્પ.

## પુનઃ નિર્માણના દુંદુંભિ :

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડજ્યોતિના શુભાશીર્વાદ તથા પ્રાતઃસ્મરણીય પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણા અને આર્થિક કૃપાથી ૧૪૫ વર્ષ પુરાણા શ્રી સંતરામ મંદિર, ઉમરેઠના મુખ્ય સમાધિસ્થાનના પુનઃ નિર્માણ (જીર્ણોદ્ધાર)ના દુંદુંભિ વાગ્યા. લગભગ દોઢસો વર્ષ અગાઉ બંધાયેલું આ શિખર મંદિર ખૂબ જ જર્જરિત થઈ ગયું હતું. એમાંથી કાંકરી ખરતી અને ક્યાંક-ક્યાંક બાંધકામમાં તિરાડો પણ દેખાવા માંડી. વરસાદમાં તો પાણી પણ ચૂવે. વળી આસપાસના સ્થાનિક લોકોમાં મંદિર પ્રત્યેની શ્રદ્ધા વધતા ભક્ત સમુદાય પણ ખૂબ બહોળો થયો હતો. આથી નિજ મંદિર સન્મુખ ભજન-ભક્તિ માટે બેસવાની જગ્યા નાની પડવા માંડી. વિધવિધ પ્રવૃત્તિઓને કારણે ધમધમતું રહેતું મંદિર પરિસર સાંકડું જણાવા લાગ્યું. આ મૂંઝવણનો ઉપાય હવે કરવો રહ્યો એવા નિશ્ચય સાથે ઉત્સાહી અને જાગૃત સંત પૂ. શ્રી ગણેશદાસજી મહારાજે નડિયાદ આવી પૂ. શ્રી નારાયણદાસજી મહારાજ સમક્ષ મૂંઝવણ ઠાલવી. શાંતચિત્તે અંતર્મુખ થઈ પૂ. શ્રી નારાયણદાસજી મહારાજે શ્રી ગાદી સન્મુખ આ મૂંઝવણ રજૂ કરી. અચાનક જ ઉમરેઠ મંદિર માટે સોનાની ક્ષણ આવી, દિવ્ય અખંડજ્યોતિની આજ્ઞા મળી. પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના શુભાશીર્વાદ સાંપડ્યા, શ્રી મંદિરના અદના સેવકો અને દાનવીરોની ઉદાર સખાવત સાંપડી. આ ચાર પૂર્વભૂમિકા જ્યાં એક થઈ ત્યાં ઉમરેઠના સંતરામ મંદિરના પુનઃનિર્માણની શરૂઆત થઈ.

જીર્ણોદ્ધાર નિમિત્તે તા.૭-૫-૨૦૦૦ના રોજ ગણેશયજ્ઞ યોજાયો.



મૂળ સ્થાનેથી ગાદી પરિવર્તન કરી વિદ્વાન બ્રાહ્મણોના મુખેથી મંત્રોચ્ચાર સાથે તા.૮-૫-૨૦૦૦ના રોજ સવારના સમયે ૧૧-૦૨ થી ૧૧-૧૭ના શુભ મુહૂર્તમાં, શ્રી સંતરામ મંદિરના અન્ય શાખા મંદિરના મહંતશ્રીઓ, સંતશ્રીઓ, સેવકો, ભક્તવૃંદ, શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈ), મુરબ્બી વડીલ શ્રી ઈન્દુભાઈ ઈપ્કોવાળા વગેરે દ્વારા શ્રી સંતરામ મંદિર ઉપરના શિખરને ઉતારવાની વિધિ કરવામાં આવી.

શિખર ઉતારવાની વિધિ પૂર્ણ થયા બાદ આ જૂના મંદિરને નવયુવાન સેવકો-ભક્તો દ્વારા, કારસેવા દ્વારા ઉતારવા-તોડવાનું કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું, આ કારસેવામાં ઉમરેઠ-કાલસર-નેશ-લીંગડા-રતનપુરા-થામણા-નડિયાદના યુવાનોની અલગ-અલગ ટુકડીઓ જોતરાયેલી અને જૂના મંદિરનો જે ભાગ છે તેને તોડીને ટ્રેક્ટરો દ્વારા ઈંટો તથા અન્ય ચીજ-વસ્તુઓ ખસેડી દઈને તા.૧૪-૫-૨૦૦૦ને રવિવારે (તા.૮-૫-૨૦૦૦ થી તા.૧૪-૫-૨૦૦૦) સાત દિવસ સુધીમાં દરરોજ રાત-દિવસ કારસેવા કરી ૧૪૬ વર્ષ પૂર્વે બનાવેલ મંદિરના સ્થાને સુંદર-દિવ્ય-ભવ્ય મંદિર બનાવવા ભૂમિ તૈયાર કરવામાં આવી. આ આખો પ્રસંગ અનેરો-આલ્હાદક-ઉત્સાહપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. વધુમાં, શ્રી સંતરામ મંદિર, ઉમરેઠનું રળિયામણું નવનિર્માણ કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી હરિભક્તો દ્વારા નામ-જપ મંત્રલેખન કરવામાં આવશે. ઉમરેઠ અને નડિયાદ તથા શાખા મંદિરોમાંથી મંત્ર જપ લખવા માટેનું વિતરણ શરૂ કરેલું છે. સૌ ભાવિક ભાઈ-બહેનોએ નોટબુકમાં લાલ અક્ષરથી "ૐ શ્રી સંતરામ લક્ષ્મણદેવ" અથવા "ૐ નમો ભગવતે વાસુદેવાય" નામનો મંત્ર લખવાનો હોય છે. એક નોટબુક ભરાઈ જાય એટલે જે તે જગ્યાએથી લીધેલી નોટબુક જે તે જગ્યાએ જમા કરાવી બીજી નોટબુક આપવામાં આવે છે, કુલ ઓછામાં ઓછી ૧૦ નોટબુક લખવી, એટલે સવા લાખ મંત્ર લખાશે. તા.૧૪-૬-૨૦૦૦ સુધીમાં ૩,૯૩,૭૫,૦૦૦ મંત્ર જપ લખાઈ ગયા છે. પૂ. મહારાજશ્રીની શુભ ભાવના છે કે, આ મંત્ર લેખનમાં સૌ કોઈ ભાઈ-બહેનો મંત્ર લખીને ભાવાંજલી-શ્રદ્ધા અર્પણ કરે, જે ભાઈ-બહેનોને લખવામાં સમસ્યા-

તકલીફ હોય તેઓએ શ્રી સંતરામ મંદિરમાં અથવા ઘેર બેસીને દરરોજ ૧૧ માળા ઉપર જણાવેલ જપની કરી શકે છે.

તા.૧૫-૫-૨૦૦૧ની સવારે ૬.૩૦ થી ૭.૪૫ સુધીના શુભ મુહૂર્તમાં સર્વે શાખા મંદિરો, સ્થાનિક ભક્તો, શ્રી મંદિરનું નિજ સેવાવૃંદ, સર્વેની ઉપસ્થિતિ વચ્ચે નવા મંદિરનું ખાતમુહૂર્ત થયું. જોતજોતામાં પાયા ખોદાઈ ગયા. બીંબ, પીલર ભરાઈ ગયા અને ૨૧-૭-૨૦૦૦ ના રોજ તો પહેલા માળનો સ્લેબ પણ તૈયાર થઈ ગયો. સને ૨૦૦૧ની જાન્યુઆરીની બીજી તારીખ, પોષ સુદ-૭, મંગળવારે આસપાસના ગામડાના અને મંદિરના સેવકવૃંદો પૈકી ૧૧૬ દંપતીઓને યજમાનપદે, મુ. ઈન્દુકાકા, દેવાંગભાઈ તથા ઈપ્કો પરિવારને મુખ્ય યજમાન પદે બેસાડીને વાસ્તુપ્રાસાદ યજ્ઞ તથા નવચંડી યજ્ઞનું આયોજન કર્યું. પોષ સુદ-૮, બુધવાર, તા.૩-૧-૨૦૦૧ના રોજ ગાદી પરિવર્તન થયું. આ જ દિવસે નવી ગૌશાળાનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું. મુખ્યદાતા, સેવકવૃંદ, શાખા મંદિરના સંતો-મહંતો વગેરે ઉપરાંત આણદાબાવા આશ્રમ, જામનગરથી પૂ. શ્રી દેવપ્રસાદજી મહારાજ પણ આ પવિત્ર પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

આજે ઉમરેઠનું સંતરામ મંદિર નવા રૂપે-રંગે, ભવ્યાતિભવ્ય આકૃતિ ધારણ કરીને સહુ કોઈના મન-હૃદયને પુલકિત કરી મૂકે તેવું બની ચૂક્યું છે. કહેવાય છે કે નિર્માણ માત્રની પ્રવૃત્તિ સાચી નિષ્ઠા, તીવ્ર ધગશ, અદમ્ય ઉત્સાહ, પવિત્ર અર્થવ્યવસ્થા અને ઝીણી દૃષ્ટિ માંગી લે છે. કોઈ ભવન હોય યા સંબંધ વ્યક્તિ હોય યા પ્રવૃત્તિ, જડ-ચેતન ઈત્યાદિ પદાર્થમાંથી ગમે તેનું પણ નિર્માણ કરવું એ સહેલી વાત નથી. પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના શુભાશીર્વાદ ન હોય અને પૂ. શ્રી ગણેશદાસજી મહારાજની રાત-દિવસની તનતોડ મહેનત ન હોય તો પુનઃનિર્માણનો આવો રૂડો અવસર શક્ય જ ન બને. એમાં વળી ઉદ્યોગપતિ દાતા પરિવારોનો સથવારો ભળે એથી રૂડું બીજું શું હોઈ શકે? ગુરુ મહારાજની પ્રેરણા અને પૂ. શ્રી નારાયણદાસજી મહારાજની આજ્ઞાને માથે ચડાવીને ભક્તજનોએ ઉમરેઠ મંદિરના પુનઃનિર્માણમાં



તન, મન, ધન નીચોવ્યું છે. વેપાર ધંધાની અનેક ભાંજગડો વચ્ચે, ગમે તેવું સંસારકાર્ય હોય એની વચ્ચે, સ્વાસ્થ્યની સારી-નરસી બાબતો વચ્ચે તેઓએ કદી ઉમરેઠના નિર્માણકાર્યમાં અવરોધ આવવા દીધો નથી. રાત કે દહાડાનો સમય જોયો નથી. જેનું સુફળ આજનું ઉમરેઠનું સંતરામ મંદિરનું ભવન છે. આ નવા બંધાયેલા ભવનની ધવલઆભા સહુ કોઈના મન હૃદયને શાતા અર્પી રહે છે.

**- પ્રા. જયંતિભાઈ જોષી, નડિયાદ.**

### શ્રી સંતરામ મંદિર, ઉમરેઠના મહંતશ્રીઓ

૧. **પ.પૂ. શ્રી ગંગારામજી મહારાજ** - સં. ૧૯૧૫ થી સં. ૧૯૫૨ (ઈ.સ. ૧૮૬૦ થી ઈ.સ. ૧૮૯૬)

૨. **પ.પૂ. શ્રી રામદાસજી મહારાજ** - સં. ૧૯૫૨ થી સં. ૧૯૭૬ (ઈ.સ. ૧૮૯૭ થી ઈ.સ. ૧૯૨૦)

૩. **પ.પૂ. શ્રી ચેતનદાસજી મહારાજ** - સં. ૧૯૭૬ થી સં. ૧૯૮૩ (ઈ.સ. ૧૯૨૦ થી ઈ.સ. ૧૯૨૭)

૪. **પ.પૂ. શ્રી રાઘવમુનિજી મહારાજ** - સં. ૧૯૮૩ થી સં. ૨૦૦૪ (ઈ.સ. ૧૯૨૭ થી ઈ.સ. ૧૯૪૮)

૫. **પ.પૂ. શ્રી આત્મારામજી મહારાજ** - સં. ૨૦૦૪ થી સં. ૨૦૦૯ (ઈ.સ. ૧૯૪૮ થી ઈ.સ. ૧૯૫૩)

૬. **પ.પૂ. શ્રી રામ મહારાજ** - સં. ૨૦૦૯ થી સં. ૨૦૧૯ (ઈ.સ. ૧૯૫૩ થી ઈ.સ. ૧૯૬૩)

૭. **પ.પૂ. શ્રી ગંગારામજી મહારાજ** - સં. ૨૦૧૯ થી સં. ૨૦૪૩ (ઈ.સ. ૧૯૬૩ થી ઈ.સ. ૧૯૮૭)

૮. **પ.પૂ. શ્રી ભરતદાસજી મહારાજ** - સં. ૨૦૩૮ થી સં. ૨૦૪૨ (ઈ.સ. ૧૯૮૧ થી ઈ.સ. ૧૯૮૫)

૯. **પ.પૂ. શ્રી ગણેશદાસજી મહારાજ** - સં. ૨૦૪૩ થી આજપર્યંત (ઈ.સ. ૧૯૮૬ થી આજપર્યંત )

# ૧. હૃદયગુફાના નિવાસી

**તમે અરૂપ રૂપે અનુસર્યાં**
**મારી હૃદયગુફામાં ઉતર્યાં**
**મન-વાણી રૂપે વિસ્તર્યાં.....**

(પદ : ૬૨, પૃ. : ૧૨૫)

'જય મહારાજ' આપ પવિત્ર ભાવરૂપે મારા હૃદયમાં પધાર્યા છો. હૃદયમાં રહેલી ચેતના મારા મનમાંથી વાણી રૂપે પ્રગટ થાય છે. 'જય મહારાજ' સગુણ સ્વરૂપે પણ છે અને નિર્ગુણ સ્વરૂપે પણ છે. 'જય મહારાજ' આપ તો અરૂપ, નિરાકાર હોવા છતાં સાધકની હૃદયગુફામાં 'ૐકાર' સ્વરૂપે ઉતરી, મનમાં ચિંતન રૂપ બની સંતો, ભક્તોની પવિત્ર વાણી સ્વરૂપે આપ સાકાર બનીને અવતરો છો. આપની યોગ દીક્ષા પામેલા યોગીઓ-સંતો આપનું 'ૐકાર' સ્વરૂપ સ્થિર કરી ધ્યાનમાં સ્થિર થાય છે.

**ૐકારં બિંદુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।**
**કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ॥**

મુમુક્ષો, સંતો, ભક્તો આવા 'ૐકાર' સ્વરૂપ 'જય મહારાજ'ની અર્ચના, ઉપાસના, પૂજા અને દર્શન કરે છે.

"હે ગુરુ મહારાજ! સાત્ત્વિક ભાવે શરણે આવેલા ભક્તોની હૃદયગુફામાં આપ અદશ્ય-અરૂપ રીતે પધારો છો. મારા મન અને બુદ્ધિમાં બિરાજી આપ વાણી સ્વરૂપે તથા લેખન સ્વરૂપે પધારો. આપની પાસેથી મળતાં અમૃત સમાન જીવન પાથેય વડે જીવનમાં તૃપ્તિનો અનુભવ પ્રાપ્ત થાય તેવું લખાવો. આપના શરણે આવેલા જીવાત્માઓનો ઉદ્ધાર કરવા માટે આપે આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યો છે. ભક્તોના હૃદયમાં આપ જ વસો છો. પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજે 'જય મહારાજ'નું નિવેદન કર્યું છે, તેમ અમારા હૃદયમાં પણ ઉતરો."

પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ વિનમ્ર ભાવે લાક્ષણિક ભાષામાં 'જય મહારાજ'ને નિવેદન કરે છે. "શ્રી લક્ષ્મણદાસજી મહારાજનું આ નિવેદન સંવેદનાથી સભર અને દૈન્યતાથી છલકાતું છે. સંતો, સિદ્ધો તથા શ્રીહરિનું અવતરણ જગતના ઉદ્ધાર માટે જ થાય છે. "હે જય મહારાજ પ.પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજના હૃદય કમળમાં જેમ આપ બિરાજમાન છો, તેમ અમારાં હૃદયમાં પણ બિરાજો."



# ૨. પારસનું પૂર્ણ સ્વરૂપ

**તમે આવ્યા'તા જુગમાં ફરવા**
**ઘડ્યો ઘાટ બિબામાં રસ ભરવા,**
**લોહ-લક્ષ્મણને પારસ કરવા**
**સુખસાગરજી.....**

(પદ : ૫૭, પૃ. : ૧૨૦)

"હે પરમાત્મા અવધૂત! આપ તો અવિનાશી છો. આપને જન્મ નથી અને મરણ પણ નથી. સહજ ભાવે નિજ ઈચ્છાથી આપ આ જગતમાં વિચરણ માટે પધાર્યા છો. આપને કોઈ બંધન નથી. છતાં આપના શરણે આવેલા જગતના પામર જીવોનો ઉદ્ધાર કરવા માટે આપ પધાર્યા છો."

"આપે આ અવતારમાં 'શ્રી સંતરામ મહારાજ' સ્વરૂપે પ્રગટ થઈને એવી લીલા આચરી છે કે જેથી જગતમાં અસ્તવ્યસ્ત જીવન જીવી રહેલા જીવાત્માઓ જીવનને સુવ્યવસ્થિત કરી સઘન બન્યા છે. નીરસ જીવનમાં રસ ઉપજાવ્યો છે. ભગવદ્ અભિમુખ કરી મુમુક્ષુ બનાવીને આપના ઉપદેશના બિબામાં ઢાળીને ઘાટ વિનાના જીવનને સુંદર ઘાટ આપ્યો છે. હે બાપજી! આપે તો આપના પરમ કૃપાપાત્ર 'શ્રી લક્ષ્મણદાસ મહારાજ' જેવા કેટલાય શિષ્યોને માત્ર સુવર્ણ નહીં પણ આપ જેવા પારસ બનાવ્યા છે. હે ગુરુ મહારાજ! અમારો પણ આપ ઉદ્ધાર કરજો. અમે તો કટાઈ ગયેલા લોખંડની જેમ જડ થઈને પડ્યા છીએ. અમારો ઉદ્ધાર કેવી રીતે થશે, તે અમે જાણતા નથી. આપ પારસમણિ બનીને અમારા જીવનમાં પધારો. અમારો ઉદ્ધાર કરી પૂર્ણપારસ સમ રસ પાઓ અને પીવડાવો."

"જે કોઈ ગુરુવરની વેધદીક્ષા, દગ્દીક્ષા અને સ્પર્શદીક્ષાની ત્રિપથગ સરિતાનાં સુમંગલ નીરનાં પાન કરે છે તે આરૂઢ યોગી બને છે. અને આ છે ગુરુ મહારાજની સહજ સ્નેહવૃત્તિ અને વિવિધ શક્તિ."

સદ્‌ગુરુ દૂર-સુદૂરથી પોતાના ભક્તને, સમર્પિત સેવકને અને શરણસ્થ શિષ્યને ખબર પણ ન પડે એ પ્રકારે એની પ્રત્યેક ક્રિયાઓ ઉપર ધ્યાન રાખે છે. જેથી સ્વાભાવિક રીતે જ આવા ભક્તનું જીવન સિદ્ધભૂમિ તરફ વળતું જ રહે છે.

પ્રથમ જ વાર સમીપમાં આવેલા પણ અનેક જન્મના નાતાવાળા જીવાત્માને તો આ પૂર્વાવસ્થાના કે પૂર્વજન્મના ગુરુ છે, એવું ભાન કે ભાવ પણ નથી હોતા. પરંતુ ત્રિકાલદર્શી ગુરુવર તો તેને પારખી લે છે. અને દૃષ્ટિના એક દિવ્ય કિરણનિપાતથી નિકટમાં લે છે. આ છે ગુરુવરની દૃગ્‌દીક્ષા.

કોઈ સુપાત્ર અને પુણ્યશાળી આત્મા ઉપર કૃપા ઉતરે છે, ત્યારે ગુરુવર તેના મસ્તક ઉપર હાથ મૂકી, પોતાની દિવ્યશક્તિનો નિપાત કરી, તેની આંતરવૃત્તિઓને સાત્ત્વિક અને આત્માભિમુખ કરે છે. અને પછી તો પોતાની અંતરંગ સેવાનો એને અધિકારી બનાવે છે.

આ ત્રણેય પ્રકારની દીક્ષા પાછળ ગુરુવરનો કોઈ આત્મલક્ષી લાભ અપેક્ષિત હોતો નથી. ગુરુવરના માત્ર કરૂણામય સ્વભાવનું જ આ પરિણામ છે.

સિદ્ધ અને સ્નેહસિદ્ધ ગુરુજનોની એક ચોથી દીક્ષા; તે છે વાક્‌દીક્ષા. ગુરુજીનો ઉપદેશ એ વાક્‌દીક્ષાનું સ્વરૂપ છે. વિપુલ ભક્તસમુદાયને વાક્‌દીક્ષા દ્વારા ભગવદાભિમુખ કરી જીવાત્માને મોહ અને સંદેહમુક્ત કરી, હે ગુરુ મહારાજ, આપ તેને હિતપંથે દોરો છો. વાક્‌દીક્ષાનું આ અનુપમ દર્શન છે.

જન્મજન્માંતરથી અલ્પ અંતરાયોથી અટવાયેલા જીવાત્માઓને ગુરુજનો પોતાની દયાદીક્ષા-કૃપાદીક્ષાથી ક્ષણમાત્રમાં દૂર કરી હરિ સન્મુખ કરી દે છે.

આ પૃથ્વી ઉપર ભગવાન સ્વયં ગુરુજનોના સ્વરૂપમાં ક્વચિત્ જ અવતરે છે. આપણા સુખસાગર સંતરામ મહારાજનું અવતરણ, જીવોના ઉદ્ધારણ અને તારણ માટે થયું. જેઓ 'શ્રી લક્ષ્મણદાસજી મહારાજ' જેવા બડભાગી ભક્તો છે તેઓ આ કૃપા પ્રસાદ પામ્યા છે.



## ૩. સર્વ વ્યાપક હરિ ગુરુ

**ઘટ ઘટ વ્યાપી છો ગુરુ મ્હારા,**
**કાંઈ દાસ પાસ રાખી તાર્યાં,**
**આપી ઉપદેશને ઓધાર્યાં,**
**સતગુરુ મહારાજ.....**

(પદ : ૬૫, પૃ. : ૧૨૯)

"હે ભગવાન, આપ માત્ર એક નથી. આપ તો અનેક છો. અનંત છો. અહીં માત્ર 'સંતરામજી' સ્વરૂપે જ નહીં. પણ પ્રાણી માત્રના ઘટઘટમાં આપ બિરાજો છો. જગતને જીવાડવાવાળા આપ છો. હે ગુરુ મહારાજ! આપ તો કીડીથી કુંજર-હાથી સુધીના બધા જ જીવોમાં વાસ કરો છો. જગતના સર્વે જીવ 'જય મહારાજ' સ્વરૂપ દેખાય એવી કૃપા કરજો.

"આપે વિશ્વમાં વિચરણ કરી કેટલાય પામર જીવોને કૃપાનાં દાન આપી પોતાના કર્યાં છે. કેટલાય ભક્તોને પાસે રાખ્યા છે. આપે શ્રી લક્ષ્મણદાસજી જેવા સુપાત્ર શિષ્યોને નિજસ્વરૂપના દાન દીધાં છે. ઉપદેશ દ્વારા કેટલાય હીન જીવોને હે ગુરુ મહારાજ! આપે તો પરમપદ આપ્યું છે. આપે આપના સ્વરૂપદર્શનથી કેટલાય અધિકારી જીવોનો ઉદ્ધાર કર્યો છે. આપના દર્શનથી પામર જીવોનો ઉદ્ધાર થયો છે. પરંતુ આપના નામ માત્રના સ્મરણથી તો કોટિ કોટિ દુઃખી જીવોનો ઉદ્ધાર થયો છે અને થઈ રહ્યો છે. હે ગુરુ મહારાજ! સંતરામજી સ્વરૂપે આપ સમાધિસ્થાને બિરાજો છો, ભાવ સ્વરૂપે ભક્તોના હૃદયમાં સદાય બિરાજો છો. પરંતુ જગતના સર્વે જીવોના ઘટઘટમાં વ્યાપક રૂપે આપ જ બિરાજો છો.

**શ્રી યોગીરાજ સંતરામ મહારાજ અમર છે. શ્રી સંતરામ મહારાજ દત્તાત્રેય સ્વરૂપ છે. તેમના બ્રહ્મરન્ધ્રમાંથી પ્રગટેલી જ્ઞાનજ્યોતિનો મહિમા છે. અખંડજ્યોતિસ્વરૂપે પ્રભુ પ્રગટ થયેલા છે. જ્યોતનું સ્મરણ હૃદયમાં રાખો. તમે જેને મનમાં રાખશો તેના જેવા થશો. નરને નારાયણને ચરણે જવું છે. આદિ નારાયણ પરમાત્મા જ સદ્‌ગુરુ છે. ગુરુ છે. ગુરુ અને ગોવિંદ એક જ છે.**
**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# ૪. ગરીબોના બેલી

## ગરીબ લોક જાણે ભગવંત છે જો.

(પદ : ૮૨, પૃ. : ૧૪૯)

મહારાજશ્રીના કૃપાપાત્ર ભક્તવર શ્રી પૂંજાભાઈ ગાઈ ઊઠે છે કે, "હે ભગવન! આપ અવિનાશી છો. આપે આ પૃથ્વી ઉપર અવતરણ કરી કેટલાય શિષ્યોને દીક્ષા આપી તેમનો ઉદ્ધાર કર્યો છે. આપના દિવ્ય નામનું રટણ કરી કરોડો જીવો ભવપાર ઉતર્યાં છે. વર્ષોથી નિયમિત આપના આ પાવનધામના દર્શને આવતા મુમુક્ષુઓ આપનાં નામ સ્મરણથી મુક્તિને પામ્યા છે."

"આપ ગરીબોના બેલી છો. પતિત પાવન ભગવાન છો. આપ અનેક ભક્તોના હૃદયમાં સાક્ષાત્ બિરાજો છો. હે ગરીબોના ઉદ્ધારક પ્રભુ, અમે સહુ આપના પવિત્ર પાવન "શ્રી સંતરામ" નામ ઉપર વારી જઈએ છીએ. અને અમારું સર્વસ્વ આપના શ્રીચરણોની સેવામાં સમર્પિત કરીએ છીએ."

"સાંપ્રત સમયે આપણે દવાખાનાની આરોગ્ય સેવા, અન્નક્ષેત્ર સેવા જેવા પ્રકલ્પોના સ્વરૂપે "ગરીબોના ભગવંત" તરીકેનું મહારાજશ્રીનું સ્વરૂપ નિહાળીએ છીએ. જય મહારાજના આંગણે આવેલ દરેક જન મહારાજનું જ સ્વરૂપ છે, એવા ભાવે 'જય મહારાજ' ભક્તોના હૃદયમાં બિરાજે છે."

અબુધ, અનપઢ, જ્ઞાની, અજ્ઞાની, પંડિત કે મૂર્ખ સહુ કોઈ જેને ભજે અને ભજીને સર્વ સુખ મેળવે તે છે ભગવાનની સહજ ઓળખાણ. જ્ઞાનનો ગરીબ પણ ભક્તિ ભાવનો તવંગર જીવ, ભગવાનની સમીપ રહેતો હોય છે. આવું સામીપ્ય સાધક, સિદ્ધો માટે પણ પામવું દોહ્યલું છે. આથી જ ભગવાન ગરીબની મૂડી અને મિલકત છે. ગરીબ જન ભગવાનની શ્રદ્ધા અને વિશ્વાસનો અમીર હોય છે. એથી ભગવાનનો તેને જલદીથી સાક્ષાત્કાર થાય છે. આથી જ કહીએ છીએ કે "ભોળાનો ભગવાન."



# ૫. સંતરામ સબઘટ વાસા

## સંતરામ પ્રકાશા સબઘટ વાસા

(પદ : ૧૮, પૃ. : ૬૩)

જય મહારાજ સ્વયં સૂર્યની જેમ પ્રકાશી રહ્યા છે. સહુ જીવોમાં ચેતના સ્વરૂપે ગુરુ મહારાજ સદૈવ બિરાજે છે.

સૂર્ય એક જ છે. અને છતાંય સર્વ જગતમાં પ્રકાશ પાથરે છે. નદીના નીરમાં પ્રતિબિંબિત થતા સૂર્યનાં અનેક કિરણો દેખાય છે. પણ આખરે સૂર્ય તો એક જ છે. તેવી જ રીતે ગુરુ મહારાજ એક હોવા છતાં સર્વના ઘટ ઘટમાં બિરાજી પ્રકાશી રહ્યા છે.

જેમ સૂર્ય અંધકાર અને પ્રકાશનું જ્ઞાન કરાવે છે, તેમ જય મહારાજ ભક્તજનોના હૃદયમાં વિવેક તથા જ્ઞાન સ્વરૂપે બિરાજીને સારાં-નરસાં તથા પાપ-પુણ્યનું ભાન કરાવે છે. સંસાર સાગરમાં અટવાયેલો જીવ કે પછી ઈશ્વર સાક્ષાત્કારની શોધમાં ભટકતો જીવ, જ્યારે અટવાઈ જાય ત્યારે ગુરુ મહારાજનું માત્ર નામસ્મરણ કરવાથી લૌકિક અને અલૌકિક બંને પ્રકારનો પ્રકાશ પામે છે. ગુરુ મહારાજના જ્ઞાન-બોધ રૂપી પ્રકાશથી અવળે રસ્તેથી સવળે રસ્તે ચડે છે. સવળે રસ્તે જનારને ભગવાનના ચરણોનો માર્ગ દેખાય છે. આ છે 'જય મહારાજ'નો કૃપા પ્રસાદ.

**એકેન વિજ્ઞાતેન સર્વ વિજ્ઞાતં ભવતિ ।**

બ્રહ્મનું અને બ્રહ્મ સ્વરૂપ 'જય મહારાજ'નું જ્ઞાન થતાં સર્વ તત્ત્વોનું જ્ઞાન સહજ થઈ જાય છે. શ્રી સંતરામ મહારાજ સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. તેથી જ શ્રી લક્ષ્મણદાસ મહારાજ પોતાના સ્વાનુભવનું ગાન કરતાં કહે છે, "સંતરામ પ્રકાશા" અર્થાત્ "શ્રી સંતરામ મહારાજ જ્ઞાન સ્વરૂપ છે."

**બીજાનું ભલું કરવામાં એવો આનંદ મળે છે કે જેનાથી આપણાં સુખ અને સ્વાસ્થ્યમાં વૃદ્ધિ થાય છે.**

## ૬. દયામૂર્તિ જય મહારાજ

**સત્ગુરુ મહારાજ પૂરણપ્રેમ દયાલની મૂર્તિ છો તમે**
**અવગુણ મ્હારા, કોટી છે પણ એકે ઘરશો ન હૈયે.**

(પદ. ૬૬, પૃ. : ૧૨૯)

હે ગુરુ મહારાજ મંત્ર દીક્ષિત કરી મને જ્ઞાન આપો. અમોને માર્ગદર્શન આપો. સદ્ગુરુ મોહને હરે છે. આપણું બાવડું પકડી ભગવાનની ગોદમાં બેસાડે છે. આપણને ભગવાનને સોંપતાં કહે છે, હે પ્રભુ આ પામર સામે જોઈને તેની ઉપર દયા ના કરશો, પરંતુ આપના દયાળુ સ્વભાવને દૃષ્ટિબિંદુમાં રાખીને મારી ઉપર દયા કરજો. આ જીવ અનંત છે. તે સતત જન્મ-મરણના ફેરામાં ભટકે છે. કોઈ આપની પાસે આવતા નથી. આ રડયો ખડયો જીવ આપની પાસે આવ્યો છે. આપ તેને જોતા રહેજો કે ફરી પાછો તે સરકી ન જાય. તેનું ધ્યાન રાખજો.

જય મહારાજ આપ સદ્ગુરુ છો. શક્તિના સાગર છો. દેહનો મોહ તો દેવોને, જ્ઞાનીઓને અને યોગીઓને પણ હોય છે. પરંતુ સદ્ગુરુ તેમની સહજ કૃપા દૃષ્ટિથી શરીરના મોહને દેવાધિદેવના ચરણોમાં વાળી દે છે. આપણા જય મહારાજ પૂરણ પ્રેમની પ્રત્યક્ષ મૂર્તિ છે. સદ્ગુરુ સ્નેહનો સાગર છે.

> **પરમાત્મા શ્રી સંતરામ મહારાજ સર્વજીવોના મિત્ર છે. જીવ-ઈશ્વરની મૈત્રી છે. મિત્ર તેને કહે છે જે સર્વકાળ સાથે રહે, જે પાપ કરતાં અટકાવે. ભગવાન જીવ સાથેની મૈત્રી છે. આ જીવ જગતનો નથી, ઈશ્વરનો છે. જન્મથી જીવ ઈશ્વરનો છે, મર્યા પછી ઈશ્વરનો રહેશે. જીવનો જગત સાથેનો સંબંધ માનેલો છે, જીવનો જગત સાથેનો સંબંધ કલ્પિત છે. જન્મથી જીવ ઈશ્વરનો અંશ છે. જીવ કેટલા વાગે પ્રાતઃકાલમાં ઉઠે છે, ઉઠીને શું કરે છે? પ્રાતઃકાલની જીવની ક્રિયા એ તેની પરીક્ષા છે. અંદરથી ભક્તિનો રંગ લાગ્યો હોય તો પ્રાતઃકાલમાં ઉઠી જવાય છે.**
>
> **- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



## ૭. આત્મસુખનો સ્નેહ

**સત્ગુરુ મહારાજ પ્રેમ સ્નેહની વાતો અમને કહીએ,**
**ઘણી દયા કરી આતમ સુખ આપો તો મનમાં લઈએ.**

(પદ : ૬૭, પૃ. : ૧૩૦)

"હે ગુરુ મહારાજ! અમો આપનાં બાળકો છીએ. આપ અમારા પિતા છો. આપનું વાત્સલ્ય, સ્નેહ અમને મળવા જ જોઈએ. અમે તો તમારા છીએ. અમારે આપની પ્રેમભરી ઘણી ઘણી વાતો સત્સંગરૂપે સાંભળવી છે. આપની ઈચ્છા અનુસાર અમારા માટે જે જરૂરી હોય તેવી વાતો જરૂરથી અમોને કહેજો. બાપજી અમારી પાસે તો કંઈ જ નથી. આપ જીવન જીવવાનું જે કોઈ સાધન આપશો તે જ એક આધાર છે."

"હે બાપજી! અમારા ઉપર દયા કરીને કંઈક આપજો, જેથી અમારું કલ્યાણ થાય. અમે તો સામાન્ય પામર જીવો છીએ. ગુરુજી અમારે હવે આ દુનિયાદારીની વાતો સાંભળવી નથી. અમો લાયક તો નથી, છતાંય કૃપા કરી આપની અમીદૃષ્ટિ વડે અમોને કંઈક સાધન આપો. જેથી અમો આત્મા શું છે? પરમાત્મા શું છે? જીવ શું છે? તથા જગત શું છે? જેવી વાતોને સમજી શકીએ. દુનિયાદારીની વાતો તો ખૂબ કરી, ખૂબ સાંભળી અને ખૂબ જાણી. પરંતુ હવે તો હે ગુરુજી! આત્મતત્ત્વનું જે સુખ છે તે જ સુખ દયા કરીને આપો. જેથી અમારું મન સ્થિર થાય, વૃત્તિઓ શાંત થાય, હવે તો એવી કૃપા કરો, જેથી મન અને વૃત્તિઓ ધ્યાન અને ભજનમાં સ્થિર થાય.

> **પરમાત્મા શ્રી સંતરામ મહારાજ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન એજ પ્રકાશ છે. અજ્ઞાન એ અંધકાર છે. જ્ઞાન સંયમથી પ્રગટ થાય છે. જ્ઞાનની ઉત્પત્તિ નથી, જ્ઞાનનો વિનાશ પણ નથી. જીવ અજ્ઞાની થઈ શકે નહિ. સિંહનો બાળક સિંહ જ હોય. ભગવાનનો અંશ જીવાત્મા અજ્ઞાની થઈ શકે નહિ. જ્ઞાન ઢંકાયેલું છે, જ્ઞાનનું વિસ્મરણ થાય છે. સંતો જ્ઞાનનું સ્મરણ કરાવે છે. જીવને જ્ઞાનનું વિસ્મરણ થયું છે, સંતો તે જ્ઞાનનું સ્મરણ કરાવે છે.**
>
> **- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# ૮. ભવબંધનના મુક્તિદાતા

## સંતરામ શરણે જાતાં સુખકારી રે,
## કંઈ ભવના બંધન જાય
## હું બલિહારી રે.....

(પદ : ૯૫, પૃ. : ૧૬૪)

પૂર્ણ બ્રહ્મસ્વરૂપ પરમાત્મા શ્રી સંતરામજી એ તો જગતનું પરમ સત્ય સ્વરૂપ છે. જેને કાળનું કોઈ બંધન નથી. જેનો ક્યારેય નાશ થતો નથી. આવા પરમ સત્યનું પ્રગટ સ્વરૂપ તે 'ગુરુ મહારાજ' પોતે જ છે. જેને ભાગવતમાં વ્યાસજીએ 'સત્યં પરમ્ ધીમહિ' કહીને ગાયું છે તે જ સત્યને :

**સત્યવ્રતં સત્યપરં ત્રિસત્યં સત્યસ્ય યોનિં નિહિતંચ સત્યે ।**
**સત્યસ્ય સત્યમૃત સત્યનેત્રં સત્યાત્મકં ત્વાં શરણં પ્રપન્નાઃ ॥**

કહીને ભાગવતમાં વર્ણવ્યું છે. "આવા પરમ સત્યનું 'દર્શન' થતાં શ્રી લક્ષ્મણદાસજી મહારાજે પોતાના સ્વાનુભવનું 'દર્શન' અહીં વ્યક્ત કર્યું છે. જેના શરણે જતાં આત્યંતિક સુખની પ્રાપ્તિ થાય છે તે બતાવ્યું છે. જે જીવ સાચા સુખને મેળવવા ઈચ્છતો હોય તેણે સદ્ગુરુ પરમાત્મા 'શ્રી સંતરામ ભગવાન'ના શરણે જવું પડે. આ જગતના ઝાંઝવાનાં જળ રૂપ ભૌતિક સુખો સાચું સુખ આપવાનાં નથી. આ જગતમાં બીજે ક્યાંય શ્રી સંતરામ શરણ વિના ઉદ્ધાર થવાનો નથી. આથી શ્રી લક્ષ્મણદાસજીએ ગાયું : "શ્રી સંતરામ સદ્ગુરું શરણં મમ ।" જેના શરણે પહોંચતાની સાથે જ આ જગતના અનેક જીવો જનમ જનમના, ભવોભવના બંધનમાંથી મુક્ત થઈ ગયા અને થઈ રહ્યા છે. અને આટલા માટે જ ગુરુજી ઉપર શ્રી લક્ષ્મણદાસજી 'બલિહારી' જાય છે, વારી જાય છે. પોતાનું સર્વસ્વ અર્પણ કરી શિષ્યત્ત્વનો સ્વીકાર કરે છે. શ્રી સંતરામ મહારાજને જીવન સમર્પિત કરી 'જીવ-શિવ' ભાવનું તેમણે દર્શન કર્યું અને કરાવ્યું છે.



# ૯. સુખનું ધામ સંતરામ

## સમર મન સંતરામ સુખકારી

(પદ : ૨૮, પૃ. : ૮૦)

કૃપાનિધાન શ્રી લક્ષ્મણદાસજી મહારાજ વટેમાર્ગુને માર્ગદર્શન આપતાં કહી રહ્યા છે કે, "હે સજ્જન! સજલ નયન અને સરલ મનથી તું સુખસાગર એવા પરમતત્ત્વ શ્રી સંતરામજીનું સ્મરણ-રટણ કર. આ જગતમાં બીજું કશું જ કામ લાગવાનું નથી. તું વિચાર કર! આજદિન સુધીના જીવનમાં તેં તારા પરિવારનું કેટકેટલું રટણ કર્યું? તેમાંથી તેં જે શાશ્વત સુખ-શાન્તિ શોધવા પ્રયત્નો કર્યા, તે તને મળ્યા ખરા? તું વિચારી જો કે સુખ ક્યાં છે? શામાં છે? બાપજી તો સ્વયં સુખસ્વરૂપ છે. જેને આપણે શાશ્વત સુખ કહીએ છીએ તે ગુરુજી પોતે જ છે. મૃગજળ જોઈને શા માટે તેની પાછળ દોડી મરવું? તું શા માટે જગતના ક્ષણિક સુખોની પાછળ ભટકી મરું છું? તું ભાગ્યશાળી જીવ છું. તને તો સુખના સાગર બાપજી મળ્યા છે. જેનો કોઈ પાર નથી. હે મન! તું એકવાર જોઈતો લે!"

"સુખ-દુઃખ તો મનમાંથી ઊભાં થયેલાં ભૂતડાંનાં રૂપ છે. હે મન! તું સતત મહારાજના શરણે રહે. જય મહારાજ શરણે આવેલાને જરૂર પાળવા વાળા છે, પાલન કરવા વાળા છે. હે મન! 'જય મહારાજ' તને તારા આત્યંતિક દુઃખમાંથી નિવૃત્ત કરશે અને શાશ્વત સુખના ભવસાગરમાં તને નવા જગતના દર્શન કરાવશે. તારા સાચા સ્વરૂપને ઓળખાવશે."

**મંદિરમાં દર્શન કરવા જાવ ત્યારે આંખમાંથી વાસનાનું વિષ કાઢવાનું છે. જગતને ઉપેક્ષા ભાવથી જુઓ. શરીરથી ભક્તિ થાય છે, તેથી શરીરને ભોજન આપો. ભોજનના સ્વાદમાં ફસાશો નહિ. વિવેકથી ઈન્દ્રિયોને સુખ આપો તેમાં મન ફસાય નહિ તેની કાળજી રાખો.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# ૧૦. શરણાગતનું શિરછત્ર

## તમારા શરણે જે કોઈ આવે છે,
## તેને સદાય શિર પર ગાજો છો.

(પદ : ૬૯, પૃ. : ૧૩૩)

"હે ભગવંત! જે કોઈ જીવ જે કોઈ ભાવે, પછી ભલે તે જ્ઞાની હોય, જિજ્ઞાસુ હોય, અર્થાર્થી હોય કે પુત્રાર્થી હોય અથવા કોઈ પણ પ્રકારના દુઃખની પીડા, આધિ, વ્યાધિ કે ઉપાધિ લઈને આવ્યો હોય! આવા નાના-મોટા, વિદ્વાન કે પંડિત, ઝૂંપડાંમાં રહેતા ગામડાના ગરીબ ખેડૂત, કે પછી બંગલામાં રહેતો સંપન્ન જન, આપના શરણે આવે છે, ત્યારે આ શરણે આવેલા સેવકના આપ સદાય શિરછત્ર બનો છો. તેને આપના શરણની શીળી છાયા સહજ ભાવે મળી જાય છે."

"હે બાપજી! આપનું શરણું લેનારના મનના મહેલમાં સદાય પ્રેમના પ્રકાશ રૂપે, સમજણની નોબત રૂપે હંમેશા વસ્યા કરો છો. જેથી મનોભાવો વિકારથી મુક્ત બની સત્સંગના વિચારોમાં જ રમ્યા કરે છે. શરણાર્થીના મનમાં આપ ભક્તિભાવ અને જ્ઞાન ભાવના રૂપે વસેલા જ રહો છો. તેથી તે નર, નરકના દ્વારમાં જતાં બચી જાય છે. આપના ભક્તના શિરે આપ ગર્જતા હોવાથી વિકાર-વાસનાના પક્ષીઓ ઊડી જાય છે. મન ઉપર વિકાર-વાસનાનાં પક્ષીઓ ક્યારેય બેસી શકતા નથી. ગુરુ મહારાજની સન્મુખ રહેલા, ગુરુ મહારાજના શરણે આવેલા શરણાર્થીના શિરે ગુરુ મહારાજ સદાય બિરાજેલા રહે છે."

**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।**

શરણે આવેલા સુદૃઢ મનોબળવાળાં હોવાં જોઈએ. શરણાગત થતાં પહેલાં સો વાર વિચારવું અને અનુભવ થતાં વિલંબ ન કરવો. પળ પસાર થઈ ગઈ તો પુનઃ પાછી નહીં આવે માયાનો તિરસ્કાર કરીએ છીએ, તેથી માયા માથા ભારે થઈ જાય છે. પરંતુ મસ્તક જો મહારાજના શ્રીચરણોમાં મૂક્યું તો માયા માતા બની જાય છે. કારણ માયા ભગવાનની જ પત્ની-શક્તિ છે. પરમ વિરહી-વિવેકી શ્રી લક્ષ્મણદાસજી મહારાજ ગુરુદેવને વિનવી રહ્યા છે.



# ૧૧. અશરણનું શરણ

## મેરે ઉર વસીએ અશરણ શરણ

(પદ : ૨૯, પૃ. : ૮૦)

"હે પ્રણતપાલ પરમાત્મા સ્વરૂપ ગુરુ મહારાજ! આપ સદાય મારા ઉરમાં, અંતઃકરણમાં, મન અને બુદ્ધિમાં નિવાસ કરો. આપ તો અશરણના પણ શરણ છો. આપના શરણે આવનારનો, આપ કોઈપણ ભેદ-ભાવ વગર એનો સ્વીકાર કરો છો. અમારા હૃદયમાં પણ હે ગુરુ મહારાજ! આપશ્રી પધારીને અમને આપનું પરમ પવિત્ર શરણું આપો. બાપજી! અમે તો નિરાધાર છીએ. આ જગતમાં આપના સિવાય અમારું બીજુ કોઈ નથી. અમે પણ ગુરુ મહારાજ સિવાય બીજાને ઓળખતા પણ નથી. આપની પાસે આવ્યા પછી હવે બીજે ક્યાંય જવાનું ગમતું નથી.

"અમારા હૃદયમાં પધારી હે ગુરુ મહારાજ! અમારા અંતરના વિકારોને મિટાવો. હે બાપજી આપનું શરણું આપીને જીવનના પાપ-તાપને ટાળીને તેમને આપ જ દૂર કરી શકો છો."

**મમ હૃદય કુંજ નિવાસ કુરુ, કામાદિ ખલદલ ગંજનમ્.**

"ગુરુ મહારાજ મારા હૃદયના આંગણે પધારીને અમને આશરો આપી અમારો ઉદ્ધાર કરજો. આપના શ્રીચરણોમાં અમારી આટલી પ્રાર્થના છે."

**મમ મનઃ સુખં ભાવય**

"હે નાથ, મારા મનમાં સુખપૂર્વક બિરાજો. સતત નામ સ્મરણ કરતાં જ મન સ્વચ્છ અને શાંત થશે. નામ રટણનું રહસ્ય એ છે કે, "જે જીવાત્મા પોતાના ઈષ્ટદેવની ગુણ ગાથા ગાય, સાંભળે અને સ્મરે તેના હૃદયમાં ઈષ્ટદેવ સહજ ભાવે પ્રકાશે છે. હૃદયના મલ-વિક્ષેપોને દૂર કરી દે છે."

**સંત ત્રણ પ્રકારે કૃપા કરે છે. સંત જેની તરફ વારંવાર નિહાળશે તેનું જીવન સુધરશે. માળા કરતાં જેને સંભારશે તેનું જીવન સુધરશે. સંત જેને પ્રેમથી નજર આપે છે, તેનું કલ્યાણ થાય છે.**

## ૧૨. વૃત્તિઓ ઠરવાનું ઠામ

### શિર સત્ગુરુ સંત પરતાપ વરતી ઠરતી રે.....

(પદ : ૯૯, પૃ. : ૧૬૯)

"શ્રી સત્ગુરુ મહારાજના પ્રતાપની માથે આણ વરતાતી હોય ત્યારે મનોવૃત્તિઓ સહજ રીતે આપોઆપ શાંત થઈ જાય છે. બાપજી, આપના વચનામૃતની લ્હાણી અમારા શિરે વરસતી હોય તો આ ભટકતા મન સાથેની થાકેલી વૃત્તિઓ આપોઆપ શાંત થઈ જાય છે, કારણ કે, આપના ઉપદેશની શીળી છાયામાં મનને પરમ શાંતિનો અનુભવ થાય છે. ગુરુ મહારાજ; આપના ઉપદેશનું આપની વાણીનું સામર્થ્ય એટલું પ્રબળ છે કે, "આપના ચરણોમાં મનોવૃત્તિ શાંત પડતાં હૃદયમાં આનંદની અનુભૂતિ થયા વગર રહેતી નથી. ગુરુજીના પ્રતાપે જો અનેક અધમ પતિતનો ઉદ્ધાર થતો હોય તો જે જીવો ગુરુ મહારાજના શરણે આવી અનન્ય બન્યા હોય તેમની વૃત્તિઓ શાંત થાય એમાં આશ્ચર્ય શું હોય!!"

"માથે ગુરુ મહારાજના પ્રબળ પ્રતાપ રૂપે સમજણની મીઠી શીળી છાંયડી હોય, તો જગતના ભોગો ભોગવવા માટે મન ભટકી શકતું નથી. આમ મનોવૃત્તિ ઠરે, એટલે આપો આપ "સહજના રૂપમાં ભળતી" અર્થાત્ આત્મતત્ત્વનું ભાન કરાવી જાય છે. મનની શાંતિ પ્રાપ્ત થતાં જગત શાંત લાગે છે. આવા આનંદનો અનેરો અનુભવ થયા પછી જીવનમાં બીજુ કંઈ  મેળવવાનું બાકી રહેતું નથી."

**યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।**

સદ્ગુરુની પરમ કૃપા વગર વૃત્તિઓ ક્યારેય ઠરતી નથી. જીવ ગમે તેટલી મહેનત કરે પરંતુ  સદ્ગુરુની કરૂણા વિના જીવને શાંતિ મળતી નથી. તેની વૃત્તિઓ ઠરતી નથી.

**દુષ્ટતમો અપિ દયારહિતોઅપિ વિધર્મવિશેષપ્રથિતોઅપિ ।**
**દુર્જન સંગરતો અપિ યો અપિ કૃષ્ણ તવાસ્મિ ન ચાસ્મિ પરસ્ય ॥**

સ્વધર્મ અભિમુખ, ભાગવત ધર્મપરાયણ ભક્તજન ધર્માભિમુખ થાય, દુઃસંગ રૂપી દરિયામાં ડૂબેલાનું કોઈ સંતજન બાવડુ પકડી લે તો તે તરી જાય છે. પ્રસન્નનો પરિપક્વ ભાવ એ છે કે, હે નાથ! હું આપનો જ છું. હું આપનો આશ્રિત છું. મારો બીજે ક્યાંય આશરો નથી જ નથી."



## ૧૩. 'જય મહારાજ'ની મહેર

### મને મહેર કરી મહારાજ રાખો શરણે રે.....

(પદ : ૯૯, પૃ. : ૧૬૯)

"હે બાપજી! હવે મારા ઉપર દયા કરીને - કૃપા કરીને આપ મને આપના શરણે રાખીલો. 'તવાસ્મિ' હું આપનો જ છું. દુનિયામાં ખૂબ રખડી, થાકી, દુઃખી થઈને આપના શરણે આવ્યો છું. બાપજી, આપ તો દયાળુ છો. હવે મારી ઉપર કૃપાદૃષ્ટિ કરી, "હે જય મહારાજ" મને અપનાવી લો.

**બોલાવી પાસે બેસાડો, બાપ;**
**પમાડો છો શીદ હવે પરિતાપ.**

"હવે આ દુનિયામાં રખડવું નથી. હવે આપ મને અપનાવી પાસે બેસાડો. આપ જ મારા બાપ છો અને બાપ વિના તાપ મટાડેય કોણ? બાપજી હું આપનું બાળક છું. જગતના દુઃખથી તપીને, રડી થાકીને આપના શરણમાં આવ્યો છું. આપના શ્રીચરણોની શીળી છાયામાં સ્થાન આપી આશ્રય આપો. 'જય મહારાજ' હવે તો બહુ થઈ ગયું, આપને શરણે આવેલા એવા અમારો આપ ઉદ્ધાર કરો. "હે જય મહારાજ! આપના આશ્રયથી જ અમારો ઉદ્ધાર થશે. હવે આપના શરણે આવેલા એવા અમોને નિરાશ કરશો નહીં. હે બાપજી! એક માત્ર આપનું શરણું ભવપાર ઉતરવા માટે બસ પૂરતું છે. હવે કૃપા કરો મહારાજ રાખો શરણે રે....."

**નાયં દેહો દેહભાજાં નૃલોકે ।**
**કષ્ટાન્ કામાનર્હતે વિડ્ભુજાં યે ॥**

મહારાજશ્રીની વાક્સુધા સીધી-સાદી અને મર્મ સ્પર્શી છે. આ દેહ ભૌતિક સુખો માટે નથી. જગન્નાથ ખૂબ જ પ્રસન્ન થઈને મનુષ્ય દેહ આપે છે.

**પ્રભુનાં દર્શન કરતાં પણ ગરીબોમાં રહેલા પ્રભુની સેવા, એ વિશેષ અગત્યનું કામ છે.**

# ૧૪. ગુરુકૃપા

## ગુરુસંતરામ કીરપા થકી સુખ પાયો રે,
## નિજ આનંદ બ્રહ્મ દદાર હરિ ઓળખાયો રે.

(પદ : ૯૮, પૃ. : ૧૬૭)

પરમતત્ત્વ પરમાત્માનું દર્શન થયું. બ્રહ્મ સ્વરૂપ ઓળખાયું. આત્માનંદની સ્વાનુભૂતિ થઈ. નિજ આનંદનું સાચું દર્શન થયું. પરમાત્મા શ્રી સંતરામજીની અતિ કૃપા ફળી, ત્યારે જ જીવનનું સાચું સુખ શું છે, તે સમજાયું. આજદિન સુધી જગતના ક્ષણિક સુખો પાછળ જીવન વેડફી નાખ્યું. જીવન ખૂટી ગયું છતાંય ક્યાંય શાશ્વત સુખની અનુભૂતિ થઈ નહીં. જગતના ક્ષણિક ક્ષુલ્લક સુખને સુખ માની ખૂબ-ખૂબ ભટક્યો. ધન, સંપત્તિ, સ્ત્રી, પુત્ર, બંગલા, ગાડી જેવા વૈભવોમાં સુખ લેવા ખૂબ મહેનત કરી. બધા અનુભવો પછી આપનું શરણું મળતાં અંતઃચક્ષુ ખૂલ્યાં છે. આપના બોધ-ઉપદેશથી મારા પોતાનામાં જ રહેલા બ્રહ્મતત્ત્વનું મને આપે દર્શન કરાવી, આત્માની પ્રત્યક્ષ ઓળખાણ કરાવી છે.

**इदं शरीरं शत सन्धिजर्जरं पतत्यवश्यं परिणामपेशलम् ।**
**किमौषधैः क्लिश्यसि मूढ दुर्मते निरामयं कृष्णरसायणं पिब ॥**

સેંકડો સાંધાનું સંધાણ આ શરીર છે, પરિણામે તે તકલાદી છે. તને મહારાજશ્રીની કૃપાથી તક મળી છે, તો નામરસાયણનું પાન કરી લે. તે રોગથી જ નહીં, પરંતુ ભવરોગમાંથી પણ મુક્ત કરશે.

> પરમાત્મા શ્રી સંતરામ મહારાજ સર્વજીવો પર કૃપા કરે છે. સર્વકાળ ભગવાનની મારા પર કૃપા છે એમ માનો. પ્રભુકૃપા તો મારા પર બહુ છે પણ મારી ભક્તિ ઓછી છે, એવો ભાવ દઢ કરો. ભગવાન જે સ્થિતિમાં રાખે, તે સ્થિતિમાં ભગવાનના ઉપકાર માનો. સુખમાં, બધી અનુકૂળતા હોય ત્યારે ભગવાનની મારા પર કૃપા છે તેમ માને તે સાધારણ વૈષ્ણવ છે. અતિશય દુઃખ, પ્રતિકૂળતામાં જે ભગવાનની કૃપાનો અનુભવ કરે તે ઉત્તમ વૈષ્ણવ છે.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ



# ૧૫. દેહ અવધિની વેળા

## ''અવધિ જ્યારે દેહની આવે તે વેળા શું કરીએ.''

- ભક્ત અદેસંગ

(પદ : ૮૬, પૃ. : ૧૯૫)

"જે ઊગ્યું તે આથમવાનું જ. ખીલ્યું તે કરમાવાનું જ. જન્મ્યું તે દેશ, કાળ અને નિમિત્તથી મરવાનું જ. દરેકની ઘડી-દિવસ નક્કી જ છે. જગતમાં સૌથી મોટો ભય જો કોઈ હોય તો તે છે, એક માત્ર મૃત્યુનો. આખું જગત મૃત્યુથી બચવા સતત સંઘર્ષ કરે છે. મૃત્યુના ભયને કારણે જ જગત ઈશ્વરમાં પ્રેમ કરે છે."

"ભગવાને જન્મ આપ્યો છે, જીવન આપ્યું છે. આ જીવનનો અંત એક દિવસ આવવાનો જ છે. જગતના પામર જીવો પાપ કર્યા પછી દુઃખથી પીડાય છે. મૃત્યુની છાયા ભૂતની જેમ આ જીવનની પાછળ પડેલી છે. ભાગવતમાં યદુને ઉપદેશ આપતાં શ્રી દત્તાત્રેય ભગવાન પણ **मृत्युमन्वधावत्** કહીને માનવને ચેતવ્યો છે. આ શરીર પાછળ મૃત્યુ પડ્યું છે માટે ભગવદ્ ચિંતન કરી લે.

મૃત્યુ સમયે સંસારની આ શક્તિઓ અને જગતના વૈભવ માણસને રડાવશે. વળી વાત-પિત્ત અને કફથી કંઠ અવરોધાતા નામ ઉચ્ચારણ પણ દુર્લભ બને છે. તેથી ગુરુ મહારાજના પરમ કૃપાપાત્ર ભક્ત અદેસંગ જગતના સર્વ જીવોની આ કઠિન સમસ્યાનું પ્રતિનિધિત્વ લઈ અર્જુનની જેમ શ્રી જય મહારાજને પ્રાર્થના કરે છે કે, "હે ગુરુ મહારાજ! મૃત્યુની આ મહાન આંટી-ઘૂંટીમાં અમને કંઈક આધાર આપો. આપના શરણે આવ્યા પછી મૃત્યુનો ભય ટળી જાય છે. બાપજી! આપ અમારા ભગવાન છો. આપ એવો બોધ આપો કે મૃત્યુ આપોઆપ મોક્ષ બની જાય."

**अथवा सुखं शयीथाः निकटे जागर्ति जाह्नवी भवतः ।**

> બીજાને સુખ આપવા માટે જાતે અપાર દુઃખ વેઠે અને પોતાની જાત ઘસી નાંખે એનું નામ સંત.

# ૧૬. ઝાલોને મારી બાંહ્ય

## ગુરુજી હું તો ભૂલ્યો ભમું છું ક્યાંય રે
## મુજને ઠરાવોને માંહ્ય રે.....
## હરિદાસ કહે ઝાલો બાંહ્ય રે.....

(પદ : ૫૦, પૃ. : ૧૦૫)

વડોદરા મંદિરના આદ્ય પુરુષ શ્રી હરિદાસજી મહારાજ આપણા સહુના પ્રતિનિધિ બનીને, આપણા સહુ વતી પરમાત્મા શ્રી સંતરામ મહારાજને પ્રાર્થના કરી વિનવતાં કહે છે કે, "આ દુનિયાની જાળમાં ફસાઈ ભૂંડની માફક ભમતો રહી ભૂંડી વાસનાના ઉકરડાને ઉથામતો હું ક્યાંથી ક્યાં ભટકું છું, તેનું મને જરાય ભાન નથી. આ જીવ, વાસનાઓ અને વિકારોના જંગલમાં ભૂલો પડ્યો છે. હું આસક્તિના જંગલમાં એવો તો અટવાઈ ગયો છું કે, "હવે ક્યાંય રસ્તો દેખાતો નથી."

"આપ મારા ઉપર કૃપા કરી હવે આ જગતના ભોગ વિલાસોમાં ભટકતી વૃત્તિઓને સ્થિર કરી, શાંત કરીને મને અંતરમુખ બનાવો. હવે બહાર ક્યાંય ભટકવું નથી. હે બાપજી, હવે પરિતાપ વેઠાતો નથી. મને બોલાવીને આપની પાસે બેસાડો."

"હે બાપજી! અમારા ઉપર દયા કરી અમારુ બાવડુ પકડી-હાથ પકડીને આપના સાન્નિધ્યમાં બેસાડી અમને સાધના-ઉપાસના કરવાનું સાધન આપો. જેથી આપનો બતાવેલો માર્ગ અમને સુખ, શાંતિ અને ગતિ આપે. અમારુ કલ્યાણ થાય."

"મોહ-માયામાં ભટકતો-ભૂલો પડી ગયેલો હું હવે થાકી ગયો છું. મારી બાંહ્ય પકડી, પાસે બોલાવી મને અંદર બેસાડો."

> પરમાત્મા શ્રી સંતરામ મહારાજની આંખમાં જ્ઞાન-વૈરાગ્યનો નિવાસ છે. ભગવાન જેના પર કૃપા કરે તેની બુદ્ધિમાં જ્ઞાન પ્રગટ થાય છે. ભગવાનની જેના પર નજર પડે તેને સંસારમાં વૈરાગ્ય આવે છે. સંસારમાં જીવ અતિ દુઃખી છે, છતાં જીવને સંસાર મીઠો લાગે છે, સંસારસુખની જીવને ઘૃણા થતી નથી.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ



# ૧૭. તીર્થસ્વરૂપ 'જય મહારાજ'

## "તીર્થ સ્વરુપં સમદષ્ટિ યુક્તમ્ ।"

(પદ : ૮, પૃ. : ૨૮)

"હે પ્રભુ, આપ સાક્ષાત્ ભગવાન છો. આપનું સ્વરૂપ અલૌકિક છે. તીર્થને આંગણે ગમે તેવો પતિત શરણે જાય તો તીર્થ એનો ક્યારેય અનાદર કરતું નથી. અતિ પાપીનો પણ ઉદ્ધાર કરવા તીર્થ સમર્થ હોય છે. તેમ આપ પણ સમર્થ છો.

**અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।**
**ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શાશ્વચ્છાન્તિ નિગચ્છતિ ॥**

ગીતામાં ભગવદ્ વચનોક્ત (ગીતા ૯ મો અધ્યાય) તીર્થ તે આપ છો.

"હે જય મહારાજ! આપ તો 'તીર્થાસ્પદ' છો. જગત પોતાનાં પાપો તીર્થમાં ધુએ છે. તીર્થ જ્યારે અતિશય પાપથી ભરાઈ જાય, ત્યારે કોઈ તીર્થાસ્પદની રાહ જોતું બેઠું હોય છે. જે મહાપુરુષ પોતાના પાપ ધોનાર મહાપુરુષના ચરણરજથી પવિત્ર થઈ પાપમુક્ત બને છે. આવા તીર્થોના પાપનું આપ પ્રાયશ્ચિત છો.

સઘળે સમદષ્ટિ રાખનાર હે પરમાત્મા! અમે આપના શ્રીચરણોમાં સદાય વંદન કરીએ છીએ.

**તીર્થી કુર્વન્તિ તીર્થાનિ ।**
**સાધવો જંગમં તીર્થમ્ ॥**

સાધુપુરુષો જંગમતીર્થ સ્વરૂપ છે. આપણા તીર્થ સ્વરૂપ જય મહારાજે - શ્રી સંતરામ મહારાજે પૂજ્યવર શ્રી લક્ષ્મણદાસજી મહારાજશ્રીને તીર્થ બનાવ્યાં. પોતાની સાધુ પરંપરાને તીર્થ બનાવી. આ પારંપરિક તીર્થમાં જે કોઈ આવશે, તે પણ તીર્થ રૂપ જ બની જશે.

> સદ્ગુરુદેવ સંપત્તિ નહિ, સન્માર્ગ આપે છે. સર્વના ગુરુ શ્રી સંતરામ મહારાજ છે. શ્રી સંતરામ મહારાજ આ સ્થાનમાં અખંડજ્યોતિ સ્વરુપે સાક્ષાત્ બિરાજ્યા છે. આ સંસાર માયામય છે. સંસારમાં આવે છે તેને માયા ભૂલાવે છે. માયામાંથી છોડાવવા માટે સદ્ગુરુની બહુ જરૂર છે.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

# ૧૮. રહેજો લક્ષ્યમાં લાગી

**હવે વાચક જ્ઞાન મૂકી દેજો, રહેજો લક્ષ્યમાં લાગી;**
**ત્યારે દેહી તણાં રે ભાન ભૂલશો, એનું નામ જોગી ત્યાગી.**

(પદ : ૪૨, પૃ. : ૯૦)

જે પુણ્યાત્મા શ્રીહરિપરાયણ થવાની વૃત્તિ ધરાવે છે, તેને અંતર્મુખ થવાની વાત 'જય મહારાજ' કહે છે. ઉપનિષદમાં પણ ઉપદેશાત્મક પ્રવચન કરવાની, બોલવાની વૃત્તિ છોડી દેવાનું કહ્યું છે. "નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ ।" બહુ બોલ બોલ કરનાર ક્યારેય અંતર્મુખ બની શકતો નથી. તેને આત્મા પરમાત્મા મળી શકતા નથી. પોતાના ધ્યેયમાં લાગી રહેવા માટે પણ વાચિક જ્ઞાન કામ લાગતું નથી. આવા જ્ઞાનથી દેહાસક્તિ પણ દૂર થતી નથી. દેહાસક્તિ અહંકાર ઊભો કરે છે. અને અહંકાર લોભમાં પરિવર્તિત થતાં યાચકવૃત્તિ પતનના માર્ગે લઈ જાય છે. જેનાથી રાગ-દ્વેષની વૃત્તિઓ જન્મે છે. જેને કરીને સાધન-ભજનમાં વિક્ષેપ ઊભો થવાની પૂરી સંભાવના ઊભી થાય છે. ગીતાના ૧૧મા અધ્યાયના ૫૩મા શ્લોકમાં સ્વયં ભગવાને પોતાના શ્રીમુખે દર્શાવ્યું છે કે, હું યજ્ઞથી, તપથી કે વેદની વિદ્વત્તાથી પ્રાપ્ત થતો નથી.

**દર્શનાદેવ સાધવઃ ।**

સંતદર્શનથી માર્ગદર્શન મળે છે. મનુષ્ય તો પારસમણિ છે. જે સાચા સંતનું માર્ગદર્શન મળતાં તે શ્રીહરિના કંઠનો કૌસ્તુભમણિ બની જાય છે. કોઈપણ ક્ષણે, કોઈપણ ક્રિયા કરતાં જો સંતનો સાક્ષાત્કાર થઈ જાય, તો સંતની કોઈપણ ક્રિયા આપણને ક્રિયાત્મક ઉપદેશ આપતી જ રહે છે.

**વાચં યચ્છ મનો યચ્છ ।**

મુખરતા દોષ મૂર્ખતા કરતાં પણ અધિક હાનિ કરે છે. મૂર્ખનું મૌન આભૂષણ બની જાય છે. મૂર્ખથી કોઈકવાર અણઘટતું બોલી જવાય, તો સજ્જનો તેની ઉપર દયા લાવી, તેની વાતને હસી કાઢે છે. પરંતુ મુખરતાને તો માફી જ ન મળે. મુખરતા એટલે બિનજરૂરી બોલવું અને વાણીનું પાપ કરવું. વાણીનો ઉપયોગ હરિગુણ ગાવામાં જ કરાય. વ્યર્થ બોલબોલ કરવાથી આયુષ્ય ઘટે છે. પુણ્ય ખૂટે છે અને ભગવાનથી વિમુખ થવાય છે. મૌન રાખી મનમાં મંત્રજાપ કરવો. આથી વાણીનું તપ થશે. વાણીની પ્રબળતા વધે છે. મૌનથી પુણ્યાત્મા થવાય છે.



# ૧૯. 'જય મહારાજ'ના દર્શન

**મન પ્રેમ ધરી સંતરામ મહારાજના દર્શન કીજે**
**કારજ સીજે અભ્યંતરમાં નામ નિરંતર લીજે.**

(પદ : ૭૬, પૃ. : ૧૪૧)

"હે શરણાગત ભક્ત! તું શ્રી ગુરુ મહારાજને શરણે આવ્યો છું, તો મનને પ્રેમથી ભરપૂર કરી દે. મનના રાગદ્વેષ, આવેશ, વાસના જેવા ઉપદ્રવોને બહાર મૂકી દે. અને ગુરુ મહારાજના પ્રેમભર્યાં હૃદયથી દર્શન કરી લે. પરમાત્મા શ્રી મહારાજ, સાક્ષાત્ પ્રેમસ્વરૂપ કરૂણાની મૂર્તિ છે. તારા પર અનુગ્રહ કરી, આજે તારા પૂર્વના પુણ્યનો ઉદય કરવા તને ગુરુ મહારાજનાં દર્શન થયાં છે. તો ઘણા હેતથી આજે આ પરમ શ્રી ગુરુજીનાં દર્શન કરી લે. જેથી તારા ભવસાગરનો ફેરો સાર્થક થશે. તારો માનવ દેહ સફળ થશે. તારા જીવનનું ધ્યેય સિદ્ધ થશે."

"જો ભાઈ! પરમ કૃપાળુ સદ્‌ગુરુના નામનું હંમેશા રટણ કર્યા કરીશ, તેમના નામથી વિસ્મૃતિ થવા દઈશ નહીં, તો ગુરુ મહારાજ તારા અંતઃકરણમાં દીવો બની ઉરમાં અજવાળાં પાથરશે. પાપના અંધકારની કાળાશ ક્યારેય આવવા દેશે નહીં. ગુરુજીને પામી મોક્ષને પામવાનું તારું પરમ લક્ષ્ય સિદ્ધ થશે. તારું કાર્ય સિદ્ધ થશે. તારા જીવનમાં સફળતા મળશે. અંતર્મુખ બની નિરંતર જય મહારાજના માધ્યમથી આત્માનુસંધાન કરતો રહેજે."

> શ્રી સંતરામ મહારાજનું સ્વરૂપ દિવ્ય છે. ભગવાનનો અવતાર મથુરાજીમાં, અયોધ્યાજીમાં થાય તેથી બહુ લાભ નથી, ભગવાનનો અવતાર આપણા ઘરમાં થાય તો લાભ છે. મંદિરમાં દીપ પ્રગટે છે તો તેના પ્રકાશનો લાભ ત્યાં મળે છે. તમારા ઘરમાં દીવો પ્રગટાવો, એ દીવાના પ્રકાશનો લાભ તમારા ઘરને મળશે. જે સર્વવ્યાપક પરમાત્મા છે, તેમનાથી ક્રિયા થઈ શકે નહિ. સર્વવ્યાપક પરમાત્મા નિષ્ક્રિય હોય છે, સર્વકાળ અને સર્વમાં છે તે ક્યાંય જાય નહિ અને આવે નહિ.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

## ૨૦. ભક્તિની ભીનાશ

**ચાર જુગકી કુન પડી હૈ મૈં મેરા કરલીના,**
**સત્‌ગુરુ મોએ આન મિલે તબ અંતર ઘટમેં ભીના.**

(ગુરુ બાવની, પદ : ૧૫, દોહો : ૩૦, પૃ. : ૫૨)

જેને સાચા સત્‌ગુરુ 'શ્રી સંતરામ મહારાજ' મળ્યા છે, એ તો બેફીકર બની ગયો. હવે એને કોઈ ચિંતા કરવાની રહેતી નથી. બસ મસ્ત બની શરણાગતિ સ્વીકારી 'જય મહારાજ'નો બનીને રહે છે. તેને કાળનું કોઈ બંધન નડતું નથી. સત્‌ગુરુ તો કાળના પણ કાળનું સ્વરૂપ છે. એમને શરણે રહેનારને કાળ કશું જ કરી શકતો નથી.

જેને સમર્થ શ્રી ગુરુદેવ મળી ગયા, એ તો અંતઃકરણમાં મન-બુદ્ધિથી ભક્તિના ભાવ વડે સદાય ભીનો રહ્યા કરે છે. એનું જીવન સદાય લીલું, હરિયાળું, રસમય રહે છે. એ ભીનાશથી અને ગુરુ મહારાજની અહૈતુક કૃપા વડે શરણાગત ઉપાસકને માટે નિર્ભય બની પોતાનું આત્મસાધન મેળવી અંતર્મુખ થતાં મસ્ત બની રહે છે. એને ચારયુગનાં બંધન સ્પર્શ કરી શકતાં નથી. મહા હળાહળ કલિકાળ કે સતયુગ, ત્રેતાયુગ કે દ્વાપરયુગ, જગત અને કાળ એકરસ ભાસે છે. જેણે આત્માનુભૂતિ કરી લીધી છે, અંતર્મુખતા મેળવી છે. એને જગત, વ્યવહાર કે કાળ કશું જ સ્પર્શી શકતું નથી. તે ત્રિકાલબાધિત પરમસત્યને પ્રાપ્ત કરી લે છે. કાળનું બંધન તેને કશું જ કરી શકતું નથી.

**પરમાત્મા શ્રી સંતરામ મહારાજ પરમાનંદનું સ્વરૂપ છે. જે આનંદ નિરાકાર છે તે સાકાર શ્રી રામ, શ્રી કૃષ્ણરૂપે પ્રગટ થાય છે. નિરાકારનાં દર્શન આંખથી થતાં નથી. નિરાકારની કોઈ પૂજા ન કરી શકે. નિરાકારને કોઈની દયા આવતી નથી. ચેતન પરમાત્મા સર્વમાં મળેલા છે તેથી તેને વ્યાપક કહે છે. પરમાત્મા સાકાર ત્યારે તેમને દયા આવે છે.**

**-પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



## ૨૧. સાચું શરણું

**હું કરણીનો તો છું કાચો,**
**આવ્યો શરણ તમારે તે સાચો;**
**અધિકારી કેમ હઠે પાછો,**
**સત્‌ગુરુ મહારાજ.....**

(પદ : ૭૦, પૃ. : ૧૩૪)

"હે પરમાત્મા! હું મારા જીવનમાં અનેક કર્મો કરતો રહ્યો. મારી હીનતાનો કોઈ પાર આવે તેમ નથી. મારા જીવનમાં કર્મોની કચાશ ઘણી બધી છે. અમારી અધૂરપ, અમારી અપરાધી દશા કે અજાણ અવસ્થા અને અબુધપણુ એ સર્વે આપ સર્વજ્ઞથી કાંઈ અજાણ નથી. આપ અંતર્યામી છો. હે ગુરુ મહારાજ, પતિતપાવન, અશરણના શરણ અને નિરાધારના આધાર હું આપના શરણે આવ્યો છું. મારા જીવનમાં મને આ પહેલી વાર જ સાચું શરણું મળ્યું છે. ઘણું ઘણું ભટક્યો છું. પણ મન ક્યાંય ઠર્યું નથી. આ જીવનના શરણનો આધાર એવા આપ એક જ મળ્યા છો. મારું જે કંઈ ગણો, તે એક માત્ર આપ જ છો. આપ અમારા માતા-પિતા છો. અમે આપના બાળક છીએ. જેથી હવે બીજે ક્યાંય ભટકવાનો પ્રશ્ન ઊભો થતો જ નથી. બાપજી આપના બાળક તરીકે અમારો આ અધિકાર છે એને આપ પાછો ઠેલી, હડસેલી શકો જ નહીં. આપના સંતાન તરીકે આપની યૌગિક, આધ્યાત્મિક અને ત્યાગના વૈભવની સંપત્તિના અમે વારસદાર છીએ. જો અમે આ અધિકારી ન હોઈએ તો અમને આ છ અધિકારના લાયક બનવાની અમોને લાયકાત આપો. તેના લાયક બનાવો. અમારામાં યોગ્યતા, પાત્રતાની ઉણપ હોય, તો એને પૂરી કરવા માટે આપ સમર્થ છો. બાપજી, હવે તો ભજન, ઉપાસનાની મિલકતનો વારસો આપવો જ પડશે. આપની નિર્વિકલ્પ સમાધિ, ધ્યાનના અમે અધિકારી હોઈએ કે ન હોઈએ. હવે અમે પાછા હઠવાના નથી. આપની પાસેથી દીક્ષા, જ્ઞાન, દાન લઈને જ જંપીશું. અમારો હક્ક છે. આમ હરિદાસ મહારાજ બાપજીને કહે છે. આપણે પણ આવા સમર્પિત જીવ બનીએ, ત્યારે જ અધિકાર સ્થાપિત કરી શકાય."

## ૨૨. સન્મુખ રહી અંતર્મુખ રાખજો

**મારું કાચું હોય તે સૌ કે'જો,**
**સવળા થઈને સન્મુખ રે'જો,**
**અરજી હરિરામની ઉર લેજો,**
**સત્ગુરુ મહારાજ મહેર કરો તો......**

(પદ : ૭૦, પૃ. : ૧૩૪)

ભગવત્ સમર્પિત જીવનમાં માણસે પોતાનાં માન, અહંકાર ઓગાળી નાખવાં એને જ સાચી શરણાગતિનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.

પોતાની ભૂલ સંતાડીને મોટા થવાની વૃત્તિ દુનિયાદારી જીવની હોય છે. નાનું બાળક પણ પોતાની ભૂલને બીજાને માથે ઢોળી દેવાની વૃત્તિ રાખે છે. ભગવાનના બન્યા પછી એક જ વાત કરવાની કે પોતાની અંદર રહેલી ઉણપો આપણે ક્યારેય જોઈ શકતા નથી. પોતાની દૃષ્ટિ પ્રથમ સાફ હોવી જોઈએ. ત્યાર પછી જ બીજાની આંખમાં દૃષ્ટિ કરી શકાય. અરીસામાં પોતાની આંખ જોતાં પહેલાં અરીસો સાફ હોવો જોઈએ. તો જ પોતાની આંખ સાફ જોઈ શકાય.

"હે પ્રભુ! મારા જીવનમાં જે કાંઈ કચાશ, ભૂલ, ઉણપ હોય તો તે જરૂરથી કહેજો. બાપજી, જો આપ નહીં બતાવો તો પછી અમારો ઉદ્ધાર કોણ કરશે? જેના પર હેત, વ્હાલ, મમતા હોય તેને જ તેના ભલા માટે ટોકી શકાય. બીજા અજાણ્યાને ટોકી શકાય નહીં. હે ભવરોગ વૈદ્ય ગુરુદેવ! અમારા જીવનમાં જે જે રોગ હોય તે આપ બતાવજો."

અમારા જીવનની વિકૃતિઓ જોઈને બાપજી આપ મોંઢું કે દૃષ્ટિ ફેરવી ના લેશો. અમારા પર કૃપાદૃષ્ટિ રાખજો. સદાય અમારી સન્મુખ રહેજો. તો જ અમારા જેવા અલ્પ જીવનો ઉદ્ધાર થશે. અમે બાળક છીએ.

**કુપુત્રો જાયેત કવચિદપિ**
**કુમાતા ન ભવતિ ।**

અમારાથી ક્યારેય રૂઠશો નહીં. સદાય રાજી રહેજો. અમારી ભૂલનું આંતર દર્શન કરાવી સન્મુખ રહેજો. અને અમને અંતર્મુખ રાખજો. બાપજી અમારી આટલી અરજીને ગણતરીમાં લેજો.



## ૨૩. અંતર્યામી

**સત્ગુરુ સ્વામી અંતર્યામી**
**અરજ લિયો મહારાજ.....**

(પદ : ૧૭, પૃ. : ૬૬)

સત્ એટલે પરમ સત્ય. ગુરુ એટલે શ્રેષ્ઠ-મહાન. શ્રેષ્ઠ પરમ સત્ય છે. તે પરમ સત્ય તત્ત્વ એવા સદ્ગુરુ આપ અમારા સ્વામી, અમારું સર્વસ્વ, સાહેબ અને શ્રેષ્ઠી છો. આપના ઉપર વારી જઈ અમારું તન-મન આપને સમર્પિત કરેલું છે. આથી ગુરુ ભગવાન, શરણાગત ભક્તના શરીર સહિત સમસ્ત જીવનના અધિષ્ઠાતા છો. જે સત્ય સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે. જગતના જીવોના શ્રેષ્ઠ મહાન સત્ય એ અમારા સ્વામી-ભગવાન છે. જેઓ અમારા અંતઃકરણના જ્ઞાતા અને શિષ્યના દરેક ભાવ, કુભાવને ગુરુ-ભગવાન સમજવાવાળા સદાય સેવકના અંતરમાં નિવાસ કરવાવાળા અમારા અંતઃકરણના ખૂણેખૂણાની રજેરજ વાતને જાણવાવાળા અંતર્યામી છો. અમારા જીવનની આર્ત જિજ્ઞાસાવાળી પ્રાર્થના-અરજી સ્વીકારી લો. આપનાથી અમારુ કશું જ અજાણ્યું નથી. અંતર્યામી આપ અમારા હૃદયને પુસ્તકની જેમ વાંચવાવાળા છો.

"હે જય મહારાજ! અમે દંડવત્ પ્રણામી, અમારા સમસ્ત જીવનને આપની સેવામાં, આપના ચરણે સમર્પિત કરીએ છીએ. આપ જરૂરથી આ ભેટ સ્વીકારી લેશો. અમારી પાસે અમારુ કહેવાય એટલું જે હતું તે અને તેવું, આ જીવન આપનું છે. આપની સેવા માટે છે. હે કલ્યાણકારી પરમ સત્ય આપ અમારી અરજી સ્વીકારી લો."

**સત્યસ્ય સત્યં નિહિતં ચ સત્યે ।**
**સત્યાત્માકં ત્વાં શરણં પ્રપન્નાઃ ॥**

શ્રીમદ્ ભાગવતમાં વ્યાસજીએ જે પરમ સત્ય વર્ણવ્યું છે તે પરમ સત્ય આપ જ છો. "સત્યં પરં ધીમહિ." જગતનું પરમ સત્ય તે શ્રી સંતરામ મહારાજનું સ્વરૂપ છે.

# ૨૪. ભીડભંજન જય મહારાજ

## ભીડ ભંજન ગરવ ગંજન શરણાગત સુખકરણ.....

(પદ : ૨૯, પૃ. : ૮૧)

"હે પરમકૃપાળુ મહારાજ! આપ ભક્તવત્સલ છો. જય મહારાજની એ જ મહાનતા છે કે તેઓ નાનામાં નાના, પણ શરણે આવેલાને આનંદ આપવાવાળા છે. એની રક્ષા પણ મહારાજ જ કરે છે. આવા તેઓ દયાળુ અને પ્રેમાળ છે. શરણાર્થીને માતૃપ્રેમનું દાન કરે છે. હે પ્રભુ! આપની કરૂણાને કોઈ ઓળંગી શકવાનું નથી. આપ સહુને શરણું આપો છો. કારણ આપ કરુણાસાગર છો."

"હે જય મહારાજશ્રી આપ ભક્તની ભારેમાં ભારે ભીડને ભાંગવાવાળા છો. ભયાવહ આપત્તિમાંથી ઉગારવાવાળા છો. ભીડવાળા ભક્તની પ્રાર્થના સ્વીકારીને સૂક્ષ્મશક્તિ રૂપે એના અવસરની ભીડ આપ જ ભાંગો છો. આવા અતિ કોમળ સ્વભાવવાળા હે પ્રભુ! આપનો મહિમા અપરંપાર છે. દીન ભક્તોની વ્હારે ચઢી 'જય મહારાજશ્રી' આપે કેટલાય ઉપાસકોને સુખી કર્યા છે."

"હે દયાળુ! હે અધમનો ઉદ્ધાર કરનાર બાપજી! આપનો શરણાર્થી ક્યારેય ભૂલથી મદ-અહંકારમાં આવે ત્યારે તેના ધન, સત્તા અને બુદ્ધિથી મદાંધ બનેલાનો ગર્વ ઉતારનાર પણ આપ જ છો. આપ જનજનના અહંકારને ચૂર ચૂર કરનાર છો. ગમે તેવા મોટામાં મોટા સત્તાધારીનો ગર્વ ક્ષણવારમાં ઉતારી નાખો છો. પ્રભુ! આપ તો શરણે આવેલાને, માતા જેમ બાળકને વ્હાલ કરે છે તેના કરતાં પણ વિશેષરૂપે ભક્તો પર કાયમી વાત્સલ્ય રાખવાવાળા છો. તેની આપત્તિ અને અહંકાર બંનેને ટાળો છો. શરણે આવેલાને સુખ દેવાવાળા છો."

**પરમાત્મા શ્રી સંતરામ મહારાજ એ ધર્મની મૂર્તિ છે. ધર્મ એ જ પરમાત્મા છે. જે ધર્મને છોડે તે પરમાત્માને છોડે છે. જે પોતાના ધર્મમાં સ્થિર રહે છે, ભગવાન તેની સાથે રહે છે. વિષ્ણુસહસ્ત્રસ્તોત્રપાઠમાં વિષ્ણુભગવાન ધર્મની મૂર્તિ છે એમ વર્ણન છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# ૨૫. મુનશા દેહ

## કરી મહેર મુનસા દેહ આપીયો તમ શરણે રે.....

(પદ : ૯૬, પૃ. : ૧૬૬)

શ્રી લક્ષ્મણદાસજી મહારાજ, શ્રી સદ્ગુરુ ભગવાનને વિનવતાં કર જોડી કહે છે કે, હવે આપે કૃપા કરી, કરુણાની દૃષ્ટિ કરીને આ મનુષ્ય જન્મ આપ્યો છે. એને કૃતાર્થ કરવા આપ શરણમાં લઈ, આ જીવનો સ્વીકાર કરી હે બાપજી એનો ઉદ્ધાર કરો.

અપેક્ષા વગરની ભગવાનની કરુણા-કૃપા વડે જ આ જીવ મનુષ્ય દેહ પામી શક્યો છે. નહીં તો હે બાપજી! આ અધમ જીવનો અધિકાર છે જ નહીં કે, "જે હક્કથી મનુષ્ય જન્મ મેળવી શકે." ક્યારેક આપની સહજ કૃપા જ જીવને સદ્ગતિ આપે છે. આ મનુષ્ય જન્મ એ આપની અમીદૃષ્ટિનું ફળ છે. હવે જગતમાં ભટકવાની જરાય ઈચ્છા નથી. હે ગુરુદેવ! લખચોરાસીમાં ઘણું ઘણું ભટક્યો. આ ચોરાસીની ખાણમાંથી જાતે બહાર નીકળવાની જરાય શક્તિ ન હતી. આપે જ આ બાળક ઉપર સહજ સ્નેહ વરસાવીને માનવ દેહ આપ્યો છે. 'હે જય મહારાજશ્રી!' હવે એને આપના શરણમાં જ રાખી લો એને બીજે ક્યાંય ભટકવા જવાની ઈચ્છા હોય તો પણ, આપ અનુગ્રહ કરી, અનુશાસન વડે આપના શરણેથી ક્યાંય દૂર જવા દેશો નહીં. હે પ્રભુ! આપ મારા જીવનના આધાર છો. મારા અંતર્યામી છો. આપના ચરણમાં શરણ આપી હંમેશને માટે મારો સ્વીકાર કરજો. બાપજી હું આપનો છું. આપનો જ છું. હું સદાય આપનો જ છું. તવાસ્મિ! તવાસ્મિ!"

**"કબહુક કરી કરુણા નરતનુ દેહી,**
**દેત ઈશ બીનુ હેતુ સનેહી."**

**કોઈપણ સમયે, જેટલું બને, જેવી રીતે બને, જ્યાં જ્યાં બને ત્યાં સુધી સર્વ માનવોનું ભલું કરો. કોઈ પણ પ્રસિદ્ધિ માટેની સેવા વ્યર્થ છે. કંઈ પણ અપેક્ષા વગરની સેવા ઉત્તમ છે.**

## ૨૬. કરોડો અપરાધની ક્ષમા

"ત્રિવિધ તાપ દર્શનસે ટાળત, કોટિ અપરાધ વિસારી."

(પદ : ૨૮, પૃ. : ૮૦)

યોગીરાજ અવધૂત ભગવાન દત્તાત્રેય અવતાર શ્રી ગુરુ મહારાજના દર્શનથી જગતના કોટિ કોટિ અપરાધ, જન્મોજનમનાં પાપ તથા સંચિત કર્મોનો નાશ થઈ જાય છે. શ્રી સંતરામ મહારાજનાં દર્શન તો જગતમાં જીવનાં પાપ અને તાપ બંને શાંત કરનાર છે. દુનિયાના દુઃખી જીવોના દુઃખોને સહી લેનાર છે. જીવનાં ત્રિવિધ તાપ ટાળી તેને શાંતિ આપનાર છે. જીવ અનેક જન્મોથી અપરાધી બનીને પાપ કરવામાં પાછું વળીને જોતો પણ નથી. પાપ કરવામાં એને મધુર સ્વાદ આવે છે. સ્વાદવૃત્તિથી તે વધુ ને વધુ પાપની ગર્તામાં ધકેલાતો જાય છે. જ્યારે ભગવાનની અતિ કૃપા થાય, ત્યારે જ સમર્થ સદ્‌ગુરુ ભગવાનના આ પાપી જીવને દર્શન થાય છે. જેથી એનાં બધાં જ પાપ બળી જાય છે. જીવનાં પાપ-અપરાધોને જાણતા હોવા છતાં ગુરુ-ભગવાન, શ્રદ્ધા-ભક્તિથી દર્શને આવતા શરણાર્થીને સ્વીકારી લે છે.

મહારાજનું દર્શન જગતને શાંતિ આપનારું છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપ જીવને દુઃખી કરે છે.

(૧) મનના વિચારોની તોફાની આંધી, માણસને એની નિષ્ઠા, શ્રદ્ધાને ભક્તિમાંથી વૃક્ષની જેમ ઉખાડીને ફેંકી દે છે.

(૨) શરીરની વ્યાધિ માણસને જીવનમાં દુઃખી કરી નાખે છે. કાયમી ઘર કરી ગયેલ રોગ જીવને મરતાં સુધી છોડતો નથી. આ વ્યાધિ શાંતિથી જીવવા દેતી નથી.

(૩) આસક્તિને કારણે આ સંસારના વ્યવહારો, સંબંધો અનેક દુઃખોનું કારણ બને છે. જેનાથી માણસ જીવનભર હાય હાય કરતો જ રહે છે. સગાં-સંબંધીઓનાં દુઃખે દુઃખી થતો જીવ ક્યારેય શાંતિ મેળવી શકતો નથી. ક્યારેક આર્થિક ઉપાધિ પણ દુઃખનું કારણ બની જાય છે.

આમ જગતનાં આ ત્રણે તાપનું નિવારણ એક માત્ર શ્રી સદ્‌ગુરુ ભગવાનના દર્શન અને સ્મરણથી જ દૂર થઈ શકે. બાકી તો આ જીવ મહા પાપી છે. તેનો ક્યારેય ઉદ્ધાર ન થઈ શકે. પણ પરમાત્મા શ્રી સંતરામ મહારાજના દર્શનથી જીવને શાંતિ મળે છે. અને તે સદ્‌ગતિ મેળવવાનો અધિકારી બને છે.



## ૨૭. ચાર પુરુષાર્થના દાતા

"પરમ દયાલ મનોરથ પૂરણ દેત પદારથ ચારી"

(પદ : ૨૮, પૃ. : ૮૦)

"હે દયાની મૂર્તિ! આપની ઉદારતાનો તો કોઈ તાગ મેળવી શકે તેમ નથી. આપની અપાર દયા, ભક્તોના હૃદયને સુખ-શાંતિ આપનાર છે. હે પ્રભુ! આપ દયાના સાગર અમને મળ્યા. પછી અમને ક્યારેય કશી જ ખોટ પડવાની નથી. આપની પરમ દયાની કોઈ હદ જ નથી. આપે દયા કરીને આ જીવને લાયક બનાવ્યો છે. પ્રભુ હવે મારી ઉપર કૃપા કરો. મારા મનોરથ આપ પૂરા કરો. હે સુખસાગર, મારા જીવનને પૂર્ણ બનાવો. ચાર પદાર્થોમાંના મોક્ષ પદાર્થને પામવા આપ મારા જીવનને ભરી દો. ધર્મ, અર્થ, કર્મ અને મોક્ષ આ ચારેય પદાર્થોમાંથી સમજણ આપી મનને એવું પરિપૂર્ણ બનાવી દો કે એનામાં સહેજ પણ વાસના રહેવા પામે નહીં. આ જીવને જગતના ભૌતિક સુખ માટે ફરી પાછુ જનમોજનમ ભટકવું પડે નહીં. જીવન જીવતાં જીવતાં જ મોક્ષ પદારથ સિવાયના પદાર્થોથી ઉપરામતા આવી જાય. જેથી પરમતત્ત્વને પામવાનું જીવનું અંતિમ લક્ષ્ય કે જે મોક્ષ છે તે સહજ બને. ક્યારેય, ક્યાંય મનની વાસના ઈચ્છા, મનોરથ અધૂરા ન રહે. ભગવાન આપ કૃપા કરીને મને ચારેય પદારથ - ધર્મ, અર્થ, કર્મ અને મોક્ષના દાનની દીક્ષા, ભિક્ષા અને શિક્ષા આપો જેથી મારું મન સુખના ધામ એવા 'શ્રી સંતરામજી'ના સ્મરણમાં રહે અને જગતના રાગ-દ્વેષથી છૂટે."

**આ માયામય સંસારમાં જે આવ્યો છે તેને માયા ભૂલાવે છે. જે કોલસાની ખાણમાં જાય તેનાં કપડાં બગડે છે. જ્ઞાની હોય, યોગી હોય તે બધાંને સદ્‌ગુરુની જરૂર પડે છે. ભગવાનનાં દર્શન ન થયા હોય કે થયા હોય, તેમને સદ્‌ગુરુની જરૂર પડે છે. સંતોનાં વખાણ કરવાથી હૃદય નિર્મળ થાય છે. મનની અશાંતિ ને ચંચળતા ગુરુદેવના આશીર્વાદથી દૂર થાય છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# ૨૮. ચરાચર વ્યાપક

## "પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક સોહી શુભગતનું ધારી"

(પદ : ૨૮, પૃ. : ૮૦)

અહીં મહારાજનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. પરમાત્મા શ્રી મહારાજ અવધૂત અવતારે પધાર્યા, એ તો સાક્ષાત્ ચરાચર વ્યાપક તત્ત્વ છે. જે સમગ્ર વિશ્વને ભરપૂર રાખે છે. જેના અસ્તિત્વ વિના જગત ખાલી લાગે છે. જેનું અસ્તિત્વ નથી, એવા જગતના આધાર અને જગતના કારણ 'બ્રહ્મ' છે. આ પરમ તત્ત્વ જે પૂર્ણબ્રહ્મ સ્વરૂપે સર્વત્ર વસે છે, તે "પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ" મહારાજશ્રીનું છે. 'શ્રી સંતરામ મહારાજ' તો એક જ રૂપે હોવા છતાં આ અનંત વિશ્વમાં વ્યાપક એવું પરમ તત્ત્વ તે મહારાજશ્રીનું સાચું વિરાટ સ્વરૂપ છે. મહારાજની એકદેશીયતા નથી. જ્યાં દર્શન કરો, જે મંદિરમાં વંદન કરો ત્યાં બધે, સર્વત્ર ગુરુ મહારાજ જ બિરાજી રહ્યા છે. એમના આ અકળ સ્વરૂપને કોઈ સામાન્ય જીવ પામી જ ન શકે. ગુરુ મહારાજને પામવા માટે તો હે મન! તું સતત ગુરુ મહારાજને ભજ. ભજનથી તેઓ તારા ઉપર કૃપા કરશે અને તને ગુરુ મહારાજના એ 'પૂર્ણબ્રહ્મ' સ્વરૂપનું દર્શન થશે.

> ગુરુ સાચો ઉપદેશ, સારી મતિ, સમતાબુદ્ધિ આપે છે. અજ્ઞાનને દૂર કરી જ્ઞાન આપે, આત્માનો વિચાર કરવા પ્રેરે, બ્રહ્મદર્શન કરાવે, બ્રહ્મમય કરે, સદ્ગુરુ જેને અપનાવે તેને પરમાત્માના ચરણે લઈ જાય છે. સંત સાથે એવો પ્રેમ સંબંધ બાંધો કે સંત જ્યાં જાય ત્યાં તમને યાદ કરે. યોગીરાજ શ્રી સંતરામ મહારાજનું જ્યોતિસ્વરૂપ આંતરદર્શન કરાવે છે, તે અજ્ઞાનને દૂર કરે છે. સંતરામ મહારાજની સેવાભક્તિ સહુનું મંગલ કરશે.
>
> પરમાત્મા શ્રી સંતરામ મહારાજનો વિયોગ એ જ મોટો રોગ છે. જીવાત્માને પરમાત્માનો વિયોગ થયો છે ત્યારથી જીવ દુઃખી છે. જીવ ઈશ્વરથી અલગ થયો ત્યારથી તેને 'કામ' બહુ ત્રાસ આપે છે, ત્યારથી તેને કાળ મારે છે.
>
> મરતી વખતે લોકોએ પરમેશ્વરનું ધ્યાન કરવું એટલે ભગવાન તેને પોતાના સ્વરૂપમાં લઈ જાય છે.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ



# ૨૯. મનની મોટી ખોડ

## મનમુખીમાં મોટી ખોડ, ગુરુની કીરપા ન થાય, તેનું જીવ્યું ધિક્કાર છે, હરખ શોક કેમ જાય.

(પદ : ૮૪, પૃ. : ૧૫૧)

મનમુખી જીવ મનનો ભટકાવ્યો ભટક્યા કરે છે. તેનું મન તેના કહ્યામાં નથી. માણસ પોતે જ મનના કહ્યામાં સપડાઈ જાય, ત્યારે એ મનમુખી કહેવાય. આવા મનમુખી જીવની અધમ વૃત્તિઓ એને દુરાચાર તરફ ઢસડી જાય છે. આવો મનસ્વી-મનમુખી દુર્ગુણો અને વ્યસનનો ભંડાર બની જાય છે. વ્યસન અને વાસનાના વિષયો સામે આવતાં એ વિવશ બની જાય છે. આ વિવશતા એના જીવનને ભૂંડની માફક ગંદકીના કીચડમાં નાખે છે. આવું જીવન લૌકિક અને પરલૌકિક બંને રીતે હીણપણભર્યું અને ગંદુ બની જાય છે. આવા મનમુખીની અધોગતિ થાય છે. આવો મનસ્વી-મનમુખી જીવ ઈષ્ટકૃપા કે ગુરુકૃપા મેળવવાને પાત્ર બની શકતો નથી. આવા ભટકતાં મનવાળા જીવમાં એક પ્રકારની આસક્તિને કારણે તે રાગ-દ્વેષના પ્રપંચોથી દુઃખી થયા કરે છે. એના જીવનમાં આવેગોનો ધોધ ઊભરાયા કરે છે. જેને કારણે તેનું આયુષ્ય સતત જુઠ્ઠા હરખ-શોકના આવેગોમાં તણાયા જ કરે છે. આવા હીન જીવનું જીવન, ગમે તેટલું સત્તા-સંપન્ન કે ધનવૈભવ યા બુદ્ધિ, રૂપ, બળ કે વિદ્યા સંપન્ન હોય તો પણ એ પશુથી પણ હીન જીવન જીવે છે. જે ધિક્કારને પાત્ર છે.

એટલે સુખસાગર મહારાજ જીવને ઉપદેશ કરી શિખામણ આપે છે કે, "મારે શરણે આવેલા જીવે મનસ્વી બની મનમુખી પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં. મનમુખીપણાથી હંમેશાં દૂર રહેવું."

> તમે સેવક બનો, પરમાત્માને સ્વામી માનો. જીવનો જગત સાથેનો સંબંધ ખોટો છે. જીવે જગત સાથેનો સંબંધ છોડવો જ પડશે. જીવનો ઈશ્વર સાથેનો સંબંધ જ સાચો છે. પરમાત્મા સાથે સંબંધ રાખો. સંબંધથી સ્મરણ થાય છે. સંબંધથી લાગણી અને સ્નેહ થાય છે. પરમાત્મા સાથેનો સંબંધ કામ લાગે છે.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

## ૩૦. જેનાં દર્શન કરતાં પાપ બળે

**જેનાં દર્શન કરતાં પાપ બળે**
**દુ:ખ જન્મ-મરણ કેરાં ટળે**
**વળી બાલકદાસને અનામ મળે.....**

**- નિજાનંદસ્વામી**
(પદ : ૭૫, પૃ. : ૧૪૦)

આ પદ-ભજનમાં બાલકદાસને ગુરુ મહારાજશ્રીની ઉપાસના કરતાં કરતાં એમને જે અનુભૂતિ થઈ તેનું દર્શન કરાવવામાં આવ્યું છે. ગુરુ મહારાજના શરણ અને સેવા દ્વારા એમને આત્મતત્ત્વની અનુભૂતિ થઈ. શ્રી ગુરુ મહારાજે આ આત્માનુભૂતિ કરાવી.

આ આત્મદર્શનમાં બાલકદાસને ગુરુ મહારાજના મૂળ સ્વરૂપનો સાક્ષાત્કાર થયો. શ્રી ગુરુ મહારાજનું સ્વરૂપ એવું શાંત અને સાત્ત્વિક છે કે, જેના દર્શનથી ગુરુભક્ત ઉપાસકને પોતાના જીવનના એક એક દુરાચરણ અને દોષોનું દર્શન થાય છે. એના જીવનમાં એને પોતાને દેખાતા એના પોતાના અનેક અપરાધો કે જે પાપની અનુભૂતિ કરાવતા હોય તે તમામ દુષ્ટ વિચારો, દુરાચરણ સહિતની વાસના વહી ગયા પછી ગુરુભક્તને આવા ઉચ્ચકોટિના ગુરુની પ્રાપ્તિ થાય છે અને એમના દર્શન મળે છે. જે તેનાં પાપ અને તાપને શાંત કરી દે છે. જીવને શીતળતાનો સહજ અનુભવ કરાવે છે."

જગતના સહુ જીવોને મૃત્યુનો મોટામાં મોટો ભય છે. જીવમાત્રને જન્મ-મૃત્યુના રોગનો ભય છે. આ ભયને દૂર કરનાર મહારાજશ્રી તો આ ભવરોગના વૈદ્ય છે. જેઓ પોતાના ઉપદેશરૂપી સારવારથી બધા જ પ્રકારના રોગથી જીવને મુક્ત કરવા સમર્થ છે. ગુરુ મહારાજની વાણીથી ભૌતિક વાસનાઓ અને દુ:ખોનો વિનાશ થતાં બાલકદાસજી પોતાનો અનુભવ જણાવતાં કહે છે કે બ્રહ્મતત્ત્વ-આત્મત્ત્વનો અનુભવ કરાવનાર એ મહારાજશ્રીનું સ્વરૂપ નિજાનંદમાં મસ્ત રહેવાવાળું હોવાથી ભક્ત કવિએ ગુરુ મહારાજશ્રીને નિજાનંદસ્વામીનું સંબોધન યથાયોગ્ય કર્યું છે. અને શ્રી સંતરામ મહારાજશ્રીની સહજ અવસ્થાનું દર્શન કરાવ્યું છે.



## ૩૧. ઘટમાં પ્રકાશ

**"મારા મનના સંદેહ સહુ કરો નિર્મળનામી રે**
**આ ઘટમાં થાય પ્રકાશ અંતર્યામી રે"**

(પદ : ૯૭, પૃ. : ૧૬૬)

શ્રી ગુરુ મહારાજના શરણે આવ્યા પછી લક્ષ્મણદાસજી મહારાજ વિનંતી, પ્રાર્થના કરીને શરણાગત વત્સલ બાપજીના ચરણોમાં બેસી આર્તભાવથી બોલ્યા : "હે ગુરુ મહારાજ આપ તો ત્રણ કાળ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા તેમ જ દ્વંદ્વાત્મક જગતથી પર છો. પરમ શુદ્ધ સાત્ત્વિક આપનું સ્વરૂપ છે. આપનું સ્વરૂપ તદ્દન નિર્મળ છે. મારા જીવનમાં અનેક શંકા-કુશંકાનાં વાદળો ઘેરાયા છે. મારા જીવનમાં જે કંઈ સંદેહ છે તે સર્વને દૂર કરવા આપ સમર્થ છો. હું આપ ભગવાનના શરણે આવેલો છું. મારા પર કૃપાદૃષ્ટિ રાખી, કરુણા કરીને મને આપનો બનાવી, મારો સ્વીકાર કરી, મને એવો ઉપદેશ અને આજ્ઞા આપો કે જેમાં મારું કલ્યાણ અને શ્રેય હોય. આપની સેવા-ઉપાસના વડે મારા જીવનમાં હું અજવાળું કરી શકું. બાકી તો જન્મોજનમના અનેક પાપનું અંધારું અને અજ્ઞાનથી આ જીવન ભરાયેલું છે. આ પાપ-અજ્ઞાનને ઉલેચવાનું મારામાં કોઈ સામર્થ્ય નથી. હું તો આપનો છું. આપના શરણે છું. હવે આ જીવનમાંથી આસક્તિ-અજ્ઞાનના અંધકાર દૂર થાય, એવી મારા પર કૃપા કરો. હું માત્ર આપનો જ છું. હે અંતર્યામી આપે આપના આત્મતત્ત્વને ઓળખ્યું છે, તો હવે અમારા આત્મસ્વરૂપને ઓળખાવવા અમને કંઈક સાધન તથા ભજન આપો. જેથી અમારા અંતરમાં અજવાળું થાય. અજ્ઞાનના ઘોર અંધકાર દૂર થાય."

"કૃપાળુ ગુરુ મહારાજ આપના શરણે આવ્યો છું. પણ અનેક ઉપાધિઓ અને સંસારનાં પાપ-તાપને લઈને આવ્યો છું. મનને ક્યાંય શાંતિ મળી નથી."

# ૩૨. મનમાં મન સમાય

**પાર પડ્યા કેમ જાણીએ જ્યારે મનમાં મન સમાય રે,**
**મૂળ શબ્દમાં જે રહે રે તેની વરતીઓ કહી નવ જાય...**

(પદ : ૨૭, પૃ. : ૭૮)

ભગવદ્ પરાયણ અધ્યાત્મ જીવનમાં સફળતા મેળવવા માટે પાર ઉતર્યા, એની સમજ ઉપાસકને કેવી રીતે પડે? એનું ભાન થવું ઘણું કઠણ છે. અધ્યાત્મ જીવનમાં આગળ વધવું હોય તો આવી સફળતાને સમજવી જરૂરી થઈ પડે છે. આ સમજણ મેળવવા માટે, સુખસાગર શ્રી ગુરુ મહારાજ આપણને રસ્તો બતાવી માર્ગદર્શન આપતાં કહે છે કે,

"સૌ પ્રથમ "મૌનમાં મન સમાય રે" મનને મૌનમાં સમાવવું પડે. મનની વૃત્તિઓને મનમાં જ ઠારવી જોઈએ. મૌન એટલે માત્ર વાણીનું જ મૌન નહીં. પરંતુ ગીતાના ૧૭ મા અધ્યાયમાં ભગવાને જે "મૌન" બતાવ્યું છે તે મૌન અર્થાત્ બધી જ ઈન્દ્રિયજન્ય વાસનાઓનું મૌન. બધી જ ક્રિયાઓ ઉપર પૂર્ણવિરામ એનું નામ મૌન. આ પ્રકારના મૌનની સાધનાનું પ્રથમ પગથિયું છે, વાણીનું મૌન. વાણી ઉપરનો સંયમ એટલે કે વાચિક મૌન એ સાધના માર્ગનું પ્રથમ પગથિયું છે. આ પદમાં મહારાજશ્રી આજ્ઞા કરે છે કે, "હવે વાચક વરતી મૂકી દેજો, રહેજો લક્ષ્યમાં લાગી, ત્યાગી દેહી તણા ભાન ભૂલશો એનું નામ જોગી ત્યાગી."

વૈખરી ઉપર સંયમ-નિયંત્રણ રાખી વૃત્તિઓને શાંત કરવાનો પ્રથમ ઉપાય જરૂરી છે. મૌન એટલે ભટકતી મનોવૃત્તિઓને શાંત કરવી. મનોવ્યાપાર શાંત થાય ત્યારે જ સાચું મૌન રાખ્યું ગણાય. મનનું ભટકણ જીવનમાં ભૂલા પડવાનું સાધન છે. તે માણસને દુરાચાર, વ્યસન અને વાસનાઓના ઊંડા ગર્તમાં ધકેલી દે છે. અધોગતિના પંથે ચડાવી દે છે. અને જીવનની અપાર અશાંતિમાં ડુબાડી દે છે.

આ બધી વ્યાવહારિક, સાંસારિક અથડામણમાંથી બહાર નીકળી, પરમતત્ત્વને પહોંચવા, ભવપાર તરવા માટે મનને શાંત કરી,



તેની ચંચળતાને સમાવી દેવાની સમજણ કેળવવી જરૂરી છે. મનને શાંત કરવું સહેલું નથી. છતાંય સાધકે એને રખડતું પણ ન મૂકી દેવું જોઈએ. ભટકતા મનને શાંત કરવાનો માર્ગ શ્રી ગુરુ મહારાજે બતાવ્યો છે. શ્રી લક્ષ્મણદાસજી મહારાજે ગીતાના અધ્યાય-૬ દ્વારા રસ્તો બતાવતાં કહ્યું છે કે, "મન ન માનતું હોય તો પણ સદાય પ્રયત્નશીલ રહેવું. મનને મનાવવાનો પુરુષાર્થ છોડવો નહીં. તેમાં લાગ્યા રહેવું."

ભવસાગરમાંથી પાર ઉતરવા માટે તેમજ સાંસારિક વ્યવહારની સંસારની ખોટી જફા અને વાદવિવાદના સંઘર્ષમાંથી બચવા માટે પણ વાણીનું મૌન આવશ્યક છે જ. તદુપરાંત મનના મૌનની પણ પરમ આવશ્યક્તા છે. ભગવદ્ પ્રાપ્તિ માટે ચિત્તની એકાગ્રતા, વ્યગ્રતા વિનાની માનસિક અવસ્થા ઘણી જ ઉપયોગી છે. વ્યાવહારિક જગતની માથાકૂટમાંથી છૂટવા માટે વાચિક, માનસિક, કાયિક મૌન ખૂબ જ જરૂરી છે. શ્રી ગુરુ મહારાજની આજ્ઞા પ્રમાણે "મૌનમ્ હિ સર્વાર્થ સાધનમ્" આવી શાંત વૃત્તિ વડે ઉપાસક ઈશ્વર તત્ત્વની પ્રાપ્તિ ખૂબ જ સહજ રીતે કરી શકે છે.

મનને મનમાં સમાવવું કઠણ તો છે જ. જ્યાં સુધી જગતના ભોગ અને લોભ-લાલચમાંથી વિમુખ થવાતું નથી ત્યાં સુધી મનને શાંત કરી, બેસાડવાનું કામ કપરું છે. "શનૈઃ શનૈવ રુપરમેદ્ બુદ્ધયા ધૃતિ ગૃહીતયા" અર્થાત્ ધીરે ધીરે ભગવદ્ ભજન-સ્મરણથી મન શાંત થાય છે. ઉપાસના તથા અનુષ્ઠાન રત થઈ મનને શાંત કરવા અભ્યાસ કરવો જોઈએ. મનને બહાર ભટકવાની જન્મોજનમની આદત પડી છે. એટલે એ સહજતાથી સ્થિર થતું નથી. કાગડા જેવી વૃત્તિને કારણે સહેજ છૂટ મળે કે, તુરત જ, સડેલી વાસના વ્યસન પર જઈને સવાર થઈ જાય છે. કહેવાતા ભૌતિક સુખરૂપ ભોગો તરફ દોડવાની આદત અધોગતિમાં રઝળાવ્યા કરે છે. મનની આવી વૃત્તિઓ શાંત ન થાય ત્યાં સુધી પાપાચારમાંથી બહાર નીકળવું ઘણું જ કઠિન છે. પાપથી બચવા પરમાત્માની કૃપા વગર બીજો કોઈ ઉપાય નથી. ગુરુ મહારાજના અનુગ્રહથી જ મનની એકાગ્રતા કેળવવા માટે 'જય મહારાજે' બતાવેલ સાધના-ઉપાસનામાં એકનિષ્ઠ રહેવું જોઈએ."

હવે શ્રી ગુરુ મહારાજ આ મર્કટ જેવા મનને શાંત કરવાનો ઉપાય બતાવે છે.

'સુરત શબ્દ' એ શ્રી સંતરામ મહારાજની ઉપાસનાનું સ્વરૂપ છે. ઉપાસનાના સ્વરૂપને સમજવા માટે મનોવૃત્તિઓ - ઈન્દ્રિયોને સ્થિર કરવી જરૂરી છે. ગુરુ મહારાજના ઉપદેશ અને તેમની ઉપાસનામાં સતત વળગી રહેવાથી મન શાંત થાય છે. "સોહમ્-સોહમ્"થી સતત મનોવૃત્તિને બાંધી રાખવી. સતત તેનું રટણ કરવાથી 'સુરત' એકાગ્રતાનો એકતાર થાય ત્યાં વૃત્તિઓ ચંચળતા છોડી આપોઆપ શાંત બને છે. આવી શાંત અવસ્થા મેળવનાર સાધકની અવસ્થા સમયાનુસાર બદલાતી જશે. એના વ્યવહાર, વર્તનમાં ધીરે ધીરે પરિવર્તન આવે છે. આ પરિવર્તન સાધકની મનોચેતનાને પણ બદલી નાખે છે. તેનું બાહ્ય-વ્યાવહારિક વર્તન પણ સંસારમાં જગતના જીવો માટે પવિત્ર કોટિનું હોય છે. એનું સ્વરૂપ દર્શનીય બને છે. જેના દર્શનથી સંસારના પામર જીવો પણ સાત્ત્વિક અને ભક્તિપ્રદ બની જાય છે.

આધાર વગર મનને શાંતિ મળતી નથી. ભૌતિક કાર્ય-વ્યાવહારિક કાર્ય, જવાબદારી પૂરી થતાં માણસ જેમ "હાશકારો" અનુભવે છે. એ જ રીતે સૂક્ષ્મ જગતમાંથી પાર ઉતરવા માટે દરેક અવસ્થાએ મનને આધારની જરૂર પડે છે. આ આધાર, ભૌતિક જગતના વ્યસન, વાસના વડે નહીં, પણ સૂક્ષ્મ ભાવે ભૌતિકવાદથી ઉપર ઊઠીને મનને સ્થિર કરવું પડે છે. મનને સ્થિર કરવા માટે આધાર તો જોઈએ જ. કારણ, આધાર વગર સંતોષ-શાંતિ કે "હાશ" મળે નહીં. બિનુ આધાર મનતોષ ન શાંતિ.

સાધક ભજન, ઉપાસના તથા મૂર્તિપૂજાનો આધાર મેળવીને મનની વૃત્તિઓને શુદ્ધ બનાવવા પ્રયત્ન કરે છે. ઉપાસકને મંત્ર-મૂર્તિ અને માળાનો આધાર આપવામાં આવે છે. જેના આધારે મન શાંત થાય છે. મંત્ર લાંબો હોય, તેના અક્ષરો વધારે હોય તો પણ મન ઘણા બધા અક્ષરોમાં વિક્ષિપ્ત થયા કરે છે. આથી ગીતાના આધારે એક જ અક્ષરનો મંત્ર રાખવામાં આવ્યો "**ओमित्येकाक्षरं**" ૐકારનું રટણ. જેથી મન સતત એકાક્ષરમાં જ આધાર પામી શકે.



બહાર ભટકતા મનને અંતર્મુખ બનાવવાનો એક જ માર્ગ છે, તે છે શ્વાસોશ્વાસ. શ્વાસની સાથે નાસાગ્રે મન સ્થિર કરી જાપ કરવાથી અંતરના ઉંડાણમાં પ્રવેશી મનને સ્થિર કરી શકાય છે. ધીરે ધીરે બીજા કોઈપણ અંગનું ચિંતન ન કરતાં, શરીરના કોઈપણ ભાગમાં દુઃખનો સંકેત હોય ત્યાં રોકાઈને એનું નિરીક્ષણ કરવું. ત્યાંથી આગળ વધવું. આ અભ્યાસથી આગળ વધતાં મૂલાધારથી પ્રવેશ કરી, જે આખા શરીરના જ્ઞાનતંતુઓનો માર્ગ છે, જ્યાંથી દરેક સ્પર્શ, સ્ફુરણની અનુભૂતિ થાય છે એમાં મનની વૃત્તિને પ્રવેશ કરાવી દેવી. વૃત્તિઓને ઊર્ધ્વગામી બનાવી દેવી, જેથી જ્ઞાનતંતુઓની સાથે મનનું તાદાત્મ્ય સધાય છે.

શરીરના વ્યાવહારિક જીવનમાં અનેક લાગણીના ચક્ર હોય છે. જેમાં માણસ અટવાતો હોય છે. મૂલાધારમાં શિશ્નની વાસનાની લાગણીનું ચક્ર હોય છે. એની ઉપર નિયંત્રણ મેળવીને આગળ વધાય છે. ત્યાર પછી ઉદરવૃત્તિના ભાવોનું ચક્ર આવેલું છે. ત્યાંથી આગળ વધતાં હૃદયની લાગણીનું ચક્ર છે. એની આગળ રસાસ્વાદની વૃત્તિમાંથી બહાર નિકળાય છે. ત્યારબાદ આજ્ઞાચક્રમાં સ્થિર થવાનું કહ્યું છે. ત્યાં નિર્ણયશક્તિ છે. સદ્-અસદ્નો વિવેક છે. આજ્ઞાચક્રમાં મનોવૃત્તિ સ્થિર કરી સદ્-અસદ્નો નિર્ણય કરી મન ઠરે છે. સંતોષ પામે છે. છતાંય ઊર્ધ્વગામી માર્ગ હજુ બાકી છે. એનું પણ ભેદન કરીને બ્રહ્મરંધ્ર સુધી પહોંચાય છે. ત્યાંથી મનોવૃત્તિના સ્પંદનો, લાગણીઓ, જ્ઞાનતંતુઓ દ્વારા ઈન્દ્રિયો વડે વિષયવસ્તુ સુધી પહોંચે છે. આમ વિષયવસ્તુઓમાંથી પાછું વળેલું મન એના મૂળસ્થાને પહોંચે છે. આમ એક ચક્ર પૂરુ થાય, ત્યારે જ મૌનમાં મન સમાઈ ગયું કહેવાય. જે અવસ્થાને શ્રી ગુરુ મહારાજના શબ્દોમાં કહીએ તો "પાર પડ્યા કેમ જાણીએ જ્યારે મનમાં મન સમાય."

યોગની ષટ્ચક્ર ભેદનની પ્રક્રિયામાં મૂલાધાર ચક્રનું છેદન, એ ચક્રમાંથી બહાર નીકળવાનું અગત્યનું છે. તેને મહત્ત્વની બાબત ગણી, સૌ પ્રથમ અધોવૃત્તિના ચક્કરમાંથી છૂટી, તેનો નાશ કરી આગળ વધવાનું દર્શાવવામાં આવ્યું છે. જે સાધક સંયમને સમજીને પાળી શકતો નથી તે ક્યારેય પોતાની ઉપાસનામાં સફળ થઈ શકતો નથી અને પાર ઉતરી શકતો નથી.

# ૩૩. સોહંગ હંસ

**જ્યાં રે રંકારની ધૂન લાગે,**
**સોહંગ-હંસ હરદમ જાગે,**
**ત્યારે ખટ ઊર્મિનો ભય ભાગે.....**

(પદ : ૭૨, પૃ. : ૧૩૮)

ૐકારની ઉપાસના નિરાકારની ઉપાસના છે. નિરાકારમાં મન ન લાગે તો પહેલાં સાકારની ઉપાસના કરવી. સાકાર સ્વરૂપની ઉપાસના માટે "રામ" મંત્ર છે. આ "રામ"નો "રંકાર" એ ૐકારની જેમ બીજ (ઓળખ) શબ્દ છે. જેમ ૐ વડે આત્મતત્ત્વનું અનુસંધાન-ચિંતન કરવાનું છે તેમ "રામ" કે "રંકાર" વડે સગુણથી નિર્ગુણની ઉપાસનાની યાત્રાએ નીકળવાનું સાધન છે. "રામ" મંત્રનું સતત રટણ કરવાથી આત્માનુસંધાન સધાય છે. આખરી અવસ્થામાં "રામ" વડે "આત્મારામ"ને ઓળખીને અંતર્મુખ થવાય છે. કીર્તન-ધૂન વડે, ભટકતી મનની વૃત્તિઓને શાંત કરવામાં આવે છે. સતત નામસ્મરણ, નામજપ ભટકતી મનોવૃત્તિઓને શાંત કરે છે. અને ગુરુ મહારાજે આપેલ "સોહમ્" મંત્રમાં ભાવ જાગે છે. "રામ" મંત્રના સતત રટણથી "સોહમ્" ભાવ જાગૃત થતા સતત અજપાજપની ભૂમિકાનું સર્જન થાય છે. જેના સતત ભાવમાં રત રહેવાથી દેહભાન ભુલાઈ જાય છે અને "સોહમ્" ભાવથી "હંસ" રૂપ આત્મતત્ત્વનું અનુસંધાન થાય છે.

ત્યાર પછીની અવસ્થામાં ખટ્ ઊર્મિનો ભય ભાગવાની વાત કરવામાં આવી છે. આ ખટ્ - છ ઊર્મિઓ એટલે જન્મ-મરણ, હરખ-શોક તથા ભૂખ-તરસની અનુભૂતિ. રાજા પરીક્ષિત જેવા અનેક ઉચ્ચ અવસ્થા વાળા ભગવદ્ ભક્તોએ મૃત્યુના ભયને ફેંકી દીધો હતો. તેવી રીતે "સોહમ્-હંસ"ની તદ્રૂપતા સધાતાં મૃત્યુના ભયની સાથે સાથે આ છ એ છ ઊર્મિઓ નાશ પામતાં નિર્ભય થવાય છે.

અહીં સામાન્ય જીવન વ્યવહારના ભયની કોઈ વાત કરવામાં



આવી નથી. આવો ભય એ તો માત્ર અજ્ઞાન અને આસક્તિના ગાંડપણનું પરિણામ હોય છે. આ પંક્તિઓમાં તો સાધનાપથમાં ઊભા થતા આ ષડરિપુઓની વાત કરવામાં આવી છે. સાધનાપથમાં આગળ વધેલાઓ માટે તો "તત્ર કો મોહઃ કઃ શોકઃ"ની ભૂમિકા સહજ રીતે પ્રાપ્ત થયેલી હોય છે.

ગુરુ મહારાજ શ્રી અવધૂત સંતરામ પ્રભુ સહુ માનવોને સંબોધતાં કહે છે કે, "હે માનવીઓ! તમને જે મહામંત્ર આપવામાં આવ્યો છે તે જ મંત્ર "રામની-આત્મારામની" મૂર્તિ છે. તમે આ મંત્રને બરાબર સમજીને ઓળખી લો. યોગીરાજ શ્રી ગુરુ મહારાજ જે કાંઈ ઉપદેશના રૂપમાં બોલે છે, તે એક એક શબ્દ તમારા જીવન માટે અમૂલ્ય રત્ન સમાન છે. જે ખૂબ જ કામનો છે. શ્રી ગુરુ મહારાજ જે સમજણ આપે છે, તે બધી જ સમજણ આ જગતની જીવનયાત્રામાં કામ આવવાની છે."

**જેમના મુખમંડલ પર બ્રહ્મતેજ હોય તેમને જોતાં જ મન પવિત્ર થાય છે, સત્કર્મની પ્રેરણા મળે છે, ભગવાનના સ્વરૂપની યાદ આવે છે. બ્રહ્મતેજ આંખમાં, લલાટમાં ચમકે છે. બ્રાહ્મણમાં બ્રહ્મતેજ હોય છે. જે ત્રણવાર સંધ્યા કરે, ચોવીસ લાખ ગાયત્રી જપ કરે તે બ્રાહ્મણ બ્રહ્મતેજવાળો હોય છે. બ્રહ્મતેજવાળાને બધા માન આપે છે. બ્રાહ્મણમાં બ્રહ્મતેજ હોય, ક્ષત્રિયમાં બાહુબળ હોય, વૈશ્ય પાસે બહુ ધન હોય, આવા તેજસ્વીને માન મળે છે.**

**પરમાત્મા શ્રી સંતરામ મહારાજ અમર છે. સંતોનું મરણ થતું નથી. સંતોને જગત ભૂલી શકે નહિ. તુકારામ મહારાજ અને તુલસીદાસ મહારાજને જગત કોઈ દિવસ ભૂલી શકે નહિ. જગતકાળને આધીન છે, કાળ ભગવાનને આધીન છે. કાળ ભગવાનનો નોકર છે. જીવે જીવનમાં કરેલાં કામનો હિસાબ જોવાની ઈચ્છા ભગવાનને થાય છે, ત્યારે ભગવાન કાળને જીવ પાસે જવાનો હુકમ કરે છે. પરમાત્માને હિસાબ આપવાનો પવિત્ર દિવસ તે મરણ. જે જીવનો હિસાબ ગોટાળાવાળો હોય તેને ભય લાગે છે. માનવ આંખ, મનથી શક્તિનો વિનાશ કરે છે તેથી અંતકાળે તે બહુ દુઃખી થાય છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# ૩૪. રામરટણનો મંત્ર

**હો સુખ સાહેર, જાહેર જોગ જપીને જડ જાગ્રત કર્યો**
**મ્હારા મેલ મટ્યા, રામ રટણનો મંત્ર અંતઃકરણ ધર્યો**

(પદ : ૬૨, પૃ. : ૧૨૫)

સુખસાગર શ્રી ગુરુ મહારાજ, મહાયોગીના રૂપે ગુપ્ત યૌગિક ક્રિયાઓ વડે આત્માનુભૂતિનો હંમેશા રસાસ્વાદ લેતા. સાથે સાથે જગતના જીવોનો ઉદ્ધાર કરવા અંતર્મુખ ભાવમાંથી બહાર આવી, જનહિતની પ્રવૃત્તિઓ પણ કરતા. ભગવદ્‌પરાયણ છતાં, જગતમાં ભટકતા જીવોનો ઉદ્ધાર કરવા મહારાજશ્રી લોકવૃત્તિના ભાવમાં આવી જડજગતના ભોગોમાં ફસાયેલા જીવોને જાગ્રત કરવા - તેમને જગાડવા માટે સુખસાગર રૂપે આપ આ ધરાતલ ઉપર પ્રગટ થયા છો. પામર જીવોનો ઉદ્ધાર કરવા આપ આ પૃથ્વી ઉપર અવતર્યા છો. જગતના ધર્મપરાયણ જીવોને માર્ગ બતાવવા બાહ્યયોગ ક્રિયાઓનો પ્રસાર કરી, તેનો જપ-આવર્તન કરી, ભગવદ્‌ચેતના જગાડીને અતિ જડ પ્રકૃતિવાળા જીવોને જગાડવા, તેમની જડતાના પડળોને ખંખેરી નાખવા, "હે ગુરુ મહારાજ, આપે લૌકિક ભાવોને પ્રગટ કર્યાં છે. બાકી તો આપ અલૌકિક અને અગમ્ય ભાવોમાં સદૈવ રત રહો છો."

"મારા પર અનુગ્રહ કરી મારા મનમાં રહેલાં કામ, ક્રોધ, લોભ અને મોહના, જન્મોજનમ ચઢેલા મેલના થર આપે ઉતારી નાખ્યા છે. હવે મારામાં આપના કૃપાપ્રસાદથી કપટભાવ રહ્યો નથી. હે બાપજી, આપ સ્વયં સંતરામ રૂપે મારા અંતઃકરણમાં રામ રૂપે સ્થપાયા છો. સગુણ રૂપ ધરી આપ પામર જીવોનો ઉદ્ધાર કરવા માટે પધાર્યા છો. આપની કૃપા, અનુગ્રહ અમને ઉન્નત જીવનનો રસાસ્વાદ આપીને, આપના સાચા સ્વરૂપને ઓળખવાની સદ્‌બુદ્ધિની ચેતના આપીને, અમારી બુદ્ધિ અને વૃત્તિની જડતા કાપી અમોને આપના સાચા સ્વરૂપનું દર્શન કરાવો." આમ મુકુંદ ભગતે ભાવથી આ પદ ગાયું છે.



# ૩૫. વચનગંગાના વારિ

**શીલ સુધા સમ પુલકિત નયનાં**
**વચન સૂર સરિત વારિ.....**

(પદ : ૨૮, પૃ. : ૮૦)

"હે ભગવાન, આપના મુખમાંથી વહેતી કૃપાપ્રસાદી એ માત્ર વૈખરી સમાન કે લૌકિક ભાવ ક્યારેય નથી. પરંતુ આપના વચનોમાંથી નિરંતર અમૃત સમાન ભગવતી ભાગીરથીની પવિત્રતા વહી રહી છે. આપનાં વચનોમાં શીતળતા અને ભાગીરથીની પવિત્રતા રહેલી છે. આપશ્રીનાં અમૃત વચનોને ઝીલનારના અંતરમાં શીતળતા અને શાંતિ આપનાર આપનાં વચનો અમારા પાપ-તાપ અને સંતાપ સહિત ભવરોગો હરી અમારી જીવનયાત્રાને ગંગાજળ સમાન બનાવે.

પ્રભુ આપની વાણી તો તીર્થોદક છે. અને તેમાંય સ્વર્ગની સરિતા ગંગાજી તો આપણી ધર્મસંસ્કૃતિનું મહા શક્તિશાળી તીર્થ છે. જે લોક હૃદયમાં જીવંત આસ્થા ધરાવે છે. ગંગાજીની જેમ આપનું ઉપદેશામૃત તીર્થોદકની ઉર્જા ધરાવનાર છે, જે ભક્તોના હૃદયને પાવન કરે છે. આપની પવિત્ર વાણી-વચનો માનવ મન-હૃદયના ભાવોને તૃપ્ત કરી પવિત્ર કરે છે. આપની પવિત્ર વાણીનો પ્રવાહ ભક્તજનોને આપના નિજ સ્વરૂપ સુખસાગરમાં ભેળવી 'જીવ ભાવે ત્વદંશકઃ' સુધી લઈ જઈ આપના અંતરમાં સ્થાપે છે.

બાપજી! આપનાં વચનવારિથી અવિરત વહેતાં ગંગાજી માત્ર ભક્તને જ નહીં, પરંતુ ત્રણ લોકને પાવન કરનાર મહાન શક્તિશાળી તીર્થ સમાન છે. "શીલ સુધા સમ પુલકિત નયનાં."

ચારિત્ર્યનું અમૃત જેના નયનોમાંથી વસે છે તેવી આપની દૃષ્ટિ પવિત્ર છે. "દૃષ્ટિઃ સ્થિરા યસ્ય" આપની દૃષ્ટિની જે વેધકતા છે, તે તો શરણે આવેલાને પાવન કરનારી છે. હે પ્રભુ! આપની કૃપાદૃષ્ટિ માત્રથી આપનો આપ્તજન ચારિત્ર્યના અમૃતને પ્રાપ્ત કરે છે. આપ જેના પર દૃષ્ટિની વૃષ્ટિ કરો છો, તેના જીવનવનની વૃક્ષાવલિમાં સંયમની નવી

કૂંપળો ખીલી ઊઠે છે. આવું ચારિત્ર્યનું પવિત્ર અમૃત દેવોને પણ દુર્લભ છે. જે આપની દૃષ્ટિમાં અખૂટ ભંડાર રૂપે ભરેલું છે. આપની પવિત્ર કૃપાદૃષ્ટિ મેળવનાર શરણાર્થી ચારિત્ર્યવાન બને છે. આપના વિશાળ નેત્રોમાં સુખસાગરની અગાધ શક્તિવાળી દૃષ્ટિ ભરેલી છે. આપની પવિત્ર દૃષ્ટિનો પ્રસાદ મેળવી ભક્તજનો ભાગ્યશાળી બને છે.

ચારિત્ર્યનું અમૃત તો દુર્લભ છે. એ તો માત્ર ભગવાન પાસેથી જ મળે છે. જે અમોને આપના શરણમાં મળ્યું છે. આપના સાન્નિધ્યમાં અમોને સ્વર્ગનાં અમૃત પણ ફીકાં લાગે છે. બાપજી, અમોને સદાય આપની આવી દૃષ્ટિ મેળવવાને લાયક બનાવી આપની સાથે રાખજો. મન-ઈન્દ્રિયોથી અમોને ક્યારેય આપનાથી જરાય અળગા થવા ન દેજો. હવે તો આપ અમારા અને અમે આપના છીએ. મને આપના પ્રિય શિષ્ય શ્રી લક્ષ્મણદાસજી જેવો જ ગણજો. હું આપના ચરણોમાં બલિહારી જાઉં છું.

ચારિત્ર્ય માણસની અણમોલ મૂડી છે. ચારિત્ર્ય વિનાનો માણસ પશુ સમાન છે. ચારિત્ર્ય માણસના તપ, સાધન, ભજન અને કીર્તિને અમર બનાવી જાય છે. આવા ચારિત્ર્યશીલ, પવિત્ર અમર જીવનથી જગતના જીવોને પણ સંયમનો સ્વાદ મળે છે. સદાચારની તરસને સમાવીને શાતા આપતા શીલસુધાનો ભંડાર ભગવાન શ્રી ગુરુ મહારાજ છે.

ચારિત્ર્યનું અમૃત જેની દૃષ્ટિમાંથી વરસે છે એ દૃષ્ટિ ઝીલનારના જીવનમાં અમૃતનું માધુર્ય પ્રગટે છે. ચારિત્ર્ય અમૃતથી જેના નેત્રો પુલકિત થઈ ઊઠ્યા છે, એ દૃષ્ટિના સિંચનથી જગતના જીવ ખીલી ઊઠે છે.

**"ગુરુના પ્રેમની દૃષ્ટિ પડે તો આત્મની પુષ્ટિ,**
**કૃપાની થાય જો વૃષ્ટિ ખૂલે નિજ અંતરે દૃષ્ટિ."**

**પરમાત્માએ જે આપ્યું તેનો સદુપયોગ તે પુણ્ય અને દુરુપયોગ તે પાપ. વ્યવહારનું કામ વિવેકથી કરતાં જીવનનું લક્ષ્ય ભોગ નહિ, ભગવાન છે. સંત સર્વકાળ ભક્તિ કરે છે, તેથી કાળ તેમને મારી ન શકે. જે કામને આધીન છે તેને કાળ મારે છે. જે ભક્તિની સમાપ્તિ કરે છે તેને કામ મારે છે. સંતો સર્વકાળ ભક્તિ કરે છે તેથી સંતો અમર છે.**
**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# ૩૯. સર્વે અંગે વ્યાપી રહ્યા

**તમે સર્વે અંગે વ્યાપી રહ્યા**
**તમો આદ્ય અક્ષરના ભેદ કહ્યા**
**વણ સમજ્યા પ્રાણી નવ લહ્યા**

(પદ : ૫૭, પૃ. : ૧૨૦)

'ૐ શ્રી સંતરામ લક્ષ્મણદેવ' મંત્રના જપથી મન જય મહારાજમય બને છે. વાણી-વર્તનમાં જય મહારાજ વસે છે. વૃત્તિઓ શાંત થાય છે. વૃત્તિઓ અખંડ જય મહારાજના શ્રવણ, દર્શનમાં લાગેલી રહેવાથી અંગે અંગમાં શ્રી ગુરુ મહારાજની ભક્તિ ભાવનાનું પૂર ઊમટે છે. સ્વયં 'જય મહારાજ' આનંદ સ્વરૂપે રોમ રોમમાં પ્રગટે છે. ગુરુ મહારાજે અનંત આનંદ મસ્તીનો એવો તો અનુભવ કરાવે છે કે, પછી અન્ય કાંઈ સૂઝ રહેતી નથી. સર્વે અંગમાં વ્યાપી રહેલા ચરાચર વ્યાપક પૂરણ બ્રહ્મ આપ મારા અંગે અંગમાં વ્યાપી રહ્યાનો અનુભવ કરાવી આદ્ય અક્ષર એવા 'સોહમ્'-પ્રણવ-બ્રહ્મની અનુભૂતિ કરાવી, વાણીવ્યય કરવાને બદલે વાણીનો ગૂઢાર્થ બતાવવાની કૃપા કરી છે. વાણીનો ગૂઢાર્થ કે પછી તેના પ્રથમ મૂળ આદ્ય અક્ષર ૐકાર તત્ત્વ સ્વરૂપ મૂળ મહારાજનું રૂપ છે. જેને ક્ષીરનીર જુદાં કરી આદ્ય અક્ષર સ્વરૂપ પરમ તત્ત્વનો અનુભવ કરાવ્યો છે. આ સ્વરૂપાનુસંધાનથી દિવ્ય અવસ્થામાં જે ડૂબ્યો, તેનું મન જય મહારાજમાં મળી જતાં તેની તમામ વૃત્તિઓ જેમ ખાંડની પૂતળી જળમાં ઓગળી જાય છે, તેમ જય મહારાજના સાન્નિધ્યમાં ઓસરી વિલીન થઈ જઈ મહારાજમય બની જાય છે.

આ અવસ્થાને પહોંચાડ્યા પછી મસ્તીનો આનંદ ઊપજાવી ગુરુ મહારાજે ઉન્નત દશાનો અનુભવ કરાવ્યો. જેને કારણે જગતના સ્થૂળ વ્યવહારોમાંથી મન વેગળું થઈ ગયું. દુનિયાદારી છૂટી જતાં લોકમુખે ગાંડા, મૂર્ખ, નકામા માણસ તરીકે ગણના થવા લાગી પરંતુ મૂર્ખ તો તે છે જેને આવી અવસ્થાનું ભાન નથી. જે સમજણ વગરના પામર જીવોને જેનો સહેજ પણ અણસાર સરખો નથી એવા લોકો આ ઉન્નત આનંદની અનુભૂતિને કેવી રીતે ઓળખી શકે?

સમસ્ત જીવનમાં વ્યાપી રહેલા જય મહારાજે આદ્ય પરમાત્મા નારાયણ કે, જે સદાય અવિનાશી અક્ષર સ્વરૂપ છે તેનું દર્શન કરાવ્યું. જેમની પાસે યોગ્યતા-લાયકાત હતી, તેમને આની સમજણ આપી અને તેઓ તેને પામી શક્યા.

# ૩૭. મન અમન

## મન મૂકી અમનમાં જઈએ રે

(પદ : ૫૧, પૃ. : ૧૦૬)

પાંચેય ઈન્દ્રિયોના પાંચ વિષયો માટેના ભોગોની ઉત્તમમાં ઉત્તમ વ્યવસ્થા સાથેની સામગ્રી પડી હોય છતાંય મનથી પણ ઈન્દ્રિયો લલચાય નહિ, ઉત્તમ પદાર્થો તરફ મન ઢળે નહીં, પ્રબળ આવેગોના પૂરમાં તણાયા સિવાય ખૂબ જ ધૈર્યપૂર્વક નિરંતર અપેક્ષા-ઉપેક્ષા વગરની તટસ્થ અવસ્થા એટલે અમનની અનુભૂતિ. દુઃખ-સુખના આવેગોનું સમન કરી, વ્યાકુળતા વિહીન અડગતા-તટસ્થતા કેળવી, પરિસ્થિતિમાં પલોટાયા વિના માત્ર તેનું નિરીક્ષણ કરવું, તેનું નામ અમન અવસ્થા. ઉપનિષદના ઋષિઓના આદેશ પ્રમાણે :

**"દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે."**

અર્થાત્ કર્તા-ભોક્તાથી પર રહીને માત્ર સાક્ષી સ્વરૂપે તટસ્થ ઊભા રહેવાની અવસ્થાને અમનની અનુભૂતિ કહી શકાય. મનનું અમન થવું એટલે દુઃખના આવેગમાં દુઃખી ન થવું કે સુખના આવેગમાં છલકાઈ પણ ન જવું. બહાર ભટકતા મનને અટકાવી, પાછું વાળી લઈ આપણા પોતાનામાં સ્થિર કરી દઈ સંકલ્પ-વિકલ્પ રહિત બની જઈ, મનને મનમાં જ સમાવી દેવામાં આવે ત્યારે તેનું બીજું કોઈ સ્વરૂપ રહેતું નથી. ઈચ્છા અને વાસનાઓનું સ્વરૂપ પણ શાંત થઈ જાય છે. આમ મનનું 'અમન' થવું એટલે બિલકુલ "શાંત" થઈ જવું. આ અવસ્થાએ પહોંચ્યા પછી જગતના તમામ વ્યવહારોમાં ગળાડૂબ રહેવા છતાંય તેનો જરાય સ્પર્શ અનુભવાતો નથી, તેનાથી જરાય ભીંજાવાતું નથી કે, પછી વિપરીતતાથી અકળામણ અનુભવાતી નથી.

**જે કામ કર્યા પછી અંદરથી આનંદ આવે તો સમજવું કે જે કામ કર્યું તે સત્કર્મ છે.**

**જે જે પ્રાણી મળે, તે બધાંને પ્રત્યક્ષ પરમાત્મા છે એમ જાણી સેવા કરે તે સાચો ભક્ત છે.**



# ૩૮. આત્મદર્શન

## "શાસ્ત્રકી સાખે સમજ ગયાથા
## પન મેરા મન ન માના
## સત્ગુરુ મોએ આન મિલે તબ આતમ દર્શન જાના"

(પદ : ૧૫, દોહો : ૨૧, પૃ. : ૫૦)

અનેક શાસ્ત્રો, ગ્રંથો વાંચ્યાં અને સાંભળ્યા. તેમાંથી કંઈક સમજણ મળી હતી. થોડીક જિજ્ઞાસા સંતોષાઈ હતી. શાસ્ત્રો વાંચી મનને મનાવી લીધું હતું. પરંતુ મનને પૂરો સંતોષ થયો ન હતો. મન પૂરેપુરું માન્યું ન હતું. હજુ કંઈક ખૂટે છે, હજુ કંઈક બાકી છે, તેવી અધુરપ વર્તાતી હતી. આમ છતાંય આ અધુરપ કેમ પૂરાય તેની સમજણ પડતી ન હતી. શાસ્ત્રમાંથી શું લેવું? અને શું મૂકવું એની મૂંઝવણ મન અનુભવતું હતું.

આવી મનોદશામાં હવે શું કરવું? તેના વિચારોમાં મૂંઝવણ અનુભવતો આમ તેમ ભટકતો હતો. એટલામાં તો સહજભાવથી આપ ઈષ્ટરૂપે સદ્ગુરુ ભગવાન મળ્યાનો અપાર આનંદ મળ્યો. આપે શાસ્ત્ર-ગ્રંથની મથામણ-મૂંઝવણમાંથી બહાર કાઢી લીધો. આપે "શાસ્ત્રમ્ શસ્ત્રમ્ મલ્લવિદ્યાદિ સર્વમ્"ની જેમ મને ઉગારી લીધો. શ્રી ગુરુ મહારાજનું મિલન, દર્શન મારા માટે વિરાટ ખજાનારૂપ બની ગયું. જય મહારાજનું મળવું એ મારા માટે તો અચાનક મળેલ લાભનો અવસર બની ગયો. મને ખાત્રી થઈ ગઈ છે કે, "હે પ્રભુ! આપનું પ્રત્યક્ષ દર્શન હવે મને ચોક્કસ ઉગારી લેશે."

"આપનું શરણ મળ્યા પછી બાપજી આપે સાધન, દીક્ષા-શિક્ષા આપી પાવન કરી, મને આપના જેવો બનાવ્યો. મને આત્મદર્શન કરાવી સ્વાનુભૂતિનો રસાસ્વાદ કરાવ્યો. જેનું ઋણ જન્મજન્માંતર સુધી પણ ચૂકવી શકું તેમ નથી. અમે આપના અતૂટ પ્રેમના બંધને બંધાયાં. આપની સહજ અમીદૃષ્ટિએ મને આત્મસાક્ષાત્કાર કરી આત્મદર્શન કરાવ્યું છે."

# ૩૯. પ્રેમરસના પ્યાલા

''મન પવન તણા જેણે તોલ કિયા,
નિજ સહજ સ્વરૂપ શોધી લિયા,
જેણે પ્રેમરસના પ્યાલા પિયા.''

(પદ : ૭૫, પૃ. : ૧૪૦)

મનને પામવું એ સહેલું નથી. તો પછી એનો તોલ તો ક્યાંથી થઈ શકે? મન પવન જેવું છે. તેને બાંધવાનો પ્રયત્ન કરનારા આજ સુધી હાર્યા છે. પવન અને મનના તોફાની ઝંઝાવાતમાં ભલભલાના પાણી ઊતરી ગયાં છે. આ મન મમત્વ તો જીવનને વિફલ કરી નાખે છે. ગીતામાં અર્જુનજીએ પણ મન માટે શ્રીકૃષ્ણ સામે ફરિયાદ નોંધાવતાં પૂછે છે કે, હે ભગવાન આ મન અતિ પ્રબળ છે. મન વાયુની માફક ન જીતી શકાય તેવું દુષ્કર છે. આવા મનને કેવી રીતે શાંત કરી વશ કરવું? વિકટ પવન સમાન વિકટ મનને હે ગુરુ ભગવાન આપે માપ કાઢી એનો તોલ કરી લીધો. મનનો તાગ મેળવી, તેને વશ કરી, શાંત બનાવી સંસારનાં તોફાનમાંથી છોડાવી, સ્થિર કરીને, પોતાના આત્મસ્વરૂપને સહજ રીતે નિહાળી લીધું. નિજાનંદમાં અવિરત આનંદ આપવાવાળી એ અવધૂતિ મસ્તી આપના શ્વાસેશ્વાસમાં રમી રહી છે. આ નિજમસ્તી એ જ આપનું સહજ સ્વરૂપ છે. સહજરૂપમાં ભળેલી આપની આવી ઊંચી અવસ્થાનું અદ્‌ભુત દર્શન અમને મળ્યું છે.

"આ સહજાનંદના આનંદ અમૃતને માણી રહેલા હે ભગવાન! પ્રભુ! અમને આપની કૃપા પ્રસાદીના અધિકારી ક્યારે બનાવશો? આપની અનુકંપા, અનુગ્રહ માટે અમને લાયક બનાવજો."

> જીવ પરમાત્માનો અંશ છે. આવા જીવને સદ્‌ગુરુ પ્રભુના માર્ગમાં વાળે છે. જીવ સ્વસ્વરૂપને ભૂલ્યો તેથી દુઃખી છે. સદ્‌ગુરુ જીવને સંસારમાંથી હટાવી, બંધનમાંથી છોડાવી પ્રભુમાર્ગમાં વાળે છે.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ



# ૪૦. સદ્‌ગુરુ મોહે આન મિલે

''મન મેરા તો પૂરવ ફરીઆ, પછમ ફરીઆ,
દખનમેં દક્ષા લીના
સત્‌ગુરુ મોએ આન મિલે તબ ઓતર આસન કીના''

(પદ : ૧૪, દોહો : ૩૧, પૃ. : ૫૨)

મારા મનની ભટકતી વૃત્તિઓ, અશાંત અવસ્થામાં જ્યાં ત્યાં હવાતિયાં મારી જગતના તમામ ભોગો ભોગવી ચૂકી છે. ભટકતા મને આ જીવનમાં અનીતિનાં બધાં જ આચરણો આચર્યાં. કોઈ જગ્યાએથી શાંતિ ન મળી. ત્યારે ભવસાગરમાં અથડાતાં, કૂટાતાં આખરે હારી-થાકીને, ભગવદ્‌કૃપાએ ઈષ્ટદેવના આધારે અંતિમ અવસ્થાએ 'શ્રી સદ્‌ગુરુ મહારાજ'ના શ્રીચરણોમાં પહોંચ્યો. શ્રી ગુરુ મહારાજનો અનુગ્રહ મને એમનાં ચરણ સુધી ખેંચી લાવ્યો. પૂજ્યશ્રીની કૃપા પ્રસાદીએ જ મને શરણ આપ્યું. એમના શરણે પહોંચી ગયા પછી આ ભવની ભટકણથી પર એવા ઉત્તરોત્તર આગળ વધતા આસને મન સ્થિર કરી મારી મનની વૃત્તિઓ શાંત કરવા મને મૂળ સ્થાને પહોંચવાનું સાધન આપી અહીં-તહીં ભટકતા મનને સર્વવ્યાપી પ્રભુ ચરણમાં સ્થિર કર્યું.

પરમ તત્ત્વ કોઈ એક જ સ્થાન છે, એવો હઠાગ્રહ છોડી, ભગવાનની સર્વ વ્યાપકતામાં મન સ્થિર કરીને દૃઢતાથી ભગવદોપાસનામાં સ્થિરતા લાવી મન શાંત કર્યું. "હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ કોઈ મૈં જાના."

મારું મન ચારે દિશા, પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણમાં દોડા-દોડ કર્યા જ કરતું હતું પણ ગુરુ મહારાજશ્રી મળ્યા ત્યારે ઉત્તમ પ્રકારની સ્થિરતાએ મનની વૃત્તિ સ્થિર કરવા મને ઉત્તર દિશામાં સાધન ભજન કરવાનો નિત્ય નિયમ આપી મારા મનની સ્થિરતા સ્થાપી.

> સેવા વિનાનું જીવન એ મનુષ્યનું જીવન નથી. સર્વના હિતમાં આપણું હિત સમાયેલું છે.

# ૪૧. ભણતર બે અક્ષરનું

**સંતરામ સાચું ભણ્યા રે, ભણીને ભણાવે રે;**
**ભણીને ભણાવે, રામ બે અક્ષરમાં લાવે રે.**

(પદ : ૧૯, પૃ. : ૬૮)

સાક્ષાત્ રામ સ્વરૂપ 'શ્રી જય મહારાજે' જે કાંઈ ઉપદેશ આપ્યો, પોતે જે કાંઈ ભણ્યા એટલે કે બોલ્યા, તે ઉપદેશ સ્વયં પોતાના સ્વરૂપાનુભૂતિના ભાવમાં આપ્યો છે. પોતે જેમ આત્મદર્શન કર્યું તે જ પ્રમાણે શરણે આવેલા જીવને પણ આત્મભાવ સુધી પહોંચાડવા "ઓહંગ સોહંગ"નો મંત્ર આપી તે તત્ત્વ તું પોતે જ છું. અન્ય કોઈ છે જ નહીં તેમ સમજાવ્યું. નિજાનંદને માત્ર પોતાના પૂરતો ન રાખતાં અન્ય આશ્રિતોને પણ સાધન આપ્યું. જેના વડે મસ્તીના અનોખા રંગમાં સંસારના પરમ તત્ત્વની ઓળખાણ કરાવીને સ્થિર કરાવી.

આત્મારામને ઓળખી 'રા' અને 'મ'નું નિજરૂપ એટલે "ઓહમ્-સોહમ્" મંત્રને શબ્દ રૂપે નહિ પણ સૂક્ષ્મ રૂપે અજપાજપમાં સ્થિર કરીને બાવન અક્ષરોની બનેલી વૈખરી વાણી સ્થૂળ વાણીથીય પર કે જ્યાં શબ્દ પણ પહોંચે નહીં, એવી ગતિવાળી સૂક્ષ્મ અવસ્થામાં સ્થિર કરાવી, જગતના રાગ-દ્વેષથી પર કરી પરમ સુખના સ્વરૂપનું દર્શન કરાવનારું, જીવનને સાચી દિશા બતાવનારું ભણતર એ એક માત્ર સુખસાગર 'શ્રી ગુરુ મહારાજ' સ્વયં પોતે છે.

> **દુઃખમાં જીવને અનુભવ થાય છે કે સંસાર સ્વાર્થી છે, જ્યાં વાસના છે, સુખ ભોગવવાની ઈચ્છા છે, જ્યાં તારું-મારું છે ત્યાં કપટ છે. દુઃખથી જે ગભરાય તે ભક્તિ કરી શકે નહિ. સુખમાં જે રાજી થાય તે ભક્તિ ન કરી શકે. દુઃખમાં ભગવાનનું સ્મરણ, નામજપ સ્તુતિ કરો તો એવી શક્તિ આવશે, દુઃખની અસર મન પર થશે નહિ. સુખમાં ભક્તિ કરે, ભગવાનની કૃપા માને તેના જીવનમાં દુઃખનો પ્રસંગ આવે જ નહિ.**
>
> **- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# ૪૨. એકાક્ષર આરાધના

**તમે એકાક્ષર બ્રહ્મને આરાધ્યો**

(પદ : ૫૬, પૃ. : ૧૧૭)

યોગીરાજ પરમ અવધૂત ગુરુ મહારાજ સ્વયં પરબ્રહ્મ ચરાચર વ્યાપક સ્વરૂપ છે. છતાંય આપ હંમેશા સમાધિયોગમાં સતત રહેવામાં જ પરમ આનંદની અનુભૂતિનો આસ્વાદ માણી રહ્યા છો.

**જાકી સહજ શ્વાસ શ્રુતિ ચારી,**
**સો હરિ પઢ યહ કૌતુક ભારી.**

ભગવાન દત્તાત્રેય સ્વયં જગતના પ્રણેતા હોય, વેદ-શ્રુતિના જ્ઞાતા હોય તેમને આમ સમાધિ-ધ્યાન-યોગના સાધનની શી જરૂર? ભક્તજનની આ જિજ્ઞાસાનું સમન કરાવવા તથા શરણાર્થીને સદ્‌માર્ગે ચઢાવવા આપ, આપની પૂર્ણતા અને સમર્થતાને કોરાણે રાખી, જગતના કલ્યાણ અર્થે આપે અવધૂત રૂપ ધારણ કર્યું છે. આપે સ્વયં 'સ્વ'ના સ્વરૂપનું અનુસંધાન કર્યું છે. અને જિજ્ઞાસુ જીવોના સંતોષ માટે આદ્ય અક્ષર ૐકારના રટણમાં આપ સદાય રત રહો છો. 'ૐકાર' સ્વયં પરમાત્માનું નિરાકાર સ્વરૂપ છે.

પરમ બ્રહ્મસ્વરૂપ ૐકારને સ્વયંસિદ્ધે સિદ્ધ કર્યો. આ પરમ બ્રહ્મની અખંડ આરાધના કરવી, એ દરેક જીવનું પરમ લક્ષ્ય છે. આવા પરબ્રહ્મની ઉપાસનાનો માર્ગ દર્શાવવા આપ પરબ્રહ્મ સ્વરૂપ એકાક્ષર 'ૐકાર'ને આરાધી રહ્યા છો.

સૃષ્ટિનું સર્જન કરી ભગવાને સૌ પ્રથમ ૐકાર-પ્રણવ બ્રહ્મનું ઉચ્ચારણ કરેલું. ૐકાર મંત્રની આરાધનાથી સાધકને શાંતિનો અનુભવ થાય છે કે જે શાંતિને જગતનો જીવ માત્ર ઝંખે છે.

આ એકાક્ષર ૐકારની સાધનામાં આપ હંમેશાં તદ્‌રૂપ રહો છો. આપના સ્વરૂપનું દર્શન આપના આ ૐકાર રૂપ પરબ્રહ્મની ઓળખાણ તો શ્રી લક્ષ્મણદાસજી મહારાજ જેવા અધિકારી જીવને જ થાય છે. 'તમને ઓળખશે કોઈ બડભાગી.'

# ૪૩. સુખસાગર લહેરી

## જ્યાં સુખસાગર આવે લહેરી.....
## મન પ્રેમ.....

(પદ : ૭૬, પૃ. : ૧૪૧)

આ શરીર એ તો સેવકનું સદન-ઘર છે. એના અંતઃકરણમાં જ્યાં અને જ્યારે શ્રી ગુરુ મહારાજ પધારે, ત્યારે એના જીવનના સર્વ અમંગળનો નાશ થાય છે. અને મંગલકારી મૂળ ભાવો જાગે છે.

"હે લક્ષ્મણદાસજી મહારાજ! આ સેવકના ઘરમાં આપ પધારો અને આપની સાથે બાપજી 'શ્રી ગુરુ મહારાજ'ને લેતા આવજો. એકલા ના પધારશો. આ ઘર આપનું આપેલું છે. આપ એના માલિક છો. એનો આપની ઈચ્છાનુસાર, સાધના, ઉપાસના, ભજન, ધ્યાન, સમાધિ, માટે આ દેહનો ઉપયોગ કરવાનો આપનો સંપૂર્ણ અધિકાર છે."

"સાધન, ભજનની સાથે સતત નામસ્મરણ અંતઃકરણને શુદ્ધિ આપે છે. આવા પ્રકારની અવસ્થા સાધકને તેના ગંતવ્ય-ધ્યેય સુધી પહોંચાડીને અંતર્મુખતાની આત્માનુભૂતિ જેવા શુદ્ધ સંકલ્પવાળા સાત્ત્વિક કાર્ય પાર પાડે છે."

"નામસ્મરણ વિના ક્યારેય હૃદયમાં ભગવદ્સ્ફુરણા થાય જ નહીં. નામ સ્મરણથી શુદ્ધ, શાંત બનેલ મનોવૃત્તિવાળા ભક્તના શરીર રૂપી ઘરમાં ભગવાન સુખસાગર શ્રી ગુરુ મહારાજ અતિ પ્રસન્ન ચિત્તથી લહેરમાં આવીને આનંદ સ્વરૂપે નિવાસ કરે છે."

"હે ગુરુ મહારાજ આપ આ દેહઘરમાં બેસીને સાધન-ભજન કરજો, સાથે મને પણ બેસાડજો. હું આપનું 'અંગ' છું. આ વેળાએ હું મન સાથે ક્યાંય બહાર ભટકવા જાઉં તો બાપજી મને રોકજો. મને બહાર ભટકવા જવા ન દેશો. સેવકના ઘેર જય મહારાજ પધાર્યા પછી એમની પાસેથી સેવકને સાધન અને સંયમનો જ આદેશ મળેને?"

**હકીકતમાં તો સેવા સ્વીકારનાર સેવાની તક આપીને સેવા કરનાર ઉપર ઉપકાર કરે છે.**



# ૪૪. ગુરુ પૂરણધામ

## "સુખસાગર ગુરુ પૂરણધામ"

(પદ : ૧૦૩, પૃ. : ૧૭૬)

પરિપૂર્ણતાની અવસ્થામાંથી મહામાનવ અને મહામાનવમાંથી પરમાત્માનું પ્રાગટ્ય થાય છે. સૃષ્ટિના ભોગોમાં મન ભટકતું ન હોય, જીવનની કોઈપણ અવસ્થામાં મન ક્યારેય ભટકતું ન હોય, ચિત્ત સદા ભગવદ્પરાયણતામાં તૃપ્તિ અનુભવતું હોય તથા જેને મેળવ્યા બાદ બીજે ક્યાંય જવાનું કે બીજું કાંઈ મેળવવાની અધુરપ વર્તાતી હોય એવી મનો અવસ્થા મહાપુરુષને પૂર્ણતા પ્રાપ્ત કરાવે છે.

વાસનાઓથી સતત પર રહી પ્રભુપરાયણતાનો સાત્ત્વિક અનુભવ પૂર્ણતા પ્રાપ્ત કર્યા પછી થાય છે. આવી પૂર્ણ અવસ્થાની જેને ઉપલબ્ધિ થઈ છે, તે પૂરણધામ છે.

જય મહારાજના સ્વરૂપનું દર્શન પામવા માટે તો શ્રી લક્ષ્મણદાસજી મહારાજ પાસે જ શરણું લેવું પડે. "પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક" એવી પૂર્ણતાની અગાધતાનું દર્શન બાપજી વગર બીજા કોઈની પાસેથી ન જ મળી શકે. કારણકે જેની પાસે પૂર્ણતા છે, તે જ પૂર્ણતાની દીક્ષા આપી શકે.

જય મહારાજ તો પૂર્ણતાની મૂર્તિ છે. સ્વયં સર્વ રીતે આધ્યાત્મિક સંપન્નતાનું ધામ-ભંડાર છે. જેમાં નિવાસ કરનાર સહુ એના દર્શન કરવા સમર્થ છે. સમસ્ત બ્રહ્માંડની પરિપૂર્ણતા જેમાં બિરાજે છે, એવા મહાયોગી અવધૂત, આપણા જીવનના આધાર, પથદર્શક, શરણાગત વત્સલ ગુરુ મહારાજ પૂર્ણ-પૂરણ છે. વિશ્વમાં વિચરણ કરવા છતાં સ્વ-સ્વરૂપમાં નિરંતર સ્થિર છે. તેઓ જગતના જીવોનો ઉદ્ધાર કરતા તથા શરણે આવેલાને 'સ્વ'નું દર્શન કરાવતા. "પોતે દીઠાને પોતે દેખાડ્યા બ્રહ્માસન ભરપૂર રે."

જેની મનોવૃત્તિઓ સદૈવ આત્મબ્રહ્મમાં રહેલી છે. તેવા જય મહારાજ ભરપૂર બ્રહ્માસન ભાવે પોતાના સ્વાનુભવથી પોતે જેનો અનુભવ કર્યો છે, તેવા બ્રહ્મતત્ત્વના દર્શનનો સ્વાનુભવ પોતાના શરણે આવેલા અભ્યાસી-અનુયાયીને કરાવતા.

# ૪૫. જ્ઞાનનો ગઢ

"સત્‌ગુરુજીએ દયા કરી આપી નામની ટેક
સુરતી તેમાં તું રાખજે નરતે નાલંતા એક."

(પદ : ૮૫, પૃ. : ૧૫૪)

"શ્રી ગુરુ મહારાજ જ્યારે પણ અનુગ્રહ-દયા-કૃપા કરીને સાધન-ભજન કરવા માટે કોઈ આધાર-ટેક અર્થાત્ મંત્ર-અનુષ્ઠાન જે કાંઈ આપે, ત્યારે, સમજવાનું કે જય મહારાજની પૂર્ણ કૃપાપ્રસાદી મેળવવાની લાયકાત ન હતી. છતાં બાપજીએ દયા કરી આ કૃપા પ્રસાદી આપી છે. જીવને આગળ લઈ જવા માટે નામ-મંત્રનો આધાર પણ આપ્યો છે. ગુરુ મહારાજે કૃપા પ્રસાદી રૂપે આપેલ આ નામ-મંત્રમાં સ્થિરતા સ્થાપી. ડગ્યા સિવાય સતત તેમાં તલ્લીન બનીને તેને તું જપ્યા કરજે."

"ગુરુ મહારાજે આપેલ આ સાધન-ભજનમાં તારી વૃત્તિને સ્થિર-એકાગ્ર કરીને, મન ઈન્દ્રિયો વડે એની મતિગતિને સંભાળીને, તે બીજે ક્યાંય વહી ન જાય, અટવાઈ ન જાય કે વિષયોમાં ભૂલી પડી ન જાય તે માટે ખૂબજ સાવધ અને જાગ્રત રહીને સ્થિર થજે."

"આમ 'નરત' એટલે 'નૂર' અર્થાત્ કે સ્વનું રૂપ અથવા આત્મદર્શન. આ રીતે આતમને ઓળખવાનો આ માર્ગ તને આપ્યો છે. આથી એકાગ્રતા વડે સ્વ-સ્વરૂપને ઓળખી આત્માની અનુભૂતિ કરીને, એક સર્વવ્યાપી નિરાકાર સિવાય અન્ય કાંઈ છે જ નહીં, સમગ્ર વિશ્વમાં એક માત્ર તત્ત્વ સ્વરૂપે વ્યાપક છે તે જ એકમાત્રને ઓળખવાનું છે. તને આત્માની ઓળખ માટે જે કાંઈ સાધન આપ્યું છે, તેનો માત્ર આ એક આધાર છે. તેને તારી પાસે જ રાખજે. તેને ક્યારેય ખોઈ નાખીશ નહીં."

> જીવને આનંદની ભૂખ છે પણ જીવ આ આનંદ સંસારમાં, સંસારના પદાર્થોમાં, સંસારના વિષયોમાં શોધે છે. સંતોનો અનુભવ છે કે સંસારમાં દુ:ખ વધુ છે, સુખ થોડું છે આનંદ એ જ પરમાત્મા છે. તમને આનંદ ભગવાન આપશે.
> -પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ



# ૪૬. ચરણરજનો દાસ

પરમારથ બુદ્ધિ તમારી,
જંતુને લેજો ઉગારી,
છું ચરણ રજની હું દાસી.....

(પદ : ૬૬, પૃ. : ૧૩૦)

"હે શરણાગત વત્સલ ગુરુદેવ આપ પરમાર્થના હેતુથી પધાર્યા છો અર્થાત્ 'પરમારથ બુદ્ધિ' અર્થાત્ પરમ તત્ત્વને અનુભવેલી, ઊંચામાં ઊંચા પ્રકારના જ્ઞાન-બુદ્ધિની અવસ્થા વાળા બાપજી. આ "પરમારથ બુદ્ધિ"ને શબ્દોથી વર્ણવી શકાતી નથી તેની તો માત્ર અનુભૂતિ જ થઈ શકે. જેમ વાચા વગરના માણસની જીવન માધુરીના આનંદનું વર્ણન શક્ય નથી, તેમ હે પ્રભુ, આપની ઊંચી અવસ્થાના દર્શન કરનારની મનોદશાનું વર્ણન અસંભવ છે."

આપની આવી અવર્ણનીય ભૂમિકાના વિરાટરૂપની આગળ અમે તો એક તુચ્છ જંતુ સમાન છીએ, તો પણ અમે આપના શરણે આવ્યા છીએ. આ પામર જંતુની સામે કૃપાદૃષ્ટિ કરી, અનુગૃહીત કરીને, હે પતિતને પાવન કરવાવાળા, આપ દયાળુ એને ઉગારી લેજો. આપ તો સમર્થ છો. સમર્થના આંગણે આ તુચ્છ જંતુ લાયક ન હોવા છતાંય અરજ કરી રહ્યું છે. બાપજી એને સંભાળજો, તે માયાની જાળના રાક્ષસી પંજામાં મસળાઈ ન જાય, કચડાઈ ન જાય તે જોજો. અને આ પામરને ઉગારી લેજો. બાપ, જરા એની સામે જોઈને દયા કરજો. હું તો શરીરની પ્રકૃતિ રૂપે આપના સેવ્ય ચરણની રજ માત્ર દાસી છું."

"આ ચરણોને ગ્રહ્યા પછી હવે ભય શાનો? હા, માત્ર આપની સ્વીકૃતિની આડે આવનાર ક્ષણ-બેક્ષણની અવધિ વગર બીજો ભય આપના શરણમાં પહોંચ્યા પછી હોય ખરો?"

"દુ:ખ દાયક તો શ્રીહરિની પ્રકૃતિ જ છે. સુખ-દુ:ખની અનુભૂતિનું માધ્યમ એટલે શરીર. આ શરીર એ જ પ્રકૃતિ. જે જગતના

સર્જનહાર (પુરુષ) પ્રભુની પ્રકૃતિ-દાસી છે. પરમ પુરુષ પરમાત્મા એવા આપની આજ્ઞા પ્રમાણે વર્તનારી છે. આવી આ આપની પ્રકૃતિથી પ્રાપ્ત થયેલ આ શરીર પણ આપના ચરણરજની દાસી બની આપના શ્રીચરણોની પાવનરજની પ્રસાદીની અપેક્ષા સાથે સમીપે (ઉપ) બેસીને (નિષદ) ઉપનિષદની સમજણનું માર્ગદર્શન, જ્ઞાન લેવા સેવકદાસ ઉપાસક ભાવથી આપના ચરણરજના સાન્નિધ્યમાં બેસવા આવી રહી છે. હે પ્રેમ અને દયાના મૂર્તિ સ્વરૂપ શ્રી ગુરુદેવ ભગવાન! મારો સ્વીકાર કરી, આપનો બનાવી પ્રેમ અને દયાનો પ્રસાદ આપી ડૂબતાને તારજો."

**જેની લંગોટી બહુ શુદ્ધ તે ભાગ્યશાળી છે. જેની પાસે બહુ પૈસા છે, બહુ સુખ છે તે ભાગ્યશાળી નથી, અભાગિયો છે. સંસાર તો પશુ-પક્ષી પણ કરે છે. સંસારનું સુખ તો પશુ-પક્ષી પણ ભોગવે છે. સંસાર સાથે રમવામાં જે સુખ સમજે છે તે અભાગિયો છે. બ્રહ્મચારીને ત્રણવાર સંધ્યા કરવાની આજ્ઞા છે. સંધ્યા શ્રેષ્ઠ કર્મ છે. બ્રહ્મચારીએ કોઈપણ સ્ત્રીને અડવું નહિ, બ્રહ્મચારી સ્ત્રીને જાણીને સ્પર્શ કરે તો તેને વ્યભિચારનું પાપ લાગે છે. કામભાવથી કોઈનું સ્મરણ કરે તો પણ તેને વ્યભિચારનું પાપ લાગે છે.**

**મોટાભાગે વિદ્વાનો કામસુખમાં, માયામાં ભૂલા પડ્યા છે. જે સર્વકાળ સાવધાન છે તે સાધુ છે. જે ગાફેલ છે તે સંસારી છે. 'કામ' બહુ પ્રબળ છે. 'કામ' જીવને છેતરે છે. 'કામ' કોઈ નિમિત્ત બનાવીને જીવની અંદર ઘૂસી જાય છે. 'કામ' અંદર જાય એટલે જ્ઞાનને ધક્કો મારે છે, વિવેક વહી જાય છે, શક્તિનો વિનાશ થાય છે. કામ અને ક્રોધ માનવમાં અંદર છે, સમય આવે આ બહાર નીકળે છે. સ્ત્રીનું શરીર અગ્નિ સમાન છે. પુરુષનું શરીર ઘીના ભરેલા ઘડા જેવું છે. અગ્નિમાં ઘીનો ઘડો રાખો તો તે પીગળશે.**

**સર્વવ્યાપક પરમાત્મા માયાના આવરણમાં ઢંકાયા છે, માયાનો પડદો દૂર થાય તો પરમાત્માનાં દર્શન થાય છે. લાકડામાં અગ્નિ ગુપ્ત છે તેમ સર્વવ્યાપક પરમાત્મા ગુપ્ત છે. સર્વવ્યાપક પરમાત્મા પ્રકાશમય છે. આ પ્રકાશમય પરમાત્મા કેવળ મન, બુદ્ધિ, ઈન્દ્રિયોને પ્રકાશ આપે છે. તે કંઈ કરતા નથી. લાકડામાં અગ્નિનો ઉપયોગ કરવા બાહ્ય અગ્નિ મૂકવો પડે છે, અંદર-બહારનો અગ્નિ એક થાય ત્યારે લાકડું સળગે છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# ૪૭. મારા મનથી માનેલા મહારાજ

## "મારા મનના માન્યા છો મહારાજ....."

(પદ : ૮૧, પૃ. : ૧૪૮)

જીવન જીવવાની આદર્શ દૃષ્ટિ બનાવવા કોઈપણ ઉચ્ચકોટિની વિભૂતિને નજર સમક્ષ રાખી તે આરાધ્ય-ઉપાસ્યને સતત સ્મરણમાં રાખી આગળ વધવાથી ઈષ્ટની પ્રાપ્તિ થાય. જીવનનો રસ્તો બતાવનાર અનુભવી વગર માણસ ક્યાંક ને ક્યાંક ભટકી પડે છે.

અહીં બાલકદાસજીએ પોતાના સંતજીવનને સફળ બનાવવા, 'જય મહારાજ'નું શિષ્યત્વ સ્વીકારી પોતાના ગુરુપદે સ્થાપ્યા છે.

જે વ્યક્તિ મનથી માનીને સ્વીકાર કરે છે, તે જ વ્યક્તિ નિર્ભય બની ગંતવ્ય સુધી અવિરત આગળ વધતી જ રહે છે. જ્યાં સુધી શ્રી ગુરુ માટે મનથી ભાવ ન જાગે, ત્યાં સુધી વિશ્વાસ કે ભક્તિ મેળવી શકાતી નથી. મનથી માનેલા શ્રી ગુરુ એ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનું સ્વરૂપ છે. જે મુક્તિનો માર્ગ બતાવે છે.

**ગુરુ કરતાં પહેલાં વિચાર કરો અને ગુરુ કર્યા પછી ગુરુનો દોષ જુઓ નહિ. જે ગુરુનો દોષ જુએ એની ઉન્નતિ થતી નથી. આજકાલના દીકરાને માની ભૂલ દેખાય છે, વહુની ભૂલ દેખાતી નથી. જે માતા-પિતાના દોષ જુએ તેનું પતન થાય છે. ગુરુનિંદા જેવું બીજું પાપ નથી. જગતમાં મહાપુરુષના ચરિત્રની ખબર પડતી નથી. આ માટે ગુરુના દોષ જોશો નહિ.**

**આપણે ક્રોધ કરીએ છીએ, તે આપણો સ્વાર્થ સિદ્ધ કરવા. સંતોનો ક્રોધ જીવનું કલ્યાણ કરવા માટે હોય છે. સંતોના ક્રોધમાં પ્રેમ હોય છે. ગુરુમાં પૂર્ણશ્રદ્ધા રાખી સેવા કરો તો ગુરુ કૃપા કરશે. ભગવાન ન્યાયાધીશનું કામ કરે છે. ભગવાન કર્મ પ્રમાણે ફળ આપે છે. ગુરુદેવોમાં એ શક્તિ હોય છે, એ વિધાતાએ લખેલા લેખને ભૂંસી શકે છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# ૪૮. વિચારી જુઓ

## "જુઓ વિચારી ઝાંખીને રે
## જ્યાં રે રો છે ત્યાં મમો જાય"

(પદ : ૨૭, પૃ. : ૭૭)

પોતાના અંતરમાં નજર નાખીને જોવાનું કહી એમ કહેવામાં આવે છે કે, પોતાની અંદર રહેલું આત્મતત્ત્વ તે જ સર્વ વ્યાપકતાનો અંશ છે. જે સર્વવ્યાપક પરમાત્મા-પરમતત્ત્વ છે તેની તરફ જ આત્મા-જીવની ગતિ હોય છે. 'રા' એટલે અણુઅણુમાં વ્યાપ્ત એવા શ્રીહરિ પરમાત્મા અને 'મ' એટલે મૌન. જે અંતર્મુખતાનો ભાવ બતાવે છે. જે આત્મતત્ત્વ આપણા અંદર છે તે જ આત્મતત્ત્વ શ્રીહરિ પરમાત્માની સર્વવ્યાપકતાનો અંશ છે. આમ ભગવાન અને જીવની એકતા થાય ત્યાં જ "રામ"નું દર્શન થાય. જીવ હંમેશાં પ્રભુ પાસે જવા ઈચ્છે છે. એનું સ્થાન પણ ત્યાં જ છે. પ્રભુ વગર જીવ અધૂરો છે. અર્થ વગરનો છે. 'રા' કહેતાં ભગવાન અને 'મ' કહેતાં જીવ. આમ 'રા' અને 'મ' જ્યાં એક બને ત્યાં જ "રામ"નાં દર્શન થાય છે. આ અંશા-અંશીની એકતા, અભેદતા એ જ રામનું આદિ અવિનાશી સ્વરૂપ છે. રામના આ સ્વરૂપની અંતરમાં ઝાંખી કરીને જોઈ લેવાનું કહેવામાં આવ્યું છે. 'રા' પરમાત્મામાં જ 'મ' જીવ જઈ પહોંચે છે.

**ઋષિઓએ કહ્યું છે કે જ્યાં સુધી દેહભાન છે ત્યાં સુધી ધર્મની બહુ જરૂર છે. જે સર્વકાળ શરીરથી અલગ રહે છે, તેવા મહાપુરુષોથી કદાચ ધર્મભંગ થાય તો તે ક્ષમ્ય છે. સમાજે જેને મોટો માન્યો હોય, જેનામાં સમાજનો વિશ્વાસ બેઠો હોય, તેનું જીવન ગંગાજળ જેવું શુદ્ધ હોવું જોઈએ. જીવનમાં સુખ-દુઃખનો ગમે તેવો પ્રસંગ આવે, ધર્મ છોડશો નહિ. ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું, 'સનાતન ધર્મ મારું હૃદય છે.'**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# ૪૯. અપરંપાર જીવનને જાણો

## સુખસાગરજી જાણો તો
## જીવન રે અપરંપાર છે....

(પદ : ૫૮, પૃ. : ૧૨૧)

સત્‌ગુરુ સુખસાગરના કિનારે જય મહારાજની નિશ્રામાં જીવનની વિશ્રાન્તિ મેળવી હોય એને જ જીવન જીવવા જેવું છે તેમ સમજાય. બાપજીના શરણે આવ્યા પછી લોકોના કહેવા-સાંભળવામાં જો ક્યારેય પણ અટવાઈ ગયા, તો એક વસ્તુ ખાસ સમજી લેવાની છે કે, "સાધન-ભજનનો રસાસ્વાદ ક્યારેય પણ સારી રીતે માણી નહીં શકીએ. જય મહારાજના ભજન, સ્મરણથી પહેલાં સુખસાગરજીને જાણો, એમને જાણ્યા પછી આપણી જાતને ઓળખો, આપણા પોતાના જીવનને સમજો. આપણે ક્યાં છીએ, શું કરવાનું છે, શું કરી રહ્યા છીએ, જો આટલી ખબર આપણને ન હોય તો સમજી લેવાનું કે આપણે ક્યાંક અટવાઈ પડ્યા છીએ. ક્યાંક ખોટી દિશામાં જઈ રહ્યા છીએ. ક્લેશ તથા દુઃખની લાગણી એ આપણી અણસમજનું પરિણામ છે."

સુખસાગરજીને કિનારે પહોંચ્યા પછી હાશકારો અનુભવાય છે. "બાપજી, હવે કંઈક જીવન જીવવા જેવી સમજણ આપો. આ સાંસારિક ભૂલભૂલામણીમાં ભૂલા પડ્યા છીએ કંઈ સમજાતું નથી."

"સુખનો સાગર અગાધ છે. તો પછી એના શરણે આવેલાનું જીવન પણ સામાન્ય ક્યાંથી હોય, એ તો સાગર જેવું અપરંપાર જ હોય ને! આ અપાર સુંદર જીવન 'જય મહારાજે' આપ્યું છે. ઋણાનુબંધથી આ કિનારે આવ્યા છીએ. બાકી બીજી તો કયી હેસિયતથી અમે આપની પાસે આવવાના હતા, બાપજી સ્વયં પોતાના જીવને પોતાની પાસે ખેંચી લાવ્યા છે. કોઈને કોઈ અગમ્ય સંકેત એમની પાસે બોલાવી લે છે."

# ૫૦. શબ્દ સુરત અને મન

**સુરત મનકા, મન શબ્દકા,**
**શબ્દ કુનકા ટેકા,**
**સદ્‌ગુરુ મોએ આન મિલે,**
**તબ આપ આગે તીનુ એકા.**

(પદ : ૧૫, પૃ. : ૫૬, પંક્તિ : ૪૯)

વૃત્તિઓ મનમાંથી ઉદ્‌ભવે છે. આ મન શબ્દનું થઈ જાય, મન શબ્દની સાથે ભળી જાય અર્થાત્ વૃત્તિઓને મનનો આધાર છે. મનને શબ્દનો આશ્રય મળી જાય છે. હવે પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે શબ્દને શક્તિ ક્યાંથી મળે છે, એને (શબ્દને) કોનો આધાર લેવો, આધાર અને આધેયને હંમેશાં એકબીજાનું અવલંબન-આશ્રય છે. આધાર વિના આધેયનું અસ્તિત્વ સંભવી શકે જ નહીં. જેમ સૃષ્ટિને ઈશ્વરનો આધાર છે. જેમાંથી તે ચેતના મેળવી શકે છે. તાત્પર્ય એ કે જગત-સૃષ્ટિ આથી જ પરમાત્મા ઉપર જ આધારિત છે. એના વગર સૃષ્ટિ સંભવી જ ન શકે. આ જ રીતે આપણી ઈન્દ્રિયો મનનો આશ્રય મેળવી લે છે. જેથી વિષયો તરફ દોડવાની શક્તિ મળે છે. સ્થૂળ ભોગો તથા વિષયવાસનાઓની અનુભૂતિ મન કરે છે. ઈન્દ્રિયો વાહન બને છે, અને ગતિ કરે છે. આમ મન ઈન્દ્રિયોને ઈંધણ પૂરું પાડવાનું કામ કરે છે.

મન એકલું તો સહેજ પણ શક્તિ ધરાવતું નથી. એને ક્યાંક ને ક્યાંકથી ઉર્જા મળતી જ હોય છે. આ ઈન્દ્રિયોને પ્રેરણારૂપ શબ્દ દ્વારા આદેશ મળે કે, તરત જ કામ કરવા લાગી જાય છે. આમ એકમેકનો આધાર મળતાં બંને પ્રવૃત્ત થઈ જાય છે. મનને જ્યાંથી પ્રેરણાની આજ્ઞા મળે છે ત્યાં પણ કોઈક મહાશક્તિ હશે જ. પણ એનો પરિચય નથી. આપણે તેનાથી તદ્દન અજાણ છીએ. આ જાણકારી ગુરુકૃપા વગર મેળવવી જરાય શક્ય નથી. સદ્‌ગુરુએ આપેલી ઉર્જારૂપી શક્તિ જ એની ઓળખાણ કરાવી શકે છે. કારણ કે એ શબ્દરૂપી ઉપદેશ આજ્ઞા સ્વરૂપે



ગુરુજી પાસેથી મળેલ છે. એટલે આપનારને જેટલી સમજણ છે એટલી સમજણ લેનાર પાસે ન પણ હોય. તેથી શબ્દરૂપ ઉર્જાશક્તિ આપનાર સદ્‌ગુરુ ખૂબ જ શાંતિથી સમજાવે ત્યારે જ તેની ઓળખાણ થાય! એ જ પરિચય કરાવે, સમજણ પાડે તો જ મનમાં શાંતિ મળે. જેના આધારે વૃત્તિઓ-સુરતાઓ શાંત થાય. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ આપણને પોતાનો અનુભવ સમજાવતાં કહે છે કે, "ભટકતી વૃત્તિઓ અને ચંચળ મનને શાંત કરવા જ્યારે સદ્‌ગુરુ શરણે રાખી, બોધ આપીને જાગૃત કરે ત્યારે જ સુરત, મન અને શબ્દ આ ત્રણેય એકરૂપ બને. અર્થાત્ એમના ત્રણેય સ્વરૂપને ઓળખાવી શકે. દા.ત. મિઠાઈ ખાવાનું મન થયું એટલે વૃત્તિઓ મિઠાઈના સ્વાદનો અનુભવ કરે છે. જીભ લલચાય છે, ખાવાનું મન થાય છે. જેથી મનનો હુકમ થાય કે આ મિઠાઈ છે, તેનો સ્વાદ આવો છે, તેમાંથી મળતો આનંદ આવો છે. મિઠાઈના રૂપ, રંગ, સ્વાદ તથા તેમાંથી મળતા આનંદનો અનુભવ કરનારે પહેલાં એ મિઠાઈના રૂપ, રંગ, સુગંધ, સ્વાદનો પરિચય મેળવેલો હોય છે. એટલે તે પોતાના સ્વાનુભવના આધારે આમ સ્વાનુભવના વર્ણનના આધારે મિઠાઈ ખાવાની ઈચ્છા જાગે છે. આમ, શબ્દનો પરિચય, અનુભવી પાસેથી મળે છે. એ શબ્દથી (શાબ્દિક વર્ણનથી) મનમાં ઈચ્છા ઊભી થાય છે. મનની ઈચ્છા ઈન્દ્રિયોની વૃત્તિને મિઠાઈ સુધી ખેંચીને લઈ જાય છે. મિઠાઈ ખાઈને મન મીઠું તેનો (મિઠાઈ ખાવાનો) સ્વાનુભવ મેળવે છે. આમ મનમાંથી શરૂ થયેલો ક્રમ મનમાં સમાઈને વર્તુળાકાર ક્રમ પૂરો થાય છે."

વૃત્તિઓનો આધાર મન, મનનો આધાર શબ્દ અને શબ્દનો આધાર સ્વાનુભવી એવા સદ્‌ગુરુ. જીવનના આંગણે સદ્‌ગુરુ સાહજિક રીતે પધારે અને તેઓ સ્વયં કૃપાબોધનો અનુભવ આપે ત્યારે જ શબ્દ રૂપી ઉપદેશ-જ્ઞાન કે બોધની અનુભૂતિ કરાવી, શબ્દની ચોટ વડે સ્વ-સ્વરૂપનું, નિજ દર્શનનું આત્મજ્ઞાન કરાવે છે.

# ૫૧. વાસનાનું ઉનમૂલન

**કામ, ક્રોધ, લોભ પીર મૂલ તે ઉખાર હૈ;**
**સંતરામ શુભનામ.....**

(પદ : ૧૮, પૃ. : ૬૭)

દરેકનું જીવન ગુણ-દોષથી ભરપૂર છે. ષડ્રિપુ સહુ કોઈને સતાવે છે. જીવનમાં છ પ્રકારના દોષ અવારનવાર પીડાથી સતાવ્યા જ કરે છે. આ દોષની વાત જાણીએ તો ગુણ કોને કહેવા? તે ક્યાંથી મેળવવા? ક્યાં શોધવા?

ભગવાનનું ભજન એ જ મોટામાં મોટો ગુણ. ભજન કરવાના ગુણ સંસ્કારની પાછળ પાછળ બીજા બધા જ પ્રકારના ગુણ દોડતા દોડતા આવવાના જ. તેમને આવ્યા સિવાય છૂટકો જ નથી.

**"જા પર કૃપા કરહી, તા પર કૃપા કરહી સબ કોઈ."**

આમ કામ, ક્રોધ, મદ, મોહ અને મત્સર રૂપી ષડ્રિપુઓની પીડા સહુ કોઈ અનુભવે છે. તેમાંથી મુક્તિ મેળવવાનું એક માત્ર સાધન છે ભજન. જીવનમાં શક્ય તેટલું વધારેમાં વધારે ભજન કરવાથી ષડ્રિપુઓની દુષ્કર પીડામાંથી વહેલો છૂટકારો મળે છે.

**પરમાત્મા શ્રી સંતરામ મહારાજ સર્વના ગુરુ છે. વેદોમાં વર્ણન છે કે પરમાત્મા અને સદ્ગુરુ બન્ને એક જ છે. સદ્ગુરુતત્ત્વ અને ઈશ્વરતત્ત્વમાં ભેદ નથી. કેટલાક સંતો ભગવાન કરતાં સદ્ગુરુને શ્રેષ્ઠ ગણે છે.**

**જન્મ-મરણની ઘટમાળામાંથી જીવ છૂટતો જ નથી. સદ્ગુરુ સત્શિષ્યને સમજાવે છે, "આ સંસાર સુંદર નથી, સંસાર બનાવનાર પરમાત્મા સુંદર છે." સદ્ગુરુ સત્શિષ્યને સમજાવે છે. જે માનવની બુદ્ધિ બગડી, જેનું મન બગડ્યું એને સ્ત્રી-પુરુષમાં સૌંદર્ય ભાસે છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# ૫૨. આત્મદર્શન

**ધારા છૂટી એક ધારાપુરથી**
**ધારા સન્મુખ ધાયા**
**સદ્ગુરુ મોહે આન મિલે તબ આતમ દર્શન પાયાં.**

(પદ : ૧૫, પૃ. : ૫૦, પંક્તિ-૨૨)

ધારા એટલે આ શરીર. આ શરીર જેણે ધારણ કર્યું છે અને એમાં જ રહે છે તે આત્મા. ત્યાંથી એક ધારાનો પ્રવાહ છૂટ્યો છે. એ ધારામાં ભળી જવાનો ઉત્કટ ભાવ જાગ્યો. એમાં ભળી જવાની ભાવના જાગી. ધારામાં ભળી ગયા પછી તેના પ્રવાહમાં ગતિ કરવાની ઈચ્છાને રોકી ન શક્યો. હવે તે ધારાના પ્રવાહની દિશામાં તેની સાથે સાથે વહેવાને બદલે, તેની અવળી દિશા તરફ સન્મુખ થવાની ઈચ્છાથી, પ્રવાહથી અવળી દોટ મૂકી. એ ધારામાં ભળી, તેના પ્રવાહમાં વહેવાનો આનંદ એટલો હતો કે, મનને રોકી શકાય તેમ ન હતું એટલે મુક્ત મને સમર્પિત બની પ્રવાહ જે દિશામાંથી આવતો હતો તે તરફ અર્થાત્ મૂલાધાર સુધી પહોંચવાની દિશા મળી. જ્યાંથી ખબર મળી કે અહીંથી જ આટલો સુંદર પ્રવાહ આવી રહ્યો છે. આ પ્રવાહ આટલો સુંદર આનંદમય છે તો પછી આ પ્રવાહનું મૂળ કારણ કેટલું સુંદર હશે? એવી સમજથી ધારા વહેવાના કારણનાં મૂળ સ્વરૂપ સુધી પહોંચવાની લાલસાને હું રોકી શક્યો નહીં. મારા મનની આવી ઉત્કટ અવસ્થામાં મને મારા સદ્ગુરુ મળી ગયા. એટલું જ નહીં તેમણે મને દિશા બતાવીને માર્ગદર્શન આપવા માંડ્યું. જેથી મારા મનને નિરાંતનો અનુભવ લાગ્યો. સાધન-ભજનની ક્રિયાને વેગ મળ્યો. શ્રી ગુરુ મહારાજે મને ખૂબ જ વાત્સલ્ય અને પ્રેમાળ ભાવ વડે પોતાના અનુભવો સમજાવી સમજાવીને આત્મદર્શન કરાવ્યું. મારા સ્વસ્વરૂપનું ભાન કરાવ્યું. પરમની શાંતિ કરાવી.

વરાડના ભજન મંડળમાં શ્રી અવધૂતે શ્રી લક્ષ્મણદાસજી મહારાજને ભાવપ્રવાહનું દર્શન કરાવીને 'જય મહારાજ' અદશ્ય થઈ

ગયા. ત્યારબાદ શ્રી સદ્‌ગુરુની શોધની તીવ્રતાને તેઓ રોકી શક્યા નહીં. પોતાના ભાવ પ્રવાહને છૂટા વહેતા મૂકી દીધા. તેઓ અદશ્ય થયેલ 'અવધૂત'ની સન્મુખ જવાની પોતાની અભિલાષાને રોકી શક્યા નહીં. આ ઉત્કટ શોધની તાલાવેલીનો પ્રવાહ જેની પ્રેરણાથી પ્રગટ થયો હતો, તે ગુરુજીની શોધ કરવા વ્યાકુળતા ભરી તીવ્ર ગતિ સાથે દિશા પકડી, તે તરફ પોતાના જીવનની ગતિ આરંભી. જ્યાં પહોંચ્યા પછી બીજું કંઈ મેળવવાનું બાકી ન રહે, એવા અંતિમ આશ્રય મેળવવાનો હતો. આવા સમર્થ સદ્‌ગુરુજીના સન્મુખ થવા પોતાના મનની વૃત્તિઓ દોડતી હતી.

લાંબા વિયોગનો પરિતાપ વેઠ્યા પછી શોધતાં શોધતાં જીવનના અમૂલ્ય ધન-સંપત્તિરૂપે મારા સદ્‌ગુરુજી મને મળ્યા! તેમના આશ્રયની શીળી છાયામાં મને ઉપદેશ મળ્યો. મને જ્ઞાન લાધ્યું. ગુરુજીએ મને મારા સ્વ-સ્વરૂપનું ભાન કરાવ્યું. ગુરુ મહારાજે સ્વાનુભૂતિનો પ્રસાદ આપ્યો. "તબ આતમ દર્શન પાયા."

> સદ્‌ગુરુદેવની કૃપા વડે પરમાત્મા મળે છે, ગુરુ અતિ ઉદાર હોય છે, જીવનનો અનુભવ સત્શિષ્યને થોડા સમયમાં આપી દે છે. જે ભગવાન વૈકુંઠમાં છે તે જગતના પશુ-પંખી, સંસારના પ્રત્યેક પદાર્થમાં છે તેવો અનુભવ કરો. આવો અનુભવ કરનાર જીવને પ્રભુનાં દર્શન પોતાની અંદર થશે. સંતકૃપા થાય તો જગતના જડ-ચેતન પદાર્થોમાં પ્રભુદર્શન થાય છે અને પોતાનામાં પ્રભુદર્શન થાય છે. આત્મામાં પ્રભુદર્શન, બ્રહ્માનુભવ જેને થાય છે તે જગત સર્વમાં પ્રભુનો અનુભવ કરે છે.
>
> વિઠ્ઠલનાથજીએ નામદેવજીને કહ્યું કે મંદિરમાં જેમ ભગવદ્‌દર્શન કરો છો તેમ સર્વમાં ભગવાનના દર્શન કરો. જગતને જોવાથી લાભ નથી, પ્રભુને સર્વત્ર જુઓ. પ્રભુ સર્વમાં મળેલા છે. આ સંસારવૃક્ષ છે, એમાં જ્ઞાનભક્તિ પરિપૂર્ણ થાય તો પરમાત્માદર્શન થાય છે. સંત જગતમાં રહી, જગતને ભગવદ્‌ભાવથી જુએ છે. આપણે પણ સર્વમાં ભગવદ્‌ભાવના રાખીએ.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ



# ૫૩. નાદાનુસંધાન

**"સોહંગ સુર સરી, સ્નાન સુરતે કરી,**
**અનહદ અમરિત પ્રેમે પ્રાસ્યા."**

(૫૬ : ૨૩, પૃ. : ૭૩)

નાદાનુનાદનું અનુસંધાન થયા પછી જ્યાં સતત વૃત્તિઓ એકધારી શાંત થયેલી હોય તે સમયે, એ શબ્દાનુસંધાનરૂપ 'સોહમ્'ની અવિરત ધારા પ્રવાહિત બની. ગંગા સમ શાંત, પવિત્ર અને શુદ્ધ થયેલ મનની તમામ વૃત્તિઓ તથા ઈન્દ્રિયોની સૂરતાના બધા જ તાર એક સાથે આ સુર સરિતામાં ભીંજાઈ ગયા. અનહદ આનંદના અમૃતનું પાન થવાથી ઉન્મત અવસ્થાના મૃતસમ આસ્વાદની અનુભૂતિ એવી થઈ કે જેનું શબ્દો દ્વારા વર્ણન કરી શકાય નહીં. આ અમૃતપાનના આનંદનો માત્ર અનુભવ જ કરી શકાય અને બોલી ઊઠાય કે : "પીત્વા પીત્વા પુનઃ પીત્વા." જેમ આમળાને ચાસણીમાં ડબોળતાં તે પોતાનો મૂળ સ્વભાવ છોડી, મીઠું-મધૂરું બને છે. "સોહંગ"માં ડૂબકી મારી ચૂકેલી ચંચળ વરતી પણ સ્થિર-શાંત બનીને માધુર્યના આસ્વાદનું અવિરત પાન કરતી થઈ ગઈ.

> પરમાત્મા શ્રી સંતરામ મહારાજ કૃપા કરે ત્યારે માનવને સત્સંગ અને સદ્‌બુદ્ધિ આપે છે. માનવ એવું સમજે છે કે બહુ સંપત્તિ મળે, બહુ સુખ મળે તે ભગવાનની કૃપા. પણ ભગવાન અતિશય કૃપા કરે તો સંસારનું સુખ નથી આપતા. ભક્તિ કરવી કઠણ છે. પણ તમારાથી ભક્તિમાં, વૈરાગ્યમાં જે આગળ હોય તેનાં દર્શન કરો, તેનું સ્મરણ કરો.
>
> જો પ્રભુચરણમાં જવું હોય તો સત્સંગ કરો, સંતદર્શન કરો, સંતસ્મરણનો નિયમ લો. જે ભક્તિપ્રેમી છે તેવા સંતનું દર્શન, સ્મરણ એ જ સત્સંગ, એ જ સાચો સંગ. પરમાત્માનો સંગ તે સત્સંગ. સંસારી સૂએ ત્યારે સંતો જાગે છે. સંતો રામનામમાં તન્મય રહે. જે રામનામમાં તન્મય રહે તેને પ્રભુ દર્શન થાય છે. રામપ્રેમી સંતના ચરણસ્પર્શથી તેમને વંદન કરવાથી દિવ્યશક્તિ આવે છે.
>
> - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

## ૫૪. પુણ્યનું પ્રાગટ્ય

**જે કોઈ ભજનનો તો ભેદ લહે,**
**તેને ડહાપણ કરીને કો શું કહે?**
**મહારાજ કહે કો રહેણી રહે.**

(પદ : ૫૯, પૃ. : ૧૨૨)

જો કોઈ સાધક-જન ભગવાનનો હોય તે જ ભજન કરી શકે. ભજન કરવું-કરાવવું એ બધાંનું કામ નથી. જેની ઉપર ગુરુકૃપા યા ભગવદ્‌કૃપા હોય તે જ ભજન કરી શકે. ભજન એ તો એક શક્તિ છે. જે ભક્ત અને ભગવાન વચ્ચેનો સંબંધ જોડી આપે છે. ભજનભાવ વગર ભગવાનને ઓળખી શકાતા નથી. ભગવાનના થવા માટે પણ ભજન અવશ્ય કરવું જ જોઈએ.

ભજન કરતાં કરતાં અભ્યાસ થાય, તેમાં પરિપક્વતા આવે, ત્યાર પછી ભજનની શક્તિનો પરિચય થાય. આમ કરતાં કરતાં ખૂબ જ તન્મયતા થાય ત્યારે જ ભજનનો ભેદ સમજાય. પૂરેપૂરો ભેદ સમજાયા પછી ભક્તિ માર્ગમાં ભજનનો જે રસાસ્વાદ આવે તેનો આનંદ અનુભવ જેણે મેળવ્યો હોય તે જ તે જાણે.

ભજન અને ભક્તિનો મર્મ નરસિંહ મહેતા અને મીરાંબાઈએ જાણ્યો અને માણ્યો. જેના પરિણામે જગતની જરાય પરવા કર્યા વગર પોતાની મસ્તીમાં જે ભાવ આવે એ રીતે ભગવાનને ભજ્યા. જુઓ તેમને જરાય આંચ આવી નથી. ભલે ભૌતિક સુખ ત્યાગ્યા, પરંતુ એ તો કરવાનું જ હતું, અને થઈને રહ્યું. તેને ભગવદ્‌કૃપા જ સમજવાની. ધર્મમાર્ગમાં આવતા વ્યાવહારિક અવરોધો, બંધનો વગર મહેનતે આપોઆપ તૂટી જાય એના જેવું રૂડું બીજું શું, એ તો સારું થયું. "ભલું થયું ભાંગી ઝંઝાળ..." નિરાંતનું ભજનસુખ જેના પ્રારબ્ધમાં હોય તેને જ ભગવાનના પ્રસાદ રૂપે તે મળે. અભાગીનું કામ જ નહીં.

હનુમાનજીએ ભગવદ્‌ભજન અને સેવાનો ભેદ જાણી લીધો હતો. તેથી જ શ્રી રામચંદ્ર ભગવાનને સીધે સીધું કહી દીધું કે,



"પ્રભુ માનવ જીવનમાં મોટામાં મોટી આપત્તિ એ જ કે જ્યારે ભગવદ્‌ભજન અને સ્મરણ છૂટી જાય."

આ પદ પંક્તિમાં 'સુખસાગર' 'જય મહારાજ' સ્વયં ભજનના ભેદ અને રહસ્યની વાતો કહી રહ્યા છે કે, જે સાધક-ભક્તને ભજન ભક્તિનો ભેદ-મર્મ સમજાય છે, ત્યારે ભજન વગર બીજા કશામાં તેનું મન ચોટતું નથી. તેની વૃત્તિ, વ્યવહાર અને જગતમાંથી બહાર નિકળી જાય છે. અને તેને જીવનમાં સુખ-શાંતિ મળે છે. આજ સુધી કરેલી ખોટી મથામણની વાસ્તવિક ક્ષણભંગુરતા તથા નકામા મિથ્યાપણાની સમજણ મળે છે.

ભજનનો ભાવ એ તો અનેરો આનંદ છે. જ્યાં નિઃસ્પૃહતા, નિખાલસતા, સરળતા તેમજ મહત્તા વગરનો ભગવદ્‌પ્રેમ માટેનો પુરુષાર્થ રહેલો છે. આવી નિષ્કામ ભક્તિ, જે આનંદનો ભાવ આપે તેવો આનંદ ગમે તેટલું દ્રવ્ય ખર્ચવા છતાં પણ મળી શકે નહીં. જો તે મળતો હોય તો નીકળો ખરીદવા! નિષ્કામ ભક્તિ એ તો ભગવદ્‌મર્મનો આગવો સહજ પરિચય છે. તે ક્યાંય ગોત્યો જડવાનો નહિ! મળે તો શોધી તો લાવો! જોઈએ કેવો, કેટલો, અને ક્યાંથી, તે મળે છે?

જેણે ભજન-ભક્તિના ભેદ જાણ્યા તેઓ તો પાગલ-ગાંડામાં ખપી ગયા. અને એમને એમાં પણ ખૂબ જ આનંદ આવ્યો અને કહી દીધું, "અમે એવા રે એવા, તમે કહેશો તેવા રે તેવા."

"ભક્તિ કરતાં લાજ જાય, તો લાજનીય પરવા નથી." છે કોઈ આજ આવું કહેવાવાળો? ભગવાનના સાચા ભક્ત સિવાય બીજું કોણ આમ કહી શકે? વળી ગેમલદાસ જેવો ભક્ત કવિએ તો છાતી ઠોકીને, પ્રમાણો આપી ગર્જના સાથે ખૂલ્લેઆમ કહી દીધું કે : "હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે."

આટલા બધા ભક્તો હિંમતપૂર્વક ગર્વથી આ ગર્જના કરતાં હોય તો સુખસાગર 'જય મહારાજ' તો સ્વયં ભગવાન દત્તાત્રેય છે. એમના શ્રીમુખે ભજનના ભેદની વાતો આપણને કહી સંભળાવે, એ તો આપણું પરમ સૌભાગ્ય કહેવાય. ભગવાનના ભજનનું આટલું બધું શક્તિશાળી

માહાત્મ્ય જેણે જાણી લીધું, એને બીજાની શિખામણ શું કામની? એને બીજા કોઈ સલાહ કે ઉપદેશની પણ જરૂર નથી. જેણે ગોળનું ગળપણ ચાખી લીધું હોય, તેને એનું વર્ણન સાંભળવામાં જરાય રસ ન જ રહે. પછી ગમે તેટલા દોઢ ડાહ્યા માણસો લાંબી પહોળી ઘણી બધી વાતો કર્યા કરે, તો પણ પોતે તો પોતાના ભક્તિરસમાં તરબોળ થઈને તૃપ્તિ જ માણ્યા કરવાના.

જેને સ્વરૂપનો પૂર્ણ આનંદ રસ મળી ગયો એને વૈખરીના લાબાં-પહોળાં વ્યાખ્યાનો નીરસ જ લાગવાના. એ શુષ્ક શબ્દોના કૂચામાંથી સ્વાદ ક્યાંથી આવવાનો હતો! જ્યાં એ જાતે જ નીરસ હોય ત્યાં, એને અઢળક મોટાં પ્રવચનો ફીકાં જ લાગવાનાં. એનું સ્વરૂપ એ પોતે જ જાણી શકે છે. તેને બીજો શું સમજાવી શકવાનો?

કૂવામાંથી અઢળક પાણી કાઢી આપતો પંપ બંધ થયા પછી સ્વયં તો તદ્દન કોરો અને ખાલી જ થઈ જવાનો. તેથી એને તો કોઈ લાભ થવાનો જ નહીં.

'જય મહારાજ' તો સ્વયં કહે છે, "મહારાજ કહે કો રહેણી રહે." ભગવદ્‌ભજન દ્વારા પ્રાપ્ત થતું સ્વ-સ્વરૂપ આત્માનું દર્શન, તો કોઈ વિરલ, ભાગ્યશાળી, નિઃસ્પૃહ, સમર્પિત ભક્ત જ પામી શકે. એને મેળવ્યા પછી પણ એ પ્રમાણેની જ પોતાના જીવનની રહેણી-કરણી બનાવી દે છે. આવી અકિંચન સાધના, ભક્તિ જ સાધકને પૂર્ણસ્વરૂપમાં સમાવી દે છે. પછી એને બીજે ક્યાંય જવું પડે છે, કે ન તો બીજા કોઈની જરૂર પડે છે. સ્વયં પૂર્ણ બની ભક્તિ દ્વારા ભગવાનમાં ભળી જઈ સમરસતાના ભાવપૂર્ણ ભાવમાં ભળી જઈ ભવભટકણને ભાંગી નાખે છે.

શાસ્ત્ર અનુસાર 'જય મહારાજ'ની આજ્ઞા પ્રમાણે જે કોઈ પણ સાધક ભજનમાં લાગ્યો રહેશે, તેને સમયની પરિપક્વતાએ ભજનનો ભેદ-મર્મ ગુરુ મહારાજ જરૂર સમજાવશે. અને સાધકને સમજતાં વાર પણ નહીં લાગે. કારણ કે, આપણા 'જય મહારાજ' સ્વયં એ સમજાવી રહ્યા છે.

ભજન ભક્તિની મઢુલીએ તો કોઈક અલગારી, અલખનો આરાધક જ પોતાનું આસન-બિછાણું બિછાવી શકે.



## ૫૫. નિજ અનુભવ

**દેહદમન ટાળ્યા, ધન્ય સદ્‌ગુરુ સ્વામી રે,**
**ધોકો ભાગ્યો, પુણ્ય પ્રગટ થયા...**
**નિજ અનુભવ કરતા રે, આતમ જાગ્યો...**

(૫૬ : ૭૧, પૃ. : ૧૩૬)

ઈષ્ટની પ્રાપ્તિ માટે આ શરીર મળ્યું છે. સંયમ સાચવી શરીર વડે સાત્ત્વિકતા મેળવવાની છે. જીવન અવળે રસ્તે ચાલ્યું ન જાય તે માટે, વિષય-વાસનાઓ ઉપર વિજય મેળવવા, પંચેન્દ્રિયોનું વિવેકથી નિયંત્રણ કરવાનું છે. પરંતુ સદ્‌ભાગ્યે મને મારા ગુરુ મહારાજ મળી જતાં હું ધન્ય બની ગયો. કારણ કે, ઈન્દ્રિયોની પ્રબળતાને કારણે અધોગતિનો જે ભય હતો તે ગુરુજી મળતાં નાશ પામ્યો. મારા પૂર્વના પુણ્યનો ઉદય થયો. સદ્‌ગુરુની કૃપાથી સ્વાનુભવનો આનંદ મળતાં હું અજ્ઞાનરૂપી ઊંડા અંધકારમાંથી જાગી સભાન થયો.

બાપજીની કૃપા અનુભૂતિથી તમામ તીર્થોની યાત્રા શ્રી ગુરુ મહારાજના ચરણોમાં સહજ મળી ગઈ. "કોટિ તીરથ મારા સદ્‌ગુરુના ચરણે." હવે આમ-તેમ ભટકવાથી જે પાપવૃત્તિઓ જાગતી તે હવે શાંત થઈ ગઈ. અધૂરું અને અઘરું લાગતું જીવન બાપજીના ઉપદેશામૃતથી સહજ અને સરલ લાગવા લાગ્યું. બાપજીએ આપેલી સમજણથી અવર્ણનીય પરમ સુખની અનુભૂતિ થઈ. બાપજીના ઉપદેશથી 'સ્વ' ઉપર સંયમ રાખી, ભટકતી ઈન્દ્રિયોને કાબૂમાં રાખી મનને શાંત કરવા માટે પરિશ્રમ કરવાની જરૂર જ રહી નહીં. મારા સંસારિક, વ્યાવસાયિક જીવનના કરોડો અનુભવો મને થયા. પરંતુ બાપજીના દર્શનના અનુભવ પછી મારું મન શાંત થઈ પરિતૃપ્ત બન્યું કે, જે "પછી સંસારની કોઈ વ્યક્તિ કે વસ્તુમાં મનને જરાય વ્યામોહ ઉદ્‌ભવતો જ નથી. મને મારા 'જય મહારાજ' મેળવાને લીધે મનને વશ કરવા માટે, ઈન્દ્રિયોને સંયમિત કરવા માટેનો પરિશ્રમ-માથાકૂટ કરવાનું ટળી ગયું."

મેં ધર્મને સમજવા માટે ઘણી મથામણ કરી. ભૌતિક સાધનો ભેગા કરવા માટે પણ ખૂબ ખૂબ વેઠ કરી. મારી ઈચ્છાઓ પણ પરિપૂર્ણ થઈ. આ બધામાંથી મારું મન બહાર નીકળીને અનહદ મુક્તિનો આનંદ અનુભવવા લાગ્યું. આ અનહદ આનંદની અનુભૂતિમાં મન વિલીન થઈ ગયું. જેથી ઈન્દ્રિયો દ્વારા શરીરમાં ઊભી થતી આધિ, વ્યાધિ તથા ઉપાધિનો સઘળો સંઘર્ષ ટળી ગયો.

**પરમાત્મા શ્રી સંતરામ મહારાજ પરમ સંતશિરોમણિ છે. સંતોના શાસ્ત્રોમાં ત્રણ ભેદ છે. હંસ, પરમહંસ, શ્રીપરમહંસ. દૂધ અને પાણી ભેગા કરીને મૂકો, હંસમાં એવી શક્તિ છે, તે દૂધ પી જશે, પાણીને છોડી દેશે. ક્ષીરનીર જુદા પાડવાની શક્તિ હંસમાં છે. આ સંસાર જડ-ચેતનનું મિશ્રણ છે. આ શરીર જડ છે, આત્મા ચેતન છે. બે તત્ત્વો ભિન્ન છે, એકરૂપ થઈ ગયાં છે. શરીરથી હું જુદો છું, બગડેલા શરીરને સુધારનાર હું છું. આંખનું, જીભનું, પંચેન્દ્રિયનું સુખ તે મારું સુખ નથી. હું મન નથી. મારું મન જ્યારે પાપ કરે, ત્યારે મનને સમજાવી પાપ કરતાં અટકાવનાર હું છું. મન સાથે આવે છે. બીજો જન્મ થતાં તન બદલાય છે, મન નહિ.**

**જડ તેને કહે છે જે આંખને દેખાય છે. આંખને જોવાની શક્તિ ચેતન આપે છે. જડ દશ્ય છે, ચેતન આત્મા અપ્રગટ છે. પાણી ઠંડુ જ છે. અગ્નિના સંયોગથી પાણી ગરમ બને છે. મનના સંબંધથી આત્મા સુખીદુઃખી લાગે છે. જડ પદાર્થો દુઃખરૂપ છે, ચેતન આત્મા આનંદરૂપ છે. આનંદ એ મારું સહજ સ્વરૂપ છે, આ ભાવ દઢ કરો. આત્મા નિત્ય, શુદ્ધ, ચેતન, પરમાત્માનો અંશ છે.**

**તત્ત્વ એક છે. રુચિ પ્રમાણે ઉપાસના છે. સાકારમાંથી નિરાકારમાં જવાનું છે. સાકાર ભગવાન મીઠાઈ જેવા, નિરાકાર મીઠાશ જેવા. મીઠાઈ લો તો મીઠાશ આવશે. સાકાર-નિરાકાર બન્ને ભગવાનનાં સ્વરૂપ છે. વેદમાં તત્ત્વથી બન્નેને એક કહ્યા છે. બ્રહ્મજ્ઞાનીને બ્રહ્મપ્રેમી થવું પડે. સાકારની ભક્તિ છોડશો નહિ. જ્ઞાની બ્રહ્મનિષ્ઠ હોય છે. ભગવદ્‌ભક્ત જ્ઞાની હોય છે. વૈરાગ્ય વિના જ્ઞાનનો અનુભવ થતો નથી. સાધારણ સંસારી માટે ભક્તિમાર્ગ શ્રેષ્ઠ કર્મ છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# શ્રી સંતરામ મહારાજનાં દર્શન

આપણે મંદિરમાં જઈએ છીએ. શ્રી સંતરામ મહારાજની જય બોલીએ છીએ. પણ શ્રી સંતરામ મહારાજનાં દર્શન તો ક્યાંય થતાં નથી. દર્શન થાય છે તે તો છે છબીના રૂપે શ્રી લક્ષ્મણદાસજી મહારાજના. આપણને પ્રશ્ન થાય છે કે અમારે તો આદ્ય પરમાત્મા દત્તાત્રેય અવતાર શ્રી ગુરુ મહારાજનાં દર્શન કરવાં છે. આ દર્શન કેમ કરીને થાય?

આ પરમાત્માના દર્શન કરવા ચાલો આપણે સમાધિસ્થાને જઈએ. આ એ સમાધિસ્થાન છે કે જ્યાં ૧૮૮૭ની મહા સુદ પૂર્ણિમાના દિવસે ગોધૂલીના પવિત્ર મુહૂર્તમાં પરમ અવધૂત શ્રી ગુરુ મહારાજે મહા સમાધિ લીધી હતી. સંતો, ભક્તો, શિષ્યો અને અનુયાયીઓના સમુદાય વચ્ચે શ્રી જય મહારાજ સોહમ્ સોહમ્‌નું રટણ કરતા સમાધિમાં પ્રવેશ્યા તે સમયે 'જય મહારાજ'ના કૃપાપાત્ર શિષ્ય શ્રી લક્ષ્મણદાસજી મહારાજની આંખો ભીની થઈ. અંતર્યામી "મહારાજ" શ્રી લક્ષ્મણદાસજીનો ભાવ કળી ગયા. સુપાત્ર શિષ્યના વાંસે પોતાનો વરદહસ્ત ફેરવી, મસ્તકે હસ્ત સ્થાપી સહુની વચ્ચે "જય મહારાજ" ઉંચા સાદે બોલ્યા, "હું ક્યાંય જતો નથી, અહીં જ છું. આજથી 'લક્ષ્મણ' મારું સ્વરૂપ છે. હું તેનામાં જ છું." આમ સહુને આદેશ આપી, "શ્રી જય મહારાજ" મહા સમાધિમાં વિલીન થયા. બોલો શ્રી સંતરામ મહારાજની જય.

આ અગાઉ પણ પૂ. શ્રી જય મહારાજ તથા પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજ આ સ્થાને ગુરુ-શિષ્ય રૂપે બિરાજતા, ત્યારે પણ દર્શન કરવા આવનાર સહુને ગુરુ-શિષ્યમાં પરસ્પર બંનેનાં દર્શન થતાં હતા. આથી સહુ દર્શનાર્થીને પરમ આશ્ચર્ય અને કૌતુક અનુભવાતુ હતું. મન ઘડીકભર ભ્રાંતિમાં પડી જતુ. દ્વિધા અનુભવતુ કે આમાંથી કોણ લક્ષ્મણદાસજી? કોણ ગુરુજી? અહીં આ એકાત્મતાના અદ્‌ભુત દર્શન

થાય છે. અહીં સમાધિ સ્થળે ભક્તોને શ્રી લક્ષ્મણદાસજી મહારાજમાં પૂ. શ્રી સંતરામજી મહારાજનાં અદ્‌ભુત દર્શન થતાં રહે છે. એ જ શ્રી દત્તાત્રેય અવતાર 'ગુરુ મહારાજ'ના છબી સ્વરૂપમાં શ્રી લક્ષ્મણદાસજી મહારાજ અને શ્રી સંતરામજી મહારાજનાં દર્શન થાય છે. આજે સહુ ભક્તોએ સેવા અર્થે પોતાના ઘરમાં સેવા માટે આ છબી સ્વરૂપમાં શ્રી લક્ષ્મણદાસજી મહારાજમાં જ જય મહારાજના દર્શન કરે છે. અને સેવા-પૂજા કરે છે અને તેની સંત પરંપરામાં જે કોઈ હોય તેમાં પણ જય મહારાજનાં દર્શન કરે છે. તેટલું જ નહીં ભક્તિભાવે ભક્તોએ હૃદયસ્થ કરેલા જય મહારાજ સદ્‌ભાવે સહુમાં દર્શન આપે છે.

**પરમાત્મા શ્રી સંતરામ મહારાજ અતિમધુર પ્રેમરસનું સ્વરૂપ છે. વેદોમાં વર્ણન આવે છે, પરમાત્મા નારાયણ અતિ મધુરરસનું સ્વરૂપ છે. સંસારમાં બધા રસોમાં કડવાસ વધુ છે. શ્રીમાનને જોઈને ગરીબને લાગે છે, તેનો બંગલો કેવો સરસ છે? પણ આ શ્રીમાનને ત્રણ ડીગ્રી તાવ હોય તો તેને બંગલો સરસ લાગશે? સંસારના જડ પદાર્થો નિરસ છે. થોડું સુખ આપી, પરિણામમાં અતિ દુઃખ આપનારા છે. સંસારમાં મધુરતા ઓછી છે, રસરુપ એકમાત્ર પરમાત્મા છે. અતિમધુર એક ભગવાન છે.**

**જીવ સંસારમાં મીઠાશ શોધે છે, પણ મધુર તો પરમાત્મા છે. જીવ કોઈ રસમાં ફસાયેલો રહે છે. કેટલાકને હાસ્યરસમાં રુચિ, તેમને કથામાં પણ હાસ્ય ગમે. માનવ કથા સાંભળે છે તો કથા સાંભળ્યા પછી તેને થોડું દુઃખ થવું જોઈએ. સંસાર તો પશુ-પક્ષી પણ ભોગવે છે. પશુ-પક્ષી અને માનવ બન્ને જો એક સરખી રીતે સંસારના ભોગો ભોગવે તો બન્નેમાં ફેર શો? અંતકાળમાં જીવને બહુ દુઃખ પડે તેથી 'તું જાગ, તું જાગ' એમ કહ્યું છે. હાસ્યરસમાં કડવાશ છે. જે બહુ હસે છે તે રડવાની તૈયારી કરે છે. અતિ હસે તે કાળને સહન થતું નથી, કાળ તેને રડાવે છે.**

**-પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# વિશ્વ વંદ્ય અવધૂત શ્રી સંતરામ સ્તોત્રમ્

સુખસાગર યોગીરાજ અવધૂતની આ સુંદર સ્તુતિ આપણા યોગીશ્વર શ્રી લક્ષ્મણદાસજી મહારાજે, સુંદર ભાવો સાથે હૃદયપૂર્વક સૌ પ્રથમ કરી. શ્રી ગુરુ મહારાજ પ્રત્યે જે કાંઈ ભાવો સ્ફુર્યા તેને પ્રેમથી પ્રગટ કરતી આ સ્તુતિનું મૂળ કારણ પૂજ્ય ગુરુજીએ યોગજ્ઞાનનો જે કાંઈ ઉપદેશ આપ્યો તે મેળવ્યા પછી શ્રી લક્ષ્મણદાસજી મહારાજના હૃદયમાં એટલો બધો આનંદનો ભાવ જાગ્રત થયો, કે જેનું વર્ણન સ્વયં શ્રી લક્ષ્મણદાસજી મહારાજ વગર અન્ય કોઈ કરી જ ન શકે. એટલે જ કહેવાયું "લક્ષ્મણો હૃષ્ટ માનસઃ." શ્રી લક્ષ્મણદાસજી મહારાજે પ્રસન્ન મન વડે શ્રી ગુરુ મહારાજને પ્રાર્થ્યા છે.

અવધૂતનો એવો તો કયો ઉપદેશ હશે કે જેનાથી શ્રી લક્ષ્મણદાસજી મહારાજે અંતરના આટલા ઉચ્ચભાવથી પ્રાર્થ્યા હશે?

શ્રી ગુરુ મહારાજના સ્વરૂપમાં ભળી જઈ, તાદાત્મ્ય કેળવી, પૂર્ણ આત્માનુભૂતિમાં સંપૂર્ણ ગરક થઈ ગયા હોય એવા સુંદર ભાવથી, શ્રી સુખસાગરની શીતળતા, મધુરતાનાં રસાસ્વાદ લેતાં લેતાં, સદ્‌ગુરુના સદુપદેશના ભાવમાં ભીંજાયેલા શ્રી લક્ષ્મણદાસજી મહારાજ, બ્રહ્મ સંબંધના ઉચ્ચ કોટિના ભાવથી, અંતઃકરણપૂર્વક, શ્રી સદ્‌ગુરુના જે સ્વરૂપનો સાક્ષાત્કાર થયો તેને હૃદયમાં પધરાવી, ત્યાં જ સ્થાપીને, સ્થિર કરીને, પરમાનંદને દીર્ઘસ્મૃત બનાવી રાખીને ગાયું છે. આપણા જેવા ગુરુ બંધુઓને તારવા, આપણને શ્રી અવધૂત સ્વરૂપનું આસ્વાદન કરાવવા શ્રી ગુરુ ચરણે પહોંચાડવા માટે, આશ્રય આપવા માટે, દેવ દુર્લભ સ્તવન રત્ન આપણને પ્રસાદમાં આપ્યું.

આ પરમ સ્તુતિનું નિત્ય રટણ કરીએ. આ અમૃતના રસાસ્વાદને માણવા વાળા બનીએ. આપણા જીવનને સુખસાગરના અમૃતપાનથી પાવન બનાવીએ. આ સ્તવન વડે શ્રી સુખસાગર અવધૂતને રીઝવી પ્રસન્ન કરી આપણે એમના સ્વરૂપને સ્તવીએ, ચિંતવીએ તથા સ્મરીએ.

શ્રી લક્ષ્મણદાસજીની જેમ શ્રી ગુરુ મહારાજને પ્રગટ કરવા, તેમનો સાક્ષાત્કાર કરવા આ સ્તવનનો નિત્ય પાઠ કરીએ.

શ્રી અવધૂત ગુરુ મહારાજનો કૃપા પ્રસાદ પામવા આ સ્તવનથી શ્રી ગુરુ મહારાજને સ્તવ્યા જ કરીએ. બાપજી જેમ શ્રી લક્ષ્મણદાસજી ઉપર રાજી થયા હતા તેમ કોઈક દાડો આપણા ઉપર પણ રાજી થશે જ. બીજું વધારે નહીં પણ પ્રાર્થના સાથે એટલું જરૂર હક્કથી કહેશું કે બાપજીઃ

**તમારો દાસ લક્ષ્મણ જાણીને,**
**આ જુગમાં ઓળખાવો એંધાણીને,**
**સેવક ઉપર મ્હેર આણીને.**

છેલ્લે એટલું જ કહીશું કે :

**"મને મહેર કરી મહારાજ રાખો તમ શરણે રે"**

પરમ શાંતિના મૂર્ત સ્વરૂપ અલૌકિક શાંતિના અવતાર એવા શ્રી અવધૂત શાંતિનું સાચુ સ્વરૂપ છે. "ક્લેશ પંચાદિ હારં" અર્થાત્ પાંચ ઈન્દ્રિય વિષયોના ક્લેશમાંથી ઉગારી બચાવનાર પરમ શાંત સ્વરૂપ શ્રી ગુરુ મહારાજ છે.

શ્રી લક્ષ્મણદાસજી, શ્રી હરિરામજી, શ્રી રાઘવમુનિજી, શ્રી ગંગારામજી સહિત અનેક સંતો અને આશ્રિતોને પરમ શાંતિનું દાન આપતા જ આવ્યા છે. અને આપણ સૌને પણ નિરંતર શ્રેષ્ઠ શાંતિના દાન આપ્યા જ કરે છે. શ્રી બાપજી તો શાંતિના સુખસાગર છે.

શ્રી બાપજીના શરણે ગયા પછી પણ જો કોઈ જન તેમના શાંત સ્વરૂપનું આચમન ન કરે; તો પણ બાપજી વાયુ સ્વરૂપે, પવન તત્ત્વથી તેના તન-મનને વાતાવરણના શીતળ સ્પર્શથી પણ થોડી ઘણી તો શાંતિ આપે જ છે. "દુઃખઘ્નો યત્રવાતી પ્રણતમન જન, આહ્લાદ કારીય વાયુ." શ્રી બાપજી એટલા બધા ઉદાર છે કે એમને શરણે આવેલાને જરાય ઉકળતો કે ઉનો રહેવા દેતા નથી. શ્રી બાપજીનો તો સ્વભાવ જ એવો છે કે શરણે આવેલા આશ્રિતને તેઓ ઠારે જ ઠારે. એમાં જરાય સંદેહ નથી.

પંચક્લેશ હરનાર, ઠારનાર બાપજી, આપણા માટે તો તેઓ



જ આપણા ભગવાન. આ શરીરની પાંચેય ઈન્દ્રિયો જંપવા જ ન દેતી હોય - "દે છે ઈન્દ્રિયો સહુ દુઃખ રે" ત્યારે આ પંચક્લેશને શાંત કરનાર શ્રી બાપજી આપણા માટે તો પરમ તત્ત્વનું મોટું શરણ આપનારું તીર્થ છે. આવા તીર્થના આશ્રયે, એના છાંયડે શીતળતા મેળવનાર મહાભાગ્યશાળી ગણાય.

વાસનાને શાંત કરવી સહેલી નથી. એની ભયંકરતાનો પરચો સહુને મળતો જ હોય છે. મહા ભયંકર વિષય વાસનાનાં વિષ રોજ રોજ સહુને દઝાડે છે. વિષ તો એક સાથે, એક જ વખત માણસને મારે છે. પરંતુ વિષયોના વિષ તો જીવવાય ન દે અને મરવાય ન દે. એટલે માણસ વાસનાના વિષથી વધારેમાં વધારે દુઃખી થતો હોય છે.

**વિષાદ્ વિષં કિં વિષયા સમસ્તા,**
**દુઃખી સદા કો વિષયાનુરાગી.**

વરાડમાં શાંતમૂર્તિ-શાંત સ્વરૂપનાં પ્રગટ દર્શન કરીને શ્રી લક્ષ્મણદાસજી મહારાજ પાગલની જેમ બાવરી મનોદશામાં શ્રી અવધૂતને શોધતા, વિચરતા વિચરતા આ તીર્થના શાંત ઓવારે આવી જીવનનો કાયમી પડાવ નાખ્યો. જેથી જગતના પાપ-તાપમાં બળવા-શેકાવાનું રહે જ નહીં.

શ્રી યોગીરાજ અવધૂત જેવા સુખનો અખૂટ ભંડાર મળી ગયા પછી વિષયોના તાપ લાગે જ નહીં. "પાપ તાપ તહી નિકટ ન જાઈ કાહુ."

શ્રી ગુરુ મહારાજના જીવન પ્રસંગોમાં ક્યાંય, ક્યારેય અપ્રસન્નતા નથી. ક્યાંય જરા સરખો આવેશ પણ નથી. ક્રોધ તો એમના સ્વરૂપથી ભયનો માર્યો સામે આવે જ ક્યાંથી!

જ્યાં આપના શાંત સ્વરૂપનો પ્રકાશરૂપ દિવસ ક્યારેય અસ્ત થતો નથી એવા બાપજીના મન-વચન-કર્મથી પૂર્ણ આશ્રિત બન્યા પછી એ અંધારા આપણા જીવનમાં ક્યારેય ડોકાતા નથી. શ્રી બાપજી જ્યાં "ધર્માબ્જ સૂર્યમ્" રૂપે સતત એમના દર્શનથી ખીલેલા ધર્મકમળ "અથઈન કબહુ ના" ક્યારેય આથમે જ નહીં. તેવો સૂર્યપ્રકાશરૂપ શરણ મળ્યું હોય તેને કરમાવાનો ભય રહેતો નથી.

પરમ શાંતિના મૂર્ત સ્વરૂપને શરણે જનારને શાંતિના દાન મળવાના જ. નિતાંત શાંતને શરણે જનારને સુખસાગર શાંત કરવાના જ. એને ઠારવાના જ. એમના શરણે જનારની ચિત્તવૃત્તિ ઠરીને શાંત થવાની જ. શ્રી ગુરુ મહારાજ પાસેથી શાંતિના દાન મળે, દીક્ષા મળે અને ભિક્ષા પણ મળી જાય એટલે "વો કરે આપ સમાન."

શ્રી બાપજી શાંત સુખસાગર છે. એવો શાંત સાગર કે જે આત્માનુભૂતિના હિલોળા લેતો હોય છે. અવધૂતની આનંદની મસ્તીમાં ઉછાળા લઈ ઘૂઘવતો હોય છે. આવો આનંદ અલૌકિક આનંદ હોય છે. શ્રી ગુરુ મહારાજના સુખસાગર સ્વરૂપને જગતના ભૌતિક, બાહ્ય કે લૌકિક ક્ષણભંગુરતા, ક્ષુલ્લકતા, છીંછરાપણુ તેમના શાંત સ્વરૂપને ક્યારેય સ્પર્શતું જ નથી. સુખના સાગરનો આનંદ હિલોળા પણ ખરા અને સાથે સાથે શુદ્ધ પરમ શાંતિનો અનુભવ પણ ખરો. આનંદ સાગર અને પર શાંત ચિત્તવૃત્તિ સતત રમ્યા જ કરતી હોય છે.

દરેક માણસના જીવનમાં થોડીક શાંતિ તો હોય જ છે. થોડી-ઘણી શાંતિ સિવાય માણસ જીવી શકતો જ નથી. શાંત સ્વરૂપ શ્રી બાપજી કાંઈક આંશિક શાંતિના સ્વરૂપે સહુના જીવનમાં બિરાજેલા હોય છે. એને જીવન જીવવાનો આધાર એના અંતઃકરણમાં થોડી ઘણી, કોઈપણ પ્રકારની શાંતિનો આધાર મળેલો છે. તેમ શાંત સ્વરૂપ મહારાજનું સૂક્ષ્મ છતાંય મૂર્ત સ્વરૂપ એના હૃદયે બિરાજે છે. જેના આધારે એ જીવે છે.

**શ્રી સંતરામ મહારાજ અતિશય કૃપા કરે ત્યારે વાસનાનો વિનાશ થાય છે. જ્ઞાન, ભક્તિના માર્ગમાં વાસના મોટું વિઘ્ન છે. વાસના માનવનું પતન કરાવે છે. વાસના બધાંને ત્રાસ આપે છે. વાસના રહી જાય તો માનવે ફરી જન્મ લેવો પડે છે.**

**વાસના રાક્ષસી છે, બુદ્ધિમાં સૂતેલી વાસના મરતી નથી. ઘણીવાર વધુ સંયમ કરીએ તો વાસના દબાયેલી રહે છે. આ દબાયેલી વાસના મોકો મળતાં જાગે છે. જાગેલી વાસના પતન કરીને બહાર નીકળે છે. માનવને મળવાની ઈચ્છા તે વાસના. પ્રભુ મેળવવાની ઈચ્છા તે ભક્તિ. વાસનાને ભક્તિમાર્ગમાં વાળી દો.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**



# શ્રી સંતરામ મંદિર, નડિયાદના પુનઃ નિર્માણની ગૌરવગાથા

દસ વર્ષની કુમળી વયે પ.પૂ. શ્રી જાનકીદાસજી મહારાજ સમક્ષ ગીતાજીના શ્લોક જરાય અટક્યા વિના કડકડાટ બોલી જનાર પ્રાતઃસ્મરણીય પૂ. શ્રી નારાયણદાસજી મહારાજને સંવત ૨૦૨૩, વૈશાખ વદ ચૌદશને બુધવારે ચાદર ઓઢાડીને શ્રી સંતરામ સમાધિસ્થાનના આઠમા મહંત તરીકે અભિષેક કર્યો. વીતેલા ચોત્રીસ વર્ષો શ્રી સંતરામ સમાધિસ્થાન અને તેની વિવિધ શાખાઓ માટે પુનઃનિર્માણનો સુવર્ણયુગ બની રહ્યો છે. "જન સેવા એ જ પ્રભુ સેવા"નું સૂત્ર સાચા અર્થમાં સ્વીકારીને ધર્મપ્રવૃત્તિની સાથે સાથે શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને ખાસ તો આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓને શ્રી સંતરામ મંદિરે છેલ્લાં ત્રણ દશકામાં ખૂબ મહત્ત્વ આપ્યું છે. એ બધા શુભ કાર્યોની વચ્ચે શ્રી મંદિરમાં ભવનોનું નિર્માણ અને પુનઃ નિર્માણ કાર્ય પણ પૂરઝડપે ચાલ્યું છે. સંવત ૧૮૮૭માં મૂળ યોગીરાજ શ્રી સંતરામ મહારાજના પટ્ટશિષ્ય પ.પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજે સમાધિસ્થાને ત્રણ માળનું શિખરબંધી ધ્વજદંડ સાથેનું મંદિર બનાવ્યું હતું. તે પછીના વીતેલા ૧૬૭ વર્ષોમાં સમાધિસ્થાનનું એ ભવન જર્જરિત થવા માંડ્યું હતું. ઉપરના માળેથી કાંકરી ખરતી અને ધૂળ પણ પડતી. સંવત ૨૦૩૪માં ૧૫૦ વર્ષના અર્ધ શતાબ્દી મહોત્સવ વખતે ભવનનું પુનઃ નિર્માણ કરવાની પૂ. મોટા મહારાજની (જાનકીદાસજી મહારાજ) ખૂબ ઈચ્છા હતી. પરંતુ એક યા બીજા કારણસર દિવ્ય અખંડજ્યોતની આંતરપ્રેરણા મળતી નહીં.

અચાનક શ્રી મંદિરના ઈતિહાસમાં એક સોનેરી ક્ષણનો ઉદય થયો. અર્થથી માંડીને શ્રમ સુધી બધી જ રીતે યોગ્ય સમય જણાયો ત્યારે આપોઆપ જ પુનઃ નિર્માણની અંતઃસ્ફુરણા જાગી, કહો કે પ્રેરણા મળી, આજ્ઞા થઈ અને સંવત ૨૦૫૨માં પ.પૂ. લક્ષ્મણદાસજી મહારાજના ૧૨૫માં સમાધિપર્વ નિમિત્તે નવનિર્માણનો પ્રારંભ થયો. કોઠાસૂઝ

ધરાવતા વયોવૃદ્ધ અનુભવીઓથી માંડીને એન્જિનીયરો સુધીના દરેકની સલાહ-સૂચન મેળવી નવા મંદિરનો એક ચોક્કસ આલેખ ચિતરાવા લાગ્યો. જોતજોતામાં નવું મંદિર એન્જિનીયરોની રેખાઓથી કાગળ ઉપર બંધાઈ ગયું.

પુનઃ નિર્માણનું કાર્ય ત્રણથી સાડા ત્રણ વર્ષ ચાલે તેમ હતું. સંવત ૨૦૫૨ની વૈશાખ સુદ અગિયારસે પ્રસાદ વિસર્જનનો પ્રારંભ કરવાનો હતો અને વૈશાખ વદ અગિયારસે તો ભૂમિ પૂજન પણ કરવાનું હતું. આ આખુ શુભકાર્ય નિર્વિઘ્ને પાર પડે તે હેતુથી પૂજ્ય નારાયણદાસજી મહારાજે વૈશાખ સુદ આઠમ, શુક્રવાર તા.૨૬-૪-૯૬ થી (પૂ. શ્રી જાનકીદાસજી મહારાજની પુણ્યતિથિ) રોજ રાત્રે વિષ્ણુસહસ્ત્ર નામયજ્ઞનો પ્રારંભ કરાવ્યો. તે દિવસે સવારે ૭ થી સાંજે ૭ સુધી વિષ્ણુસહસ્ત્રનો અખંડ પાઠ થયો. રાત્રે ૯ વાગે પૂ. મહારાજશ્રીના સ્વમુખે, નિર્મળ છતાં બુલંદ અવાજથી વિષ્ણુસહસ્ત્ર પાઠનો શુભારંભ થયો. નવનિર્મિત મંદિરની મંગલકામના માટે ત્રણ વર્ષ દરમ્યાન નિયમિત રૂપે કુલ ૧,૨૫૧ પાઠ પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો. રોજ રાત્રે શ્રી મંદિરના મુખ્ય ચોકમાં હજારેક ભક્તો હાથમાં વિષ્ણુસહસ્ત્ર પાઠ લઈ પોતાનું સ્થાન મેળવી લેતા. પાઠ શરૂ થયાના બારમા દિવસથી મહારાજશ્રીએ માઈક ઉપર પાઠ શરૂ કર્યો. ભક્તો ઘેર બેઠાં પણ આ જપયજ્ઞ કરી શકે તે ભાવનાથી પ્રત્યેક ભક્તજનને મંદિર તરફથી ગુજરાતીમાં મોટા અક્ષરે છપાયેલી વિષ્ણુસહસ્ત્ર પાઠની એક પુસ્તિકા તથા જપ નોંધણી માટેનું ૨૦૦ ખાનાવાળું કાર્ડ આપવાની યોજના શરૂ કરી. આખુ કાર્ડ ભરાઈ જાય એટલે મંદિરના કાર્યાલયનાં રજિસ્ટરમાં કાર્ડ જમા કરાવીને નવું કાર્ડ મેળવી લેવાનું. કોઈ ભક્તજનને વિષ્ણુસહસ્ત્રનો શુદ્ધ પાઠ ન ફાવે તે 'ૐ નમો ભગવતે વાસુદેવાય'નો જાપ કરતાં. અમીર, ગરીબ, યુવાન, વૃદ્ધ સૌ કોઈ પુનઃ નિર્માણનાં કાર્યકાળ દરમ્યાન જપયજ્ઞ દ્વારા નિર્માણની શુભ પૂર્ણાહુતિ માટે પોતાની શુભભાવના દર્શાવી રહ્યાં.



સંવત ૨૦૫૨ના વૈશાખ સુદ પડવાથી (૧૮-૪-૯૬) મંદિરના ચારેબાજુના પતરાં કાઢવાનો પ્રારંભ બપોરે ૧-૦૦ વાગે લાભ ચોઘડિયામાં શરૂ થયો. ૨૩-૪-૯૬ના રોજ ઉપરનું શિખર ઉતારવા માટે લોખંડની પાઈપો ગોઠવી, આખું શિખર નીચે ઉતારી શકાય તે માટે ક્રેઈન પણ ગોઠવાઈ ગઈ. ૨૪-૪-૯૬ને બુધવારે રાત્રે ૮-૦૦ વાગે નવનિર્મિત મંદિરનું મૉડેલ જાહેર જનતાના દર્શન માટે ગોઠવ્યું. આ પુનઃ નિર્માણકાર્યનો રીતસરનો પ્રારંભ થાય તે પહેલાં દોષનિવૃત્તિ અને વિઘ્નનિવૃત્તિ માટે ચોકમાં ગણેશયાગનું આયોજન થયું. સંવત ૨૦૫૨ની વૈશાખ સુદ નોમ ને શનિવારે (૨૭-૪-૯૬) હોમાત્મક ગણેશયાગ કરવામાં આવ્યો. અગ્નિહોત્રી શ્રી શુકદેવજી પ્રસાદનાં આચાર્યપદે નગરના ૫૦ થી વધુ કર્મકાંડી-વેદપાઠી વિપ્રવૃંદો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી ગણેશયાગ સંપન્ન થયો. વૈશાખ સુદ દશમ ને રવિવારે શ્રી લક્ષ્મણદાસજી મહારાજના સમાધિસ્થાનની ગાદી પરિવર્તનનો દિવસ હતો. વહેલી સવારથી જ વિષ્ણુસહસ્ત્રનો નામ જપયજ્ઞ શરૂ થઈ ગયો હતો. શાખા મંદિરોના મહંતો પણ આવી પહોંચ્યા. ૧૭૫ બ્રાહ્મણોના કંઠે ગવાતા વિષ્ણુસહસ્ત્રનો પાઠ એક હજારથી વધુ ભક્તો ઝીલતાં હતાં. સળંગ ચાર કલાક બુલંદ કંઠે પાઠ ગવાયો. અગિયાર પાઠ પૂરા થયા. પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજે પટ્ટશિષ્ય પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજની ગાદી, પાદુકા વગેરે માથે મૂકી મંદિરની ત્રણ પ્રદક્ષિણા કરી અને પછી મંત્ર મંદિરમાં પ્રતિષ્ઠા કરી. આમ, પાઠાત્મક વિષ્ણુયાગ સાથે વૈશાખ સુદ દશમે શ્રી લક્ષ્મણદાસજી મહારાજના સમાધિસ્થાનનું સ્થાન પરિવર્તન કરવામાં આવ્યું.

વૈશાખ સુદ અગિયારસને સોમવારે (૨૯-૪-૯૬) શિખર ઉતારવાનું મુહૂર્ત હતું. સવારે દસ વાગ્યાથી જ સમાધિસ્થાન સન્મુખ હોમાત્મક પ્રાસાદ વિસર્જન માટેનો વિધિ શરૂ થઈ ગયો હતો. બપોરે ૧૨:૩૪ મિનિટે જય મહારાજ જાતે શિખર પર ગયા. અગાઉથી નક્કી થયા મુજબ પુષ્યનક્ષત્રમાં શિખર વિસર્જનનો શુભારંભ કર્યો.

જય મહારાજે ચાંદીના વૃષભથી શિખરને સ્હેજ ખોતર્યું અને પછી પહેલેથી ગોઠવી રાખેલી લોખંડની સાંકળોને હાથ લગાવ્યો. તરત જ 'જય મહારાજ'ના જયનાદ સાથે હજારો હાથે સાંકળો ખેંચી. પંદર-સત્તર મણનું સિમેન્ટ કોંક્રીટનું શિખર બે ઈંચ ઉંચુ થયું, અંદરથી એક પંચપાત્ર તથા પૂજાવિધિ કરેલ થોડુંક દ્રવ્ય નીકળ્યું. કારસેવકોએ વિસર્જન માટેની કારસેવા આરંભી. જય મહારાજ નીચે મંગલગૃહમાં આવ્યા અને સહજતાથી પદ સંગ્રહનું પદ બોલી ઉઠ્યાં "**મારું કાચું હોય તે સૌ કહેજો, સવળા થઈને સન્મુખ રહેજો, અરજી હરિનામની ઉર લેજો.**" બપોર સુધીમાં તો શિખરનું વિસર્જન થઈ ગયું અને સાથોસાથ ચોથો માળ પણ ઉતરવા લાગ્યો.

કોઈપણ અપેક્ષા વગર અબાલ-વૃદ્ધ, સૌ કોઈ પ્રભુપ્રીત્યર્થે કારસેવામાં લાગી ગયા હતાં. રાત્રે વિષ્ણુસહસ્ત્રના પાઠ વખતે કારસેવા શાંત પડતી, બાકી અવિરત, ચોવીસે કલાક કારસેવા ચાલુ રહેતી. બહારગામના ભક્તોને તો થોડો આરામ કરવા આગ્રહ કરી કારસેવામાંથી બહાર લઈ આવવા પડતાં. કારસેવાનો ઉત્સાહ પ્રચંડ હતો. કોઈ ઘેર જવા તૈયાર જ નહીં. લગની એવી લાગેલી કે થાક પણ નહીં અને ભૂખ પણ નહીં, મહારાજનું મંદિર નવું બનાવવાનો ઉત્સાહ, ઉમંગ અને શ્રદ્ધા જ એમનું ઈંધણ હતું. બે હજાર કારસેવકો પચ્ચીસ-પચ્ચીસની ટૂકડીમાં વહેંચાઈ ગયેલા. છેક ઉપલા માળેથી રોડાં-માટી ભરેલું તગારું સીધું બહારનાં દરવાજે ટ્રેક્ટરમાં ઠલવાઈ જાય એવી અનોખી માનવસાંકળ રચાઈ ગઈ હતી. જોતજોતામાં સમાધિસ્થાનનું આખુ ભવન ઉતરી ગયું. આમ તો આ કારસેવાનો પ્રારંભ શિખર વિસર્જનથી થયો એમ કહેવાય. પરંતુ એની રીતસરની શરૂઆત તો તેનાથી પાંચ દિવસ પહેલાં થઈ ચૂકી હતી. વૈશાખ સુદ પાંચમ (૨૩-૪-૯૬)ની રાત્રે જય મહારાજે મૂળ જય મહારાજનાં ભગત શ્રી પૂજા પટેલના પરિવાર જનોને પ્રથમ સેવાનો લાભ આપવા આમંત્ર્યા હતા. એ રામદાસની ખડકીના યુવાનોએ બહારનાં છજાનાં પતરાં ખોલીને કારસેવાનો સાચો પ્રારંભ કરેલો.



લગભગ ત્રણેક દિવસમાં તો સમાધિસ્થાનના આખા ભવનનું વિસર્જન થઈ ચૂક્યું. પાયા ખોદાવા શરૂ થયાં. નડિયાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી હજારો કારસેવકો ઉમટી પડ્યા. મંદિરના ભક્તવૃંદોની ટોળકી તો ખડે પગે હોય જ. સાથોસાથ લખાવાડ, પીજ ભાગોળ, દિવાળી પોળ, સમડી ચકલું, રામ ફળિયું, મોટા પોર, નાના પોર, વછેવાડ, છાંટિયાવાડની લીમડી, ખારાકૂવા, ગણેશ પોળ, દેસાઈ વગો, હરિજનવાસ, વણકરવાસ, અલ્લાદ વગો, ભોજવો કૂવો તથા બીજા અનેક નાના મોટા વિસ્તારોના રહીશો કારસેવક બની સેવામાં લાગી ગયા. શહેરની વૈશાલી સિનેમાની પાછળની સોસાયટીના કડીયા ભાઈઓ, કારીગરો, કૉલેજોના એન.એસ.એસ., એન.સી.સી.ના વિદ્યાર્થીઓ ઈત્યાદિ પણ કારસેવકની નાતમાં ભળી ગયા. ટીમ્બર મર્ચન્ટ યુનિયને વળીઓ, પાટિયાં અને બીજી નાની-મોટી વસ્તુઓની સેવા પૂરી પાડી. આજુબાજુના મિત્રાલ, રઢુ, ઉમરેઠ, કાલસર, કરમસદ, નાપાડ, સુખડા, ભડકદ, હેરંજ, બલોદ, ઉત્તરસંડા, સલૂણ, મહોળેલ વગેરે ગામના લોકો પણ પોતાના સંસાર અને વ્યવસાયમાંથી સમય ચોરી લઈને કારસેવામાં જોડાવા ઉત્સાહભેર આવી પહોંચતા. ગણત્રીના દિવસોમાં પાયાનું પૂરતું ખોદાણ થઈ ગયું. શહેરની ટેકનીકલ કૉલેજના નિષ્ણાતોએ ખડે પગે ઉભા રહીને પાયા માટેનો વૈજ્ઞાનિક ટેસ્ટ પણ કરી આપ્યો.

પાયા ખોદાઈ ગયા એટલે હવે સમય આવ્યો હતો ખાત મુહૂર્ત વિધિનો. ભૂમિ પૂજન માટે સંવત ૨૦૫૨ની વૈશાખ વદ અગિયારસ (૧૩-૫-૯૬)નો શુભ દિવસ નક્કી થયો હતો. આગલા દિવસે, એટલે કે વૈશાખ વદ દશમ ને ૧૨-૫-૯૬ના રોજ એક હોમાત્મક દત્તયાગનું આયોજન થયું, જેમાં ભગવાન દત્તાત્રેયની આરાધના થઈ. યોગીરાજ શ્રી સંતરામ મહારાજ ભગવાન દત્તાત્રેયના સ્વરૂપ હતા. દત્ત સ્વરૂપ તો ચિરંજીવ છે. વળી કહેવાયું છે કે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશનું એકત્વ ધરાવતું આ દત્ત સ્વરૂપ કલિયુગમાં સંત સ્વરૂપે દર્શન આપે છે. સવારથી જ શરૂ થયેલા હોમાત્મક દત્તયજ્ઞમાં ઢળતી સાંજે શ્રીફળ હોમાયું.

શ્રી મંદિરનો મુખ્ય ચોક ભક્તોથી ઉભરાયો હતો. 'જય મહારાજ'ના ગગનચુંબી નારાઓ વચ્ચે દત્તયાગ સંપન્ન થયો. બીજે દિવસે, એટલે કે સંવત ૨૦૫૨ની વૈશાખ વદ અગિયારસને સોમવારે (૧૩-૫-૯૬) ભૂમિપૂજન કરવાનું હતું. સવારે દસ વાગે મંગલ મંત્રોચ્ચારથી તેનો શુભારંભ થયો. પ.પૂ. નારાયણદાસજી મહારાજે સ્વહસ્તે પાયાની પહેલી ઈંટ પધરાવી. પછી તો હજારો કારસેવકોએ પાયો પૂરવાનું કામ ઉપાડી લીધું. વચ્ચે વાતાવરણ બદલાતાં થોડી ચિંતા ઉભી થઈ. આભમાં અભ્રજૂથનું વર્ચસ્વ જામતું જતું હતું. વરસાદની બીક પેઠી. પાયા માટે ખોદેલા ઊંડા ખાડાઓમાં જો પાણી ભરાય તો ભારે સમસ્યા ઉભી થાય તેમ હતી. પણ કારસેવકોની અપાર શ્રદ્ધાએ કાર્યવેગ બમણો કર્યો અને બધું સમુસૂથરું પાર ઉતર્યું. આ દિવસોમાં ભાગવત ભાસ્કર શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી વિદેશ જતાં પહેલાં દર્શનાર્થે આવેલા. તેમણે પણ કારસેવામાં જોડાયાનો આનંદ લૂંટ્યો. માટીના પાંચ-દશ તગારા પાયામાં પધરાવ્યા અને પછી તો તેઓ સહુ કોઈના આશ્ચર્ય વચ્ચે સમાધિની જગ્યાએ કરેલા ખાડાની માટીમાં આળોટવા લાગ્યા. જય મહારાજના ચરણે પડી ગદ્ગદ્ કંઠે બોલ્યા કે, "**મહારાજ, આજે ન આવ્યો હોત તો વસવસો રહી જાત.**"

લોખંડનું એક કેબિન બનાવી સમાધિની ચારેબાજુ ફરતું ઉતારી દીધું. એ કેબિનથી દોઢ-બે ફૂટ દૂર વળી બીજુ લોખંડનું કેબિન ઉતાર્યું. બંનેની વચ્ચે સિમેન્ટ-કોંક્રીટનું પુરાણ કર્યું. પાયામાં ચારેય બાજુ દસ ફૂટ સુધીનો લાલ પથ્થરનો થર કર્યો. વચ્ચે વચ્ચે સિમેન્ટ-રેતી-કપચીનો થર તો ખરો જ. સંવત ૨૦૫૨ની અધિક અષાઢ સુદ ચૌદશને ૩૦-૬-૯૬ સુધીમાં પાયાનું કામ તમામ થયું. અંદાજિત ગણત્રી મુજબ માત્ર પાયાના જ બાંધકામ માટે સાહીઠ ગાડી રેતી, પચ્ચીસ ગાડી કપચી, દસ ગાડી ગ્રીટ, એકવીસો થેલી સીમેન્ટ અને ત્રીસ ગાડી લાલ પથ્થર વપરાયા હતાં.

શ્રી સોમપુરાના સીધા માર્ગદર્શન હેઠળ અનેક શિલ્પીઓ અને કારીગરોએ મંદિર નિર્માણનું કાર્ય આગળ વધારવા માંડ્યું. અધિક અષાઢ માસની પૂર્ણિમા તા.૧-૭-૯૬ના શુભ દિને આરસની પ્રથમ



કૂંભી સવારે ૯ કલાકે સ્થાપી. યોગાનુયોગે તે જ સમયે શ્રી મંદિરના માઈકમાં પૂજ્ય મહારાજશ્રીના સ્વમુખે વિષ્ણુસહસ્ત્ર પાઠનો સુંદર શ્લોક ગુંજતો હતો

**અપ્રમેયો હૃષીકેશઃ, પદ્મનાભોઽમરપ્રભુઃ ।**
**વિશ્વકર્મા મનુસ્ત્વષ્ટા, સ્થવિષ્ઠઃ સ્થવિરો ધ્રુવઃ ॥**

બે દિવસમાં તો આરસના પંદર કલાત્મક થાંભલાઓ ઊભા થઈ ગયા. સાથોસાથ લાલ પથ્થરની દિવાલો ચણાવા લાગી. ધીમે-ધીમે બંને સમાધિસ્થાન તૈયાર થવા લાગ્યા. અધિક અષાઢની વદ નવમી (૯-૭-૯૬)ના રોજ મુખ્ય દ્વાર, એટલે કે દર્શનની જાળીની પ્રતિષ્ઠા બપોરના ૧૨ થી ૧૨:૩૦ વચ્ચે અમૃતસિદ્ધિયોગ દરમ્યાન થઈ. કાળા કપડામાં મીંઢળ, ચારરસ્તાની ધૂળ, હનુમાનજીના ચરણની મળી (સિંદૂર), લોખંડની ખીલી વગેરે મૂકી પોટલી બનાવી અને તેને હાથી દાંતની સફેદ બંગડી સાથે બારશાખ ઉપર બાંધી. નીચે લક્ષ્મીજીની મુદ્રા (સિક્કો) પધરાવી. વળી બારશાખના ઉપરના ભાગે ચાંદીનું શ્રીયંત્ર પણ પધરાવ્યું. સોળમી ડીસેમ્બરે સમાધિસ્થાનના મથાળે પથ્થરો ગોઠવ્યા. ચોથી જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ પ.પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજના સમાધિસ્થાન ઉપર કોતરેલ ડીઝાઈનવાળા આરસના પથ્થરો ગોઠવ્યા. ૧૮ તથા ૧૯ જાન્યુઆરીએ પૂજાગારની રૂમ ઉપર લાલ પથ્થરો ગોઠવ્યા. ૨૦ તથા ૨૧ જાન્યુઆરીએ જાળી આગળ ભક્તોને બેસવાની જગ્યાએ છત બનાવી. ૨૩ તથા ૨૪ જાન્યુઆરીએ મુખ્ય જાળી સન્મુખ દર્શન માટે ઊભા રહેવાના સ્થાન ઉપર લાલ પથ્થરોની છત નિર્માણ કરી. માત્ર એક જ મહીનાના ટૂંકા ગાળામાં બંને સમાધિસ્થાનના ભવનો તૈયાર થઈ ગયા.

સંવત ૨૦૫૩, મહા સુદ તેરશને ગુરુવારની સવાર એટલે દિવ્ય અખંડજ્યોતિ તથા પાદુકાઓનું મુખ્ય ગર્ભગૃહમાં પુનઃસ્થાપન કરવાનું મંગલ પ્રભાત. આગલે દિવસે જ શ્રી સમાધિ સન્મુખ સોલા ભાગવત વિદ્યાપીઠમાંથી આવેલા ચાર વિદ્યાર્થીઓએ પૂજનવિધિ કરી હતી. વહેલી સવારથી જ ભક્તજનો દર્શનાર્થે ઉમટ્યા હતા. મહા સુદ તેરશને

૧૯૯૭ની વીસમી ફેબ્રુઆરીએ યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની ગાદી, અખંડજ્યોત અને પાદુકાઓને મૂળ સ્થાને પુનઃ સ્થાપન કરવામાં આવે તે પહેલાં સવારે ૭-૧૧ મિનિટે ગણેશ પૂજન શરૂ થયું. તે દરમ્યાન ભક્તવૃંદ અને વિપ્રવૃંદે વિષ્ણુસહસ્ત્રનો પાઠ કર્યો. ૬૨૩ ભક્તો અને ૩૪૩ વિપ્રવૃંદોના મુખેથી વિષ્ણુસહસ્ત્રનો જપયાગ અવિરત ચાલતો રહ્યો. બ્રહ્માંડમાંથી સૂર્યનારાયણના સોનેરી કિરણોનો વરસાદ વરસતો હતો, શરણાઈ, ઢોલ અને મૃદંગના મધુરા નાદ લહેરાતા હતા અને ફટાકડાના ધડાકાથી વાતાવરણમાં અદમ્ય ઉત્સાહ ભળ્યો હતો. ભૂદેવોના શ્રીમુખેથી નીકળતા સ્વસ્તિવચનો વચ્ચે સવારે ૮-૦૫ મિનિટે ગુરુપુષ્યામૃતના શુભ મુહૂર્તમાં શ્રી સંતરામ મહારાજની અખંડજ્યોતિ-ગાદી તથા પાદુકાની પુનઃ સ્થાપન વિધિ શરૂ થઈ. સહુ પ્રથમ પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજ પોતાના મસ્તક ઉપર પાદુકા પધરાવીને ગંગાજળથી પવિત્ર થતાં માર્ગ ઉપર થઈને મૂળ ગાદીના સ્થાનની સન્મુખ, બહારની તરફ મૂકેલી પાટ સુધી ગયા અને ત્યાં 'જય મહારાજ'ના ગગનભેદી નારા વચ્ચે હર્ષોલ્લાસથી શ્રી પાદુકાઓ પધરાવી. ૮-૧૧ મિનિટે શાખા મંદિરોના મહંતશ્રીઓએ પોતાના કરકમલથી જય મહારાજની મૂળ ગાદી પાટ ઉપર પધરાવી. ત્યારબાદ ૮-૨૦ મિનિટે પૂ. શ્રી રામદાસજી મહારાજે દિવ્ય અખંડજ્યોતની પધરામણી કરી. એવી જ રીતે ૮-૨૩ થી ૮-૩૦ મિનિટ દરમ્યાન પ.પૂ. શ્રી લક્ષ્મણદાસજી મહારાજની ગાદી, પાદુકા, જ્યોત વગેરેનું પાટ ઉપર સ્થાપન કર્યું. ઘડિયાળનો કાંટો બરાબર ૮-૩૦ મિનિટે પહોંચ્યો, ત્યાં તો મંદિરના ચોકમાં હૈયે હૈયું ચંપાય એ રીતે ઉભરાયેલી ભક્તમેદનીના મુખે શ્રી જય મહારાજની ધૂન શરૂ થઈ અને સર્વે શાખા મંદિરોના મહંતશ્રીઓએ આખેઆખી પાટ ઉપાડીને દર્શન માટેની જાળીવાળા દ્વારમાંથી અંદર લઈ જઈને મૂળ સ્થાને પ્રસ્થાપિત કરી. ભક્તોના હૃદયમાં આનંદ સમાતો નહોતો અને આંખોમાં શ્રદ્ધા છુપાતી નો'તી. પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજે પાટ ઉપરથી પાદુકા, છત્ર, ગાદી,



જ્યોતનું મૂળ સ્થાને સ્થાપન કર્યું. સર્વે શાખા મંદિરના મહંતો પણ જય મહારાજ સાથે જોડાયા. ઉપસ્થિત તમામ ભક્તોને બુંદીના લાડુનો પ્રસાદ વહેંચાયો અને વિપ્રવૃંદને વસ્ત્રદાન તથા રોકડદાનના આશીર્વાદ સાંપડ્યા. અખંડજ્યોતિ, પાદુકા, ગાદીનું પુનઃ સ્થાપન થયું. બીજે દિવસે એટલે કે ચૌદશે અખંડનામ સંકીર્તનનો પ્રારંભ થયો અને મહા સુદ પૂનમે સાકરવર્ષાનો અલૌકિક ઉત્સવ ઉજવાયો.

શ્રી સંતરામ મંદિરના નવનિર્મિત ભવનની મંગલકામના નિમિત્તે નારેશ્વરથી શ્રી રંગ અવધૂત ધામના વિપ્રવૃંદોએ ફાગણ સુદ-૧૫, સોમવાર ને તા.૨૪-૩-૯૭ના રોજ દત્તયજ્ઞ સંપન્ન કર્યો. બીજી બાજુ નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું હતું. ઉપરના મજલાનું કાર્ય શરૂ થયું. ચૈત્ર વદ-૧૪, ૫-૫-૯૭ના રોજ પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજે ઉપરના મજલે, પૂર્વ દક્ષિણ ખૂણે, અગ્નિકોણમાં મૂકેલા ખરસલમાં સાંજના ૬-૦૦ વાગે સીમેન્ટ પૂરીને પ્રથમ મજલાનું કાર્ય આરંભ્યું. બે દિવસમાં તો ઉપરના મજલાની પશ્ચિમ તરફે દિવાલો ચણાઈ ગઈ. સાથોસાથ પ.પૂ. જય મહારાજની અસલ બેઠક કક્ષ : ૭ આરસ જડીત અદ્યતન બનાવાયો અને તા.૯-૫-૯૭ના રોજ પ.પૂ. જય મહારાજના મુલાકાતી ભક્તો માટેના બેઠક રૂમ તરીકે તેનો શુભારંભ કર્યો. તા.૧૭-૭-૯૭ એ તો ઉપલો મજલો લાલ પથ્થરથી ઢંકાઈ ગયો. શ્રાવણ વદ - ૪, ગુરુવાર, તા.૭-૮-૯૭ના રોજ ઉપલા મજલા પરના માળનું, એટલે કે બીજા માળનું બાંધકામ શરૂ થયું. સવારે ૭-૦૦ વાગે બીજા મજલાના અગ્નિકોણમાં જેની ઉપર થાંભલા-પીલર ઈત્યાદિ ગોઠવવામાં આવે છે તે આરસના ખરસલ (ગોળી)ની સ્થાપના કરી. પૂ. શ્રી નિર્ગુણદાસજી તથા પૂ. શ્રી નામદાસજી મહારાજના વરદ્હસ્તે ખરસલમાં સિમેન્ટ પૂરાયો. તા.૧૦-૮-૯૭ના રોજ ખરસલ ઉપર કુંભી મુકાઈ. તા.૧૧-૮-૯૭ના રોજ કુંભી ઉપર આરસના થાંભલા મુકાયા. તા.૧૨-૮-૯૭ના રોજ થાંભલા ઉપર આરસના કાંટાશેર મુકાયા. તા.૧૩-૮-૯૭ના રોજ કાંટાશેર ઉપર ટેકી ગોઠવી. તા.૪-૯-૯૭ એ

ટેકી ઉપર ઝાંઝરી (ગોળી) ગોઠવી. તા.૫-૯-૯૭ એ ઝાંઝરી ઉપર લાલ પથ્થરના ભેટાસરા મુકાયા અને તેની ઉપર તા.૯-૯-૯૭ એ રાતના ૧૦-૧૦ મિનિટે પહેલી લાલપાટ (આડીપાટ) મૂકવાની શરૂઆત થઈ અને જોતજોતામાં બીજા મજલાનું કામ પૂરું થયું. તા.૯-૧૦-૯૭ને ગુરુવારે સવારના ૬-૪૫ મિનિટે પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજે નૈઋત્ય ખૂણામાં પ્રથમ ખરસલ ગોઠવી, તેમાં સિમેન્ટ પૂરી ત્રીજા મજલાનું કામ શરૂ કર્યું. ઓક્ટોબરની દસમી તારીખે ત્રીજા મજલા પર આરસના થાંભલા અને તેની ઉપર કાંટાશેર મૂકાયા. ઓગણીસમીએ લાલ પથ્થરના ભેટાસરા મૂક્યા અને સત્તાવીસમી તારીખે તો ચારેય બાજુની લાલ પાટ ઉપર ચારખૂણે બે ખૂણાને જોડતી આડી પાટો (ત્રાંસી પાટો) ગોઠવી. નવેમ્બરની પહેલી તારીખે પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના હસ્તે ચોથા માળ ઉપર શિખર બનાવવા માટેની શિલા મૂકીને શિખર બાંધણીના કાર્યનું મુહૂર્ત કર્યું.

લાભ પાંચમ (તા.૫-૧૧-૯૭)ના શુભ દિનથી ચોથા મજલાના કાર્યનો રીતસરનો પ્રારંભ કર્યો. સહુ પ્રથમ સ્લેબ ઉપર ખોળાંશ ગોઠવી, ત્યારબાદ તેની ઉપર શેય (લાલ પથ્થર) ગોઠવ્યો. પ્રથમ છજુ (ઢાળ) પણ ગોઠવાઈ ગયું. છજાનું કામ પૂરું થતાં તેની ઉપર કેવાટ (દાબડી) ગોઠવી અને ગોળાઈનો પથ્થર પણ ગોઠવાયો. પંદર દિવસમાં જ બધા જ આડા-ઊભા પથ્થરો ગોઠવાઈ ગયા. છેલ્લે સામરણનો (આરસનો) પહેલો પથ્થર ઉપર ચઢાવ્યો, એ પહેલા થરનો પહેલો પથ્થર હતો. નવેમ્બરની ૨૯મી તારીખે એમાં રસ રેડવાનું કામ શરૂ થયું.

સંવત ૨૦૫૪, પોષ વદ-૬ ને ૧૯-૧-૧૯૯૮ના દિવસે શિખર ઉપર અમલસરા ચઢાવવાની વિધિ સવારે ૯-૦૦ થી ૯-૨૦ દરમ્યાન પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજશ્રીના વરદ્હસ્તે, ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે પૂર્ણ થઈ. આમ, નવનિર્મિત થનાર શ્રી મંદિરનું આખુ ચણતર તૈયાર થઈ ગયું. હવે સમય હતો ખોખા રૂપે ઊભા થયેલા મંદિરને સંગેમરમરથી કળાત્મક આખરી ઓપ આપવાનો. ધીમે-ધીમે ઝીણું કામ



આગળ વધ્યું. ભોંયતળિયું અને દિવાલો આરસના ધવલ રંગમાં સુશોભિત બની. કાષ્ટની કોતરણીવાળા બારી-બારણાં શોભાયમાન થયા. મુખ્ય ગર્ભગૃહની છત ઉપર તો ફૂલપાંદડીવાળી કલાત્મક આરસની તકતીઓ લગાવી. આવા નાના-મોટા કામમાં ઘણો સમય ગયો. જોતજોતામાં આખું મંદિર સંપૂર્ણ નવનિર્માણ પામી ગયું. હવે તો માત્ર શિખર પ્રતિષ્ઠાના અવસરની રાહ જોવાતી હતી. વિતેલા ત્રણ વર્ષમાં તો શ્રી સંતરામ મંદિર, જે પહેલાં ૫૧ ફૂટ ઊંચું હતું તે હવે ૭૮ ફૂટ ઊંચાઈએ ઊભુ થઈ ગયું હતું. અંબાજી તથા મકરાણાના આરસ તથા રાજસ્થાનના લાલ પથ્થરોનું કલાત્મક સ્થાપત્ય શોભતું હતું. પેગોડા શૈલીના એ બાંધકામમાં છેક ઓરિસ્સાથી આવેલા શિલ્પીઓએ કોતરણીથી શોભતા ઝરુખાઓ અને કમાનો બનાવી હતી. એ બાંધકામમાં ૨૪ અવતારની મૂર્તિઓ અને નવગ્રહની મૂર્તિઓ શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી.

રાજ્ય અને રાષ્ટ્રના સીમાડા ઓળંગીને આંતરરાષ્ટ્રીય સ્તરે જનસેવાની સુવાસ ફેલાવનાર યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજના નવનિર્મિત મંદિરનો શિખર પ્રતિષ્ઠા મહોત્સવ અને ૧૬૮માં સમાધિ મહોત્સવની ઉજવણી જોતજોતામાં આવી પહોંચી. આખુ નડિયાદ શહેર ગલીએ-ગલીએ નવોઢાની જેમ શણગાર સજીને રુમઝુમતું હતું. વહીવટી તંત્ર, પોલીસ તંત્ર, શાળા-કૉલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓ, હિન્દુ-મુસ્લીમ-શીખ-ઈસાઈ સહુકોઈ ખભેખભા મીલાવીને જય મહારાજનો ઉત્સવ ઉત્સાહથી માણતાં હતા.

શિખર પ્રતિષ્ઠા મહોત્સવ અને ૧૬૮માં સમાધિ મહોત્સવની એ સોનેરી પ્રભાત નિમિત્તે ઉજવાયેલા પ્રસંગો અને ઉત્સવો આ મુજબ હતા.

(૧) સં. ૨૦૫૫, પોષ વદ - ૮, રવિવાર તા.૧૦-૧-૧૯૯૯ એ શહેરના તમામ બ્રાહ્મણોની ચોર્યાસી-બ્રહ્મભોજન. દરેક ભૂદેવને દક્ષિણા તથા ગોત્ર-શાખા વાર સમાજની વાડીના ઉપયોગ માટે મોટું તપેલું ભેટ આપ્યું.

(૨) ૧૬-૧-૯૯ એ સવારના ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન પદ્મનાભ પૂજાવિધિ સંપન્ન થયો. તે જ દિવસે સમગ્ર શહેરમાં નાત-જાતના ભેદભાવ વિના ૫૦૦ ગ્રામ બુંદીનો પ્રસાદ પેકેટમાં ઘેર-ઘેર વહેંચ્યો. માત્ર એક જ કલાકમાં ૬૫,૦૦૦ જેટલા પ્રસાદના પેકેટો એકી સાથે વહેંચાયા.

(૩) ૧૭-૧-૯૯ એ નડિયાદ શહેરના ૫૯ મહાદેવના મંદિરો, ૪૮ માતાજીના મંદિરો અને ૪૨ અન્ય દેવદેવીઓના મંદિરોમાં દેવ નૈવેદ્ય સામગ્રી અપાઈ. જેમાં ૧૦૦ કીલો ચોખા, ૨૫ કીલો દાળ, ૫૦ કીલો ઘઉં, ૧ કીલો ઘી, ૫ કીલો તેલ તથા અન્ય સામગ્રી પેટે રૂા.૫૦૧/- રોકડાની ભેટ અપાઈ.

(૪) ૧૭-૧-૯૯ના રોજ નગરમાં શોભાયાત્રા નીકળી. જેમાં રથ, બગીઓ, ટ્રેક્ટર, દાંડીયા રાસ, ઈત્યાદિ વૈવિધ્ય સાથે ૧૦ હજારથી વધુ ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો. આ શોભાયાત્રા અજગર સમી બની રહી, કારણ કે શ્રી સંતરામ મંદિરના મુખ્ય દ્વારેથી એનો પ્રારંભ તો થયો, પરંતુ એ પ્રારંભે નીકળેલા વાહનો આખા નગરમાં ફરીને વળી પાછા મુખ્ય દ્વારે પરત આવ્યા ત્યાં સુધી એ યાત્રાના અંતિમ વાહનનો પ્રારંભ થઈ શક્યો ન હતો. આમ, શોભાયાત્રા એટલી લાંબી અને વિશાળ થઈ કે આખા નગરમાં વર્તુળાકારે ફરી વળી. સાંજે ૭-૦૦ કલાકે ૧૦૦ થી વધુ સંસ્થાઓ- કાર્યકરોએ પૂ.ભાઈનું સન્માન કર્યું. મંદિર તરફથી શહેરની અગ્રણી સંસ્થાઓને મોટી સખાવત રૂપે ચેક અર્પણ થયો.

(૫) ૧૮-૧-૯૯ ની સવારે ૯-૦૦ કલાકે શ્રીમદ્ ભાગવત કથા સત્રનો પ્રારંભ થયો. વ્યાસપીઠ ઉપર લાડીલા કથાકાર, ભાગવત ભાસ્કર પ.પૂ. શ્રી રમેશભાઈ ઓઝા બિરાજમાન હતા. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના હસ્તે દીપ પ્રગટાવ્યો. અનેક સંતો-મહંતોએ આશીર્વાદ પાઠવ્યા.

(૬) ૫૦ હજારથી વધુ શ્રોતાજનો કથાશ્રવણ કરી શકે તેવો વિશાળ મંડપ શ્રીમંદિરના આગળના મેદાનમાં શોભતો હતો. મંડપ તથા



મંદિરમાં વિવિધ સ્થાનોએ ટી.વી. સેટ ગોઠવ્યાં હતાં. કથા શ્રવણમાં અને ખાસ તો ઉત્સવમાં ઉત્સાહથી સંમિલિત થવા ૫૦૦ થી વધુ શ્રદ્ધાળુ ભક્તો પરદેશથી પણ આવી પહોંચ્યા હતાં.

(૭) ૨૩-૧-૯૯ ના રોજ શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહમાં ગોવર્ધન પૂજા અને છપ્પન ભોગના દર્શનનો અવસર આવ્યો. રાત્રિના ૧૨ વાગ્યા સુધી ભક્તોએ વિશાળ અન્નકૂટના દર્શન તથા પ્રદક્ષિણાનો લાભ મેળવ્યો.

(૮) ૨૫-૧-૯૯ એ કથા મંડપમાં દેશભરના સંતો-મહંતોનું વિશિષ્ટ સંમેલન યોજાયું. બપોરના ૨-૩૦ કલાકે ગુજરાત તથા દેશના વિવિધ પ્રદેશોમાંથી વીતરાગી તપસ્વી સંતો-મહંતોનો જાહેર સંમેલન-સત્સંગ અને સત્કાર યોજાયો.

(૯) ૨૬-૧-૯૯ એ દશમી ભજન સ્પર્ધા યોજાઈ. જેમાં ૨૫૦ ભજન મંડળીઓના ૩,૦૦૦ થી વધુ ભજનિકોએ જાત-ભાતના ભજનોની રસલ્હાણ વહેવડાવી. સાંજે વિજેતાને ફરતો શિલ્ડ અપાયો અને જાણીતા ભજનિકોનું જાહેર સન્માન કરવામાં આવ્યું. એ જ રાત્રે સ્વ. પુનિત મહારાજના પુત્ર પૂ. શ્રી જનક મહારાજના ભજનોનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો.

(૧૦) ૨૭-૧-૯૯ એ સાંજે ૭ વાગે નવકુંડી હોમાત્મક મહાવિષ્ણુયાગ તથા ચતુર્વેદ પારાયણ થયું. યજ્ઞમાં 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રની ૧૩,૦૦,૦૦૦ આહુતિઓ પાંચ દિવસ દરમ્યાન અપાઈ. શ્રદ્ધાળુ ભક્તજનો કથા શાંત થયા પછી અને પહેલાં મંત્રજાપ કરતાં કરતાં ૧૦૮ પ્રદક્ષિણા ફરતાં. રાત્રે ગુજરાત ભરમાં ધૂમ મચાવનાર, લોકલાડીલા ભજનિક હેમંત ચૌહાણના ભજનોનો કાર્યક્રમ યોજાયો.

(૧૧) ૨૮-૧-૯૯, સવારે ૧૦ વાગે શ્રી મહાવિષ્ણુયાગ માટેની જળયાત્રા નીકળી. ૪૦૦ થી વધુ કુમારિકાઓ અને સૌભાગ્યવંતી બહેનોએ માથે જળ ભરેલા કળશ સાથે જળયાત્રામાં ઉત્સાહથી ભાગ

લીધો. રાત્રે ૮-૩૦ કલાકે કથા મંડપમાં રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત જાણીતા ભજનિક હરિૐ શરણ અને નંદિની શરણે ભક્તિ-સંગીત પીરસ્યું.

(૧૨) ૨૯-૧-૯૯ એ પ્રદોશ વિશ્વકર્મા જયંતી હોઈ બપોરના ૨-૩૦ થી ૫-૦૦ સુધી શ્રી મંદિરનો શિખરથી નીચે સુધીનો જલાભિષેક મહાસ્નપન વિધિ સંપન્ન થયો. પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજ, શાખા મંદિરના મહંતો, પ.પૂ. શ્રી કલ્યાણદાસજી મહારાજ - અમરકંટક, પ.પૂ. શ્રી રામસ્વરૂપદાસજી મહારાજ - હરદ્વાર, પ.પૂ. શ્રી સચ્ચિદાનંદજી મહારાજ - દંતાલી, પ.પૂ. શ્રી અવિચલદાસજી મહારાજ - સારસા અને બીજા અનેક સંતો-મહંતોની ઉપસ્થિતિમાં શિખર જલાભિષેક વિધિ યોજાયો હતો. રાત્રે ખ્યાતનામ ભજનિક શ્રી અનુપ જલોટાના ભજનો યોજાયા.

(૧૩) ૩૦-૧-૯૯ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે નવકુંડી હોમાત્મક મહા વિષ્ણુયાગ તથા ચતુર્વેદ પારાયણની પૂર્ણાહુતિ થઈ. એ જ દિવસે સમગ્ર શહેરના ૧૪૯ દેવમંદિરોમાં શ્રી મંદિર તરફથી અગાઉથી અપાયેલ નૈવેદ્ય ધરાવાયો.

(૧૪) ૩૧-૧-૯૯ એટલે સંવત ૨૦૫૫, માઘ પૂર્ણિમા મહોત્સવદિન. જેની ભક્તજનો રાહ જોઈ રહ્યા હતાં એ શ્રદ્ધાદિન આવી પહોંચ્યો. એ દિવસે સવારે ૬-૩૦ કલાકે ગુરુપાદુકા પૂજન થયું. ૭-૦૧ મિનિટે પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના વરદ્‌હસ્તે ધ્વજારોહણ વિધિ સંપન્ન થયો. ત્યારબાદ સવારના ૮ કલાકે સમર્પણ પત્રનું વાંચન થયું. નવનિર્માણ પામતા શ્રી મંદિરની શુભકામના માટે ત્રણ વર્ષ સુધી ભાવિકોએ મંત્ર જાપ કર્યા હતા. આ માટે કુલ ૭,૧૩૪ મહા વિષ્ણુયાગ, ૮૯,૨૪,૮૦૦ કુલ પાઠ, ૮,૬૨,૦૪,૯૫,૨૦૦ કુલ મંત્ર અને ૭,૯૮,૧૯,૪૦૦ કુલ માળા થઈ હતી. એ મંત્રોને ગુરુ મહારાજના ચરણે સમર્પિત કર્યા. ત્યારબાદ ૮-૩૦ કલાકે સમાધિસ્થાનના ઉપરના મજલે



દ્વાદશ વર્ષીય અખંડ શ્રી વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્ર પાઠનો મંગલ પ્રારંભ કર્યો. સાંજે ૬-૪૫ કલાકે દોઢ લાખ શ્રદ્ધાળુ માનવ મેદની વચ્ચે ૧૬૮મો સમાધિ મહોત્સવ શરૂ થયો. પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજે પરંપરાનુસાર શ્રી મંદિરના મુખ્ય દ્વાર સામે, ચોકમાં મૂકેલી પાટ ઉપરથી યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજના સમાધિસ્થાન, અખંડજ્યોત તથા પાદુકાની આરતી ઉતારી. સાકર વર્ષા થઈ. 'જય મહારાજ'ના જયનાદો ચારેય દિશામાં ગુંજી ઉઠ્યા.

કહેવાય છે કે કોઈપણ સાત્ત્વિક પરંપરા સમયના પટમાં પણ કદી લોપ પામતી નથી. દિવસે ને દિવસે એનું તપ અને તેજ વધતાં જ રહે છે. એ પરંપરામાંથી અદશ્યરૂપે ફેલાતા ધર્મ, ચિંતન અને સંસ્કૃતિની રખેવાળી કરતાં કિરણો જીવ અને જગતને પોષી રહ્યાં હોય છે. આપણી શ્રદ્ધાના કેન્દ્ર સમાં શ્રી સંતરામ મંદિરની પરંપરા બાબતે પણ એવુંજસ્તો !!!

પુનઃ નિર્માણના સોનેરી દિવસોનું દસ્તાવેજીકરણ જપમંત્ર કાર્યાલયનું સંપૂર્ણ કામ સંભાળતા, અખંડ વિષ્ણુસહસ્ત્ર નામ જપયજ્ઞની સઘળી વ્યવસ્થાની સેવા આપનાર દૃષ્ટિવંત ભક્ત શ્રી રમણભાઈ પરમારના સહયોગથી થઈ શક્યું છે, જેની સાનંદ નોંધ લેવી ઘટે.

**॥ જય મહારાજ ॥**

**પ્રા. હસિત મહેતા, નડિયાદ**

**પરમાત્મા શ્રી સંતરામ મહારાજ પરમમંગલમય છે. પરમાત્મા મંગલરૂપ છે. ઋષિઓનું વર્ણન છે કે સંસાર અમંગલ છે, મંગલમય એક ભગવાન નારાયણ છે. સંસાર મંગલ છે. આ સંસારમાં બધે 'કામ'નું સામ્રાજ્ય દેખાય છે. જે મદિરાપાન કરે છે તેની બુદ્ધિ બગડે છે, પણ વાસના એવી મદિરા છે, તેને યાદ કરો તો બુદ્ધિ બગડે છે.**

**- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# સુવિચાર યજ્ઞ

મનુષ્યનો સ્વભાવ સૃષ્ટિ સરજવા તલસતા બ્રહ્મ જેવો છે. વ્યક્ત કરવું એ એનું મૌલિક લક્ષણ છે. કૈં પણ વ્યક્ત કરવા એ ઘણુંખરું વાચા-વાણી-લેખનનો સહારો લે છે. અને આ સહુ તેણે પ્રાપ્ત કરેલી ભાષાની અદ્‌ભુત અસાધારણ શક્તિને કારણે શક્ય બને છે. શુભવિચારો માનવઉન્નતિના પાયા છે. સુવિચારો માનવને આંતરિક તથા બાહ્ય પ્રગતિના સોપાનો સર કરાવી શકે છે. ધર્મ-શિક્ષણ-સંસ્કૃતિ અને સમાજના વિવિધક્ષેત્રે વિલક્ષણ કાર્ય કરતું સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી સંતરામ મંદિર તરફથી સાક્ષરનગરી નડિયાદના વિવિધ વિસ્તારોમાં સુવિચાર લેખનની એક સુંદર યોજના શરૂ થઇ છે.

આમ તો નડિયાદના દેસાઇવગા વિસ્તારોમાં આવેલા ભાથીજી મહારાજના મંદિર પાસે જાહેર માર્ગ ઉપરના એક કાળાપાટિયા ઉપર છેલ્લાં ત્રીસ વર્ષથી મહારાજશ્રીના એક ભક્તવડીલ આ પ્રવૃત્તિ કરતાં જ હતા. અચાનક એક સવારે તેનો વિસ્તાર કરવાની પ્રેરણા મળી. પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજે આજ્ઞા આપી, અને તુરત જ નડિયાદના અનેક વિસ્તારોમાં ઠેર-ઠેર "**શ્રી સંતરામ સુવિચાર લેખન**"ને નામે આ પ્રવૃત્તિ વિકસવા-વિસ્તરવા માંડી. સંવત ૨૦૫૨ની ફાગણ સુદ પૂનમ તા. ૫-૩-૯૬ને મંગળવાર એટલે વંસતોત્સવ. અર્થાત્ ધૂળેટીનો અનેરો તહેવાર. આમેય તે દિવસે પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજને સંસારજીવન ત્યજે એકત્રીસ વર્ષ પૂરા થતાં હતાં. ઉભય રીતે સુંદર અવસર હતો, આથી તે દિવસથી નડિયાદ આખામાં "શ્રી સંતરામ સુવિચાર લેખન"નો પ્રારંભ કર્યો. "**પૂજ્ય મહારાજશ્રીનો યુવાનોને આદેશ-ગુણવાન બનો, વ્યસન છોડો.**" એ મથાળા સાથે શહેરના જાહેરમાર્ગ પરના કાળાપાટિયા ઉપર સુવિચાર લખવાની શરૂઆત થઇ માત્ર દેસાઇ વગામાં જ એક સાથે ચૌદથી વધુ સ્થળે આ શુભપ્રવૃત્તિના શ્રી ગણેશ થયા. ધીમે-ધીમે તો આ ચેપ આખા નડિયાદના મુખ્ય વિસ્તારોમાં લાગ્યો. સ્વામિનારાયણ મંદિરનો ઢાળ, લખાવાડ, કાકરખાડ, કંથારિયા ચકલા, ખારાકુવા, દિવાળીપોળ, પીજભાગોળ, નાનાપોર, મોટાપોર



જેવા અનેક વિસ્તારોમાં કાળાપાટિયા ઉપર ઉજ્જવળ વિચારો ચમકવા લાગ્યા. આ ઉપરાંત ડુમરાલ, ધુંટેલી, ડાકોર, મહેમદાવાદ જેવા આસપાસના ગામડાઓને તથા શાળા કે બેંક જેવી સંસ્થાઓને પણ આ સુવિચાર લેખનનું ઘેલું લાગ્યું. એકાંતરે દિવસે, એકી સંખ્યાની તારીખે લખાતાં આ સુવિચારોમાં ધર્મ, સમાજ, સત્ય, પ્રમાણિકતા, ચારિત્ર, વ્યવહારજ્ઞાન, રાજકારણ, મૈત્રી, માનવતા, શિક્ષણ, વાણી જેવા વિવિધ વિષયો સ્થાન પામતાં. આચાર્ય રજનીશ કે દાદા ધર્માધિકારી જેવાં દાર્શનિકો, શ્રી શ્રી માતાજી અને સ્વામી વિવેકાનંદ જેવાં અવતારી સંતો, હરીન્દ્ર દવે અને રવિન્દ્રનાથ ટાગોર જેવાં સર્જકો, સેમ્યુલર બટલર કે સીડની હેરિસ જેવા પ્રાશ્ચાત્ય વિચારકો, અને મહાભારત ભગવદ્‌ગીતા જેવા ધર્મગ્રંથોએ કહેલાં ચિંતનમૌક્તિકોથી શોભતા એ પાટીયાઓ આગળ બે-ચાર માણસો હંમેશા વાંચવા ઊભા જ હોય. થોડા જ વખતમાં લોકો એ પાટીયા ઉપર આગામી દિવસે લખાનાર વિચારની કાગ ડોળે રાહ જોતા થઇ ગયા.

વિવિધ વિસ્તારોના શ્રદ્ધાળુ ભક્તજનો સામે ચાલીને શ્રી મંદિરમાં આવતાં અને સ્વેચ્છાએ સુવિચાર લેખનની જવાબદારી સ્વીકારી લઇ પોતાનું નામ-સરનામું નોંધાવી જતાં. એ સહુની એક સભા દર મહિનાના પ્રથમ રવિવારે શ્રી સંતરામ મંદિરના આંગણે મળે અને તેમને આખા મહિના માટેના સુવિચારોની એક તૈયાર પત્રિકા-પુસ્તિકા આપવામાં આવતી. જે ઈપ્કો પરિવાર તરફથી શાર્પ પ્રિન્ટમાં સેવારૂપે તૈયાર કરવામાં આવતી. આ સભામાં તેમના સૂચનો, અનુભવો અને અભિપ્રાયોને પણ વાચા મળતી. શ્રી સંતરામ મંદિર તરફથી ઈચ્છીત વિસ્તારોમાં આ પ્રકારના પાટિયા બનાવી આપવાની સગવડ અપાતી, અને આમ 'સુવિચાર યજ્ઞ'ની એક વિશિષ્ટ-વિલક્ષણ શુભકાર્ય યોજના નગરના એંશીથી નેવું જેટલા વિસ્તારોમાં પથરાઇ ગઇ. પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજના એક જીવનમાં અનેક જીવનના શુભકાર્ય કરવાની પરંપરામાં વધુ એક પ્રવૃત્તિનું ઉમેરણ થયું. નગર નડિયાદ ફરીથી પોતાના પૂર્વાશ્રમમાં મેળવેલ "સાક્ષર નગરી"ના બિરુદને મેળવવા તત્પર બન્યું-આ સુવિચાર યજ્ઞની ધૂણી ધખાવીને.

# ભગવત ગીતા જ્ઞાન પ્રચાર યજ્ઞ

વેદશાસ્ત્રમાં દર્શાવેલી રજોગુણ તમોગુણની પાશવી પકડમાંથી મુક્ત થવાથી ઉપાસના તરફ માનવને અભિમુખ કરીને આપણા સાધુસંતો, ફકીરો, ઓલિયાઓ અને અવધૂતોએ ભારતની સામાજિક સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જ્યોતને હંમેશા સંકોરી છે. અને તેમાં ગુર્જરભૂમિનો ફાળો સવિશેષ રહ્યો છે. ગુજરાતને ગૌરવ લેવા જેવી આ પરંપરામાં સાક્ષરતીર્થ નડિયાદનું શ્રી સંતરામ મંદિર મોખરે છે. શિસ્ત અને સાદગીના શિરસ્તાથી મહંત શ્રી નારાયણદાસજી મહારાજે ધાર્મિક-આધ્યાત્મિક કાર્યો સાથે સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર પણ ભાર મૂક્યો છે.

ઉનાળાની રજાઓમાં વિદ્યાર્થીઓ પાસે શ્રીમદ્ ભગવત ગીતાજીના શ્લોક કંઠસ્થ કરાવવાની વિશિષ્ટ પ્રવૃત્તિ વિદ્યાર્થી જીવનમાં સંસ્કારનું સિંચન કરે છે. શ્રી મંદિરના સાતમા મહંત શ્રી જાનકીદાસજી મહારાજે પચાસ-પંચાવન વર્ષ અગાઉ શરૂ કરેલ આ પ્રવૃત્તિમાં શ્રી લક્ષ્મણદાસજી મહારાજની નિર્વાણતિથિ નિમિત્તે વૈશાખ વદ પડવાથી ચૌદશ સુધી ચૌદ દિવસ દરમ્યાન સવારે ૭-૩૦ થી ૯-૩૦ અને સાંજે ૫-૦૦ થી ૭-૦૦ના સમયમાં મંદિરના વિશાળ ચોકમાં બાળકો શ્રી ગીતાજીનો એક શ્લોક કંઠસ્થ કરીને પચીસ પૈસા પુરસ્કાર મેળવે છે. સિત્તેરથી એંસી જેટલા ભાઈ બહેનોનું શિષ્યવૃંદ બાળકોને પ્રેમપૂર્વક અને સરળતાથી શ્લોક કંઠસ્થ કરાવવામાં લાગી જાય છે. શ્રી ગીતાજી પણ મંદિરમાંથી જ રૂપિયા ત્રણ ડિપોઝીટ પેટે લઈને આપવામાં આવે છે.

એક દિવસમાં સરેરાશ પંદરસો જેટલા બાળકો દ્વારા વીસથી એકવીસ હજાર શ્લોક કંઠસ્થ થતાં આ શુભકાર્યમાં બાળકોને પ્રોત્સાહિત કરવા એક દિવસનો સરેરાશ ૫,૫૦૦થી પણ વધુ પુરસ્કાર આપવામાં આવે છે. રોજ રોજના કંઠસ્થ થયેલા શ્લોકની એક કાર્ડમાં નોંધણી થાય છે. અને અંતિમ દિવસે એક શ્લોક પેટે પચીસ પૈસાના પુરસ્કાર મુજબ કુલ પુરસ્કારની કિંમતના ચોપડા નોટબુકો પેન્સીલ ઈત્યાદિ શૈક્ષણિક સ્ટેશનરી અપાય છે. જો વિદ્યાર્થી શ્રી ગીતાજીનો સળંગ મુખપાઠ કરે તો રૂપિયા બસો એક અને સળંગ એક આખા અધ્યાયનો મુખપાઠ કરે તો રૂપિયા બેનો વધારાનો પુરસ્કાર અપાય છે.

કુલ એક લાખના ખર્ચે થતાં આ વિશાળ યજ્ઞમાં પ્રતિદિન રજિસ્ટરોમાં થતી નોંધણી વિષે દરરોજ મહંતશ્રી પોતે રસ લે છે. આમ તેમની અંગત દેખરેખ હેઠળ આ યજ્ઞ પ્રતિવર્ષ વૃદ્ધિ પામે છે.



# શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટ, નડિયાદની સેવાકીય પ્રવૃત્તિઓ

**(૧) દાંત વિભાગ :**

દાંત વિભાગમાં અનુભવી અને નિષ્ણાત ડેન્ટલ સર્જન ફરજ બજાવી રહ્યા છે. દાંત વિભાગમાં રૂા.૫-૦૦ જેવી નજીવી તપાસ ફી લઈ આઉટડોર વિભાગમાં દર્દીઓને તપાસવામાં આવે છે. દાંતના દરેક પ્રકારના રોગોની સારવાર ઉપરાંત દાંતમાં સીમેન્ટ, ચાંદી પુરવાની, ખરાબ દાંત, ત્રાંસા દાંત, દાઢ પાડવાની, નવા દાંતના ચોકઠા બનાવવાની વગેરે કામગીરી કરવામાં આવે છે. દાંત પાડ્યા બાદ દર્દીને વિના મૂલ્યે દવાઓ આપવામાં આવે છે.

**(૨) નિષ્ણાત તબીબોની સેવા :**

હૃદયરોગ, બાળરોગ, કાન-નાક-ગળું, ચામડીરોગ, માનસિક, ઓર્થોપેડિક, સ્ત્રીરોગ, પ્લાસ્ટીક સર્જરી, કેન્સર વગેરે રોગોના નિષ્ણાત તબીબો રૂા.૧-૦૦ જેવી નજીવી ફી લઈ દર્દીઓને તપાસે છે. ઉપરાંત, હોમિયોપેથીક અને એક્યુપ્રેસર (કુદરતી તેમજ દેશી ઉપચાર અને મચકોડ તથા મણકાના દર્દોના ઉપચારો)ના નિષ્ણાતો વિના મૂલ્યે દર્દીઓને તપાસી સારવાર આપે છે.

**(૩) શ્રી સંતરામ પેથોલોજીકલ લેબોરેટરી :**

આ લેબોરેટરીમાં તમામ પ્રકારના ઈન્વેસ્ટીગેશન રાહત દરે કરવામાં આવે છે. આંખના ઓપરેશનવાળા દર્દીઓના લોહી-પેશાબની તપાસ મફત કરવામાં આવે છે.

**(૪) શ્રી સંતરામ સોનો-એક્સ-રે ક્લિનીક :**

છેલ્લા દશ વર્ષથી દિન-પ્રતિદિન દર્દીઓની સંખ્યામાં થયેલ વધારાને કારણે દર્દીઓની સગવડ માટે, ચાલુ વર્ષે ધી યુનાઈટેડ મર્કન્ટાઈલ કો-ઓ. બેંક, નડિયાદના આર્થિક સહયોગથી એક્સ-રેના મકાનનું વિસ્તરણ કરવામાં આવ્યું. હાલમાં આ ક્લિનીકમાં રેડીયોલોજીસ્ટ-સોનોલોજીસ્ટ ફુલ ટાઈમ સેવા બજાવી રહ્યા છે. દરરોજ સરેરાશ ૧૫૦ એક્સ-રે તથા સરેરાશ ૫૫ સોનોગ્રાફી કરવામાં આવે છે અને તેના ઈન્વેસ્ટીગેશન-રિપોર્ટીંગ કરવામાં આવે છે.

**(૫) શ્રી સંતરામ સી.ટી. સ્કેન સેન્ટર :**

શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટ દ્વારા પ.પૂ. મહારાજશ્રીના શુભાશીર્વાદથી શ્રી સંતરામ સી.ટી. સ્કેન સેન્ટરનું ઉદ્ઘાટન તા.૨૯-૧૧-૧૯૯૯ના રોજ

થયું. આ સી.ટી. સ્કેન મશીનથી મગજ, છાતી, આંતરડા, ફેફસાં તથા પેટના ફોટા પાડી રોગ નિદાન કરી શકાય છે. આ મશીન ઘણા સમયથી અમદાવાદ-વડોદરા વચ્ચે હતું નહિ જેથી અકસ્માતવાળા તથા અન્ય રોગવાળા દર્દીઓને અમદાવાદ કે વડોદરા જઈ સાત-આઠ હજાર રૂપિયા ખર્ચીને ફોટા પડાવ્યા બાદ નિદાન કરાવવું પડતું. આ તકલીફ દૂર કરવા પ.પૂ. નારાયણદાસજી મહારાજશ્રીએ આ સી.ટી. સ્કેન સેન્ટર શરૂ કરી ગરીબ-મધ્યમ વર્ગને પોષાય તેવી, ક્ષુલ્લક શરીરના ભાગ મુજબ રૂા.૬૦૦ થી રૂા.૧૨૦૦ જેવી ફી રાખી આ સેવા શરૂ કરેલ છે. રોજના સરેરાશ ૧૧ થી ૧૨ દર્દીઓ આ સેવાનો લાભ લે છે. સમગ્ર ગુજરાતમાં તથા કદાચ ભારતમાં આ પ્રકારની ધર્માદા સેવા પ્રથમ શરૂ કરવાનું શ્રેય શ્રી સંતરામ મંદિરને પ્રાપ્ત થયું છે.

**(૬) શ્રી સંતરામ પોલિયો ફાઉન્ડેશન અને ફિઝિયોથેરાપી સેન્ટર :**

આ વિભાગમાં દર્દીઓને ફિઝિયોથેરાપી સારવાર તથા કસરતો કરાવવામાં આવે છે, જેવી કે વાઈબ્રેટર, વેક્સબાથ, શોર્ટવેવ ડાયાથર્મી, ઈન્ફ્રારેડ, ટ્રેક્શન સરવાઈકલ, એક્સરસાઈઝ (કસરત), સ્ટીમ્યુલેશન, ઈન્ટર ફેરન્સીઅલ, અલ્ટ્રાસાઉન્ડ, કન્ટીન્યુયસ પાસીવ મોશન, અલ્ટ્રાવાયોલેટ રેઈઝ ઈત્યાદિ.

**(૭) શ્રી સંતરામ નિઃશુલ્ક ઔષધ સેવા કેન્દ્ર :**

શ્રીમતી કમળાબેન જેઠુભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અને ડૉ. કનૈયાલાલ રમણલાલ શાહ તથા શ્રીમતી દક્ષાબેન કનૈયાલાલ શાહ ભાનેરવાલા ચેરિટેબલ ટ્રસ્ટ.....

આ બંને ટ્રસ્ટો દ્વારા દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવે છે. શ્રી સંતરામ નિઃશુલ્ક ઔષધ સેવા કેન્દ્ર, આ ટ્રસ્ટો દ્વારા અને શ્રી સંતરામ મંદિરની મુખ્ય સહાયથી શ્રી સંતરામ મંદિરમાં ચલાવવામાં આવે છે. ડૉક્ટરના પ્રિસ્ક્રીપ્શન (દવાની ચીઠ્ઠી) મુજબ જરૂરિયાતવાળા દર્દીઓને ઉપલબ્ધ દવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે.

**(૮) શ્રી સંતરામ ફ્રી ઓક્સીજન બેન્ક :**

જરૂરિયાતવાળા દર્દીઓને ઓક્સીજનના સીલીન્ડર મફત પૂરા પાડવામાં આવે છે.

**(૯) શ્રી સંતરામ એમ્બ્યુલન્સવાન (નિઃશુલ્ક સેવા) :**

ત્રણ એમ્બ્યુલન્સ વાનો વિના મૂલ્યે સેવામાં સતત ઉપલબ્ધ હોય છે. જે આકસ્મિક સંજોગોમાં જરૂરિયાતવાળા દર્દીઓને તેમજ મૃતદેહોને જે તે સ્થળે લાવવા લઈ જવા માટે વહેલા તે પહેલાના ધોરણે કોઈપણ પ્રકારના (નાત-જાત-ધર્મ-આર્થિક પરિસ્થિતિ વગેરે) ભેદભાવ વગર સેવામાં આપવામાં આવે છે.



**(૧૦) સ્ત્રીઓની કાન-બુટ્ટી સાંધવાનો વિભાગ :**

સંતરામ ટાવર પાસે ગ્લોબ સિનેમા પાછળ ચાલતા ડીસ્પેન્સરી વિભાગમાં ડૉ. મંગળાબેન સ્ત્રીઓની કાન-બુટ્ટીની ચકાસણી કરી, દર ગુરુવારે કાન-બુટ્ટી સાંધવાની સેવા કરે છે.

**(૧૧) કાર્ડિયોગ્રામ વિભાગ :**

આ વિભાગમાં દર સોમવાર, મંગળવાર, બુધવાર અને શનિવારના દિવસે હૃદયરોગના નિષ્ણાત ડૉક્ટરો નિયત સમયે આવે છે, જેમાં દર્દીઓના નજીવા દરે કાર્ડિયોગ્રામ લેવામાં આવે છે.

**(૧૨) આયુર્વેદ પદ્ધતિથી દાંતની સારવાર :**

પ્રા. વૈદ્ય શ્રી મધુભાઈ ઉપાધ્યાય દ્વારા તા.૨૩-૮-૯૭ થી બીન ઉપયોગી દાંત જાલંધર બંધ પદ્ધતિથી વગર ઈન્જેક્શને દુઃખાવા વગર કાઢી આપવાની સેવા આપવામાં આવે છે. તેમજ પાયોરિયા, કૃમિદંત, ચલદંત, મુખ પાક વગેરે મ્હોંના દર્દોની સારવાર તથા માર્ગદર્શન આપે છે.

**(૧૩) અંત્યેષ્ટિ સંસ્કાર :**

નડિયાદ શહેર કે આજુબાજુના વિસ્તારમાં કોઈ અજાણી વ્યક્તિ કે સાધુ-અભ્યાગત અવસાન પામે અને તેની અંતિમક્રિયા કરનાર કોઈ ન હોય તો મંદિરમાં જાણ કરવાથી તેની અંતિમક્રિયાની વ્યવસ્થા થાય છે.

**(૧૪) તૈયાર કપડાંનું વિતરણ :**

ઈંગ્લેન્ડમાં રહેતા ભક્તો દ્વારા તૈયાર કપડાંની સેવા પણ ચાલુ છે. દર વર્ષે લંડન નિવાસી શ્રી રજનીભાઈ પટેલ તથા તેમનાં પત્ની ભક્તોની સહાયથી તૈયાર કપડાંનું ફુલ કન્ટેનર અહીં મોકલે છે. જે કપડાં દુષ્કાળવાળા ક્ષેત્રમાં તથા અન્ય ગરીબ લોકોને ગામડે ગામડે ફરીને વહેંચવામાં આવે છે.

**(૧૫) ગુજરાત રાજ્ય બહારના સેવા કાર્યો :**

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડજ્યોતિના શુભાશીર્વાદ અને પ.પૂ. પ્રાતઃસ્મરણીય મહંત શ્રી નારાયણદાસજી મહારાજની પ્રેરણાથી થતા માનવ સેવા કાર્યો ફક્ત નડિયાદ, નડિયાદ તાલુકો, ખેડા જિલ્લા પુરતા જ સિમિત નથી પરંતુ રાજસ્થાન, મધ્યપ્રદેશમાં પણ અનેક સ્થળોએ રોગ નિદાન કેમ્પોના આયોજન કરવામાં આવે છે, આ શિબિરમાં સર્વ રોગ નિદાન, ચામડી, દમ, શ્વાસ, હાડકા તથા સાંધાના દર્દો તેમજ દાંત કાઢવા અને દાંતના દર્દોની સારવાર થાય છે. આ શિબિરોમાં એક્યુપ્રેસરના નિષ્ણાત અને યોગાચાર્ય શ્રી દિનુભાઈ પટેલ, દંતશાસ્ત્રી ડૉ. મધુસુદન ઉપાધ્યાય, ડૉ. પંજાબી, ડાહ્યાભાઈ પટેલ વગેરે નિષ્ણાતો દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.

અત્યાર સુધીમાં ૭૦ યોગાસન શિબિરો તથા ૧૦ કેમ્પો ગુજરાત, રાજસ્થાન તથા મધ્યપ્રદેશના જુદા-જુદા સ્થળોએ યોજવામાં આવ્યા અને તેમાં ૮,૮૯૭ વ્યક્તિઓએ લાભ લીધો.

આ ઉપરાંત શ્રી દિનુકાકા પાણીના બોરકુવા ખોદવા માટે સ્થળની પસંદગી કરવા યોગ્ય જ્ઞાન ધરાવતા હોઈ જરૂરિયાતવાળી વ્યક્તિઓને સ્થળ ઉપર જઈને બોરકુવો ખોદવા માટેના યોગ્ય સ્થળની દોરવણી આપે છે.

**(૧૬) આંદામાન–નિકોબાર ટાપુઓ : નિ:શુલ્ક ઔષધ વિતરણ**

સ્વામી શ્રી અસીમાનંદજી કે જેઓ ગુજરાતના ડાંગ વિસ્તારમાં, મધ્યપ્રદેશમાં આવેલ આદિવાસી વિસ્તારોમાં તેમજ આંદામાન-નિકોબાર જેવા ટાપુઓમાં વસતી પછાત આદિવાસી પ્રજામાં હિન્દુ હોવાનું ગૌરવ તથા ધર્મજ્ઞાન, સંસ્કાર તેમજ જરૂરી માર્ગદર્શન આપવા માટે જાણીતા છે. ફંડફાળા ઉઘરાવી, પથ્થરના દેવાલયો બનાવી સંપ્રદાયો અને વાડાઓનો વ્યાપ વધારવાને બદલે જાતમહેનતના નાણાંમાંથી થોડો થોડો હિસ્સો કાઢી પોતાના વસવાટને અનુરૂપ સમગ્ર કસબાનું એક સનાતન મંદિર જાતે બનાવી સર્વેમાં આત્મીય ઉન્નતિના દર્શન કરાવતા આ ગરીબ આદિવાસીઓનો વિકાસ એ સ્વામી શ્રી અસીમાનંદજીના અથાગ પરિશ્રમની સિદ્ધિ છે.

તેઓશ્રીએ દવા-ચિકિત્સાની સહાયના નામે હિન્દુઓનું ધર્માન્તર કરવાના પ્રયોગો જે ચાલી રહ્યા હતા તેનો વિસ્તૃત ચિતાર પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજને આપ્યો. આમ શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટ તરફથી આંદામાન-નિકોબાર ટાપુઓ ખાતે "સેવા ભારતી" નામની સંસ્થાના નિ:સ્વાર્થ ઉદ્દેશને સહાયરૂપ થવા, જરૂરી સારી ગુણવત્તાવાળી દવાઓ પહોંચાડવાની શરૂઆત થઈ. જેનો લાભ આદિવાસીઓને મળ્યો. સેવા ભારતીને સ્વનિર્ભર બનવા માટે પૂ. મહારાજશ્રીના અનુદાનથી એક કોર્પસ ફંડ પણ શરૂ કરાયું.

આંદામાન-નિકોબારના ગીચ જંગલોમાં વસતા આદિવાસીઓને તેમના કસબાઓમાં જઈ સારવાર તથા દવાઓ આપવા જવામાં સરળતા રહે તે હેતુથી ચાલુ વર્ષે "સેવા ભારતી" સંસ્થાને શ્રી સંતરામ મંદિર, નડિયાદ તરફથી "ટાટા સુમો ગાડી"નું દાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન જરૂરી દવાઓ તથા "હેપેટાઈટીઝ-બી"(કમળા વિરોધી રસી)ના ઈન્જેક્શનો બે વખત મોકલી આપેલ છે.



**કાયમી સેવાઓ :**

- **વિકલાંગ સેવા :** શ્રી સંતરામ મંદિર સંચાલિત સ્વ. વિનાયકભાઈ અને સ્વ. લલિતાબેન પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી ગુજરાત રાજ્યના ખેડા જિલ્લા વિકલાંગ સહાય યોજના અન્વયે વિકલાંગોને સહાય આપવાના કાર્યક્રમો યોજાયા, જેમાં તા.૧-૪-૨૦૦૦ થી ૩૧-૩-૨૦૦૧ સુધીમાં ૨૩ સિલાઈ મશીન, ૨૮ ટ્રાયસીકલ, ૨૬ બાઈસીકલ, ૧૦ હાથલારી મળી કુલ રૂા.૧,૪૮,૮૩૦/-ના સાધનોની સહાય આપવામાં આવી.
- **નિત્ય સત્સંગ :** સત્સંગ ભવનમાં નિત્ય આધ્યાત્મિક પ્રવચન ચાલે છે.
- **શ્રી સંતરામ શિશુ કેન્દ્ર :** શ્રી સંતરામ મંદિરના પટાંગણમાં તા.૧૩-૫-૯૧ના રોજ શિશુ કેન્દ્રની સ્થાપના થઈ. આ કેન્દ્રમાં ૫ વર્ષથી ૧૬ વર્ષ સુધીના બાળકોને સંસ્કૃત શ્લોકો, પુસ્તકો દ્વારા જ્ઞાન, વાર્તાલાપ, બુદ્ધિ ચાતુર્યની પરીક્ષાઓ, રાસ-ગરબા, નાટક, સંગીત વર્ગો, ચિત્રકામ વર્ગો, રમતગમત, કરાટે વર્ગો, યોગ તથા નાના મોટા પર્યટનો દ્વારા જ્ઞાન આપવામાં આવે છે અને સુસંસ્કાર માટે અથાગ પ્રયત્નો કરવામાં આવે છે. સને ૨૦૦૦-૨૦૦૧ માં ૩૮૭ બાળકોએ લાભ લીધો. ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા શિશુ કેન્દ્રને ખેડા જિલ્લામાં પ્રથમ સ્થાનનું પ્રમાણ પત્ર મળેલ છે. આમ બાળકોને નાનપણથી શિક્ષણ તથા સંસ્કાર મળે તે રીતે શિશુ કેન્દ્ર સતત કાર્યશીલ રહ્યું છે.
- **ભજન સ્પર્ધા :** સમગ્ર ખેડા જિલ્લામાં ભજન પરંપરાનું જતન કરવા, એને જીવંત-જાગૃત રાખવા છેલ્લા ૧૨ વર્ષથી મહા સુદ પૂર્ણિમાના રોજ ખેડા જિલ્લાના ગ્રામ્ય તથા નડિયાદ શહેર વિભાગના ભાઈઓ તથા બહેનોના ભજનમંડળોની અલગ-અલગ ભજનસ્પર્ધા યોજવામાં આવે છે અને પ્રથમ આવેલ ત્રણ મંડળોને શિલ્ડ તથા ચંદ્રકો એનાયત કરવામાં આવે છે.
- દર વર્ષે વેકેશન દરમ્યાન જે વિદ્યાર્થીઓ ગીતાના શ્લોક કંઠસ્થ કરે છે, તેમને પુરસ્કાર રૂપે શૈક્ષણિક સાધનોની સહાય આપવામાં આવે છે.
- શારીરિક દર્દોની તપાસ, નિદાન, સારવાર કેમ્પોનું આયોજન.
- ઠંડા પાણીની પરબ.
- જ્ઞાનસત્રો તથા ભજન સંકીર્તન કાર્યક્રમોનું આયોજન.
- વસ્ત્રદાન સેવા.
- રેલ, દુષ્કાળ રાહત તથા કુદરતી આફત સેવા.
- શિયાળામાં ધાબળા દાન પ્રવૃત્તિ.

જીવને મન, કર્મ, વચનથી દુભવે નહિ અને દિલમાં અખૂટ દયા રાખે, તે ખરા સંત.

જ્યારે ધ્યાન કરતાં મન ચંચલ બને ત્યારે પરમાત્માના નામનું વારંવાર કીર્તન કરો.

સદા બીજાને પ્રસન્ન રાખવાની વાત વિચારો. આ નુસખાથી તમે સદા સ્વસ્થ રહેશો.

ઘણા માને છે કે ક્રોધ ન આવે તો સારું, પણ ક્રોધ આવ્યા વગર રહેતો નથી. કલિયુગનો માનવ પરતંત્ર છે. પાન-તમાકુ જેવી તુચ્છ વસ્તુને તે છોડી શકતો નથી. કામ અને ક્રોધ જીવનને તેમજ મરણને બગાડે છે. કામ હૃદયમાં બેઠેલો છે, તેને શત્રુ સમજી ધક્કો મારો, કામમાંથી ક્રોધ, ક્રોધમાંથી સંમોહ, સંમોહ પછી સ્મૃતિભ્રંશ અને ત્યાર પછી બુદ્ધિનો નાશ થાય છે. આમ કામ અમંગલ, સર્વ અનર્થનું મૂળ છે.

કોઈ પણ જમાનાને ફેરવી નાંખનાર બે જ શક્તિ છે :
મૂંગી સેવા અને દિલની દુઆ.

બીજાનાં દુઃખ દૂર કરતાં, આપણે આપણી જાતને દુઃખમાંથી મુક્ત કરીએ છીએ.

દિવસમાં એકાદ વખત સ્મશાનને યાદ કરો, એક દિવસ શરીરની રાખ થવાની છે.

આ જીવ પરમાત્મા માટે પાગલ થતો નથી પણ ધન માટે, વૈભવ માટે પાગલ બને છે.

પોતાને માટે નહિ, પણ બીજાની ભલાઈ ખાતર કરેલાં કર્મમાંથી સાચું સુખ જન્મે છે.

પ્રભુના પ્રેમી અને માનવના સેવક બનો, પવિત્ર બનો, બહાદુર બનો, મજબૂત બનો.

માનવજાતમાંથી એકાદને પણ જો તું મદદ કરીશ તો તે મને જ મદદ કરી ગણાશે.

લોહીની નદીઓ વહેવડાવવી સહેલ છે, પણ કોઈના આંસુંનાં એક ટીપાને સૂકવવું કઠણ છે.

ઘરમાં રહેવું એ પાપ નથી પણ ઘરને મનમાં રાખવું એ પાપ છે.

ભૂખ્યાંને ભોજન દેજો, તરસ્યાંને પાણી; આવનારને આદર દેજો, શબ્દ વડે સન્માની.

---

સદ્‌ગુરુ દત્તાત્રેય આપણા સમયમાં પૂજ્ય યોગીરાજ શ્રી સંતરામ મહારાજના સ્વરૂપમાં પ્રગટ થયા છે. ભગવાન દત્તાત્રેયના અવતારની સમાપ્તિ નથી. કેટલાંક શાસ્ત્રોમાં પરમાત્મા સર્વથી શ્રેષ્ઠ છે તેવું વર્ણન છે, તો ક્યાંક પરમાત્મા કરતાં સદ્‌ગુરુદેવને શ્રેષ્ઠ વર્ણવ્યા છે. કબીરજીએ કહ્યું છે :

**ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય,**
**બલિહારી ગુરુદેવકી જિન્હે ગોવિંદ દિયા બતાય.**

ગુરુ અંધકારને દૂર કરે છે. અંધકાર એ જ અજ્ઞાન છે. અજ્ઞાનનો જે વિનાશ કરે તેને ગુરુદેવ કહેવાય. સંતો જ્ઞાનસ્વરૂપ છે. સંત વ્યાખ્યાન કરે, શબ્દ ન બોલે તો પણ તે જ્ઞાનસ્વરૂપમાં દર્શનમાત્રથી સંતોષ અને શાંતિ પ્રાપ્ત થાય છે. ગુરુ મૌન રહે છે, આમ છતાં તેમનાં દર્શનથી જ્ઞાન પ્રગટ થાય છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

# પ. પૂ. મહંત શ્રી નારાયણદાસજી મહારાજની અધ્યક્ષતા, પ્રેરણા, માર્ગદર્શનમાં ચાલતા સેવા પ્રકલ્પો

## : સેવા સંસ્થાઓ :

❊ શ્રી સંતરામ સમાધિસ્થાન, નડિયાદ.

❊ સદ્‌વિચાર સમિતિ, નડિયાદ.
શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય
શ્રી સંતરામ ડીસ્પેન્સરી.

❊ શ્રી સંતરામ જનસેવા ટ્રસ્ટ, નડિયાદ.
શ્રી સંતરામ લેબોરેટરી.
શ્રી સંતરામ સોનો એક્સ-રે ક્લિનિક.
શ્રી સંતરામ સી.ટી. સ્કેન સેન્ટર.
શ્રી સંતરામ પોલિયો ફાઉન્ડેશન - ફિઝિયોથેરાપી સેન્ટર.
શ્રી સંતરામ દર્દી સેવા કેન્દ્ર.
શ્રી સંતરામ એમ્બ્યુલન્સ વાન.
શ્રી સંતરામ ફ્રી ઓક્સીજન બેંક.
શ્રી સંતરામ નિઃશુલ્ક ઔષધ સેવા કેન્દ્ર.

❊ શ્રી સંતરામ દાસ સેવા ટ્રસ્ટ, નડિયાદ.

❊ શ્રીમતી કમળાબેન જેઠુભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ

❊ ડૉ. કનૈયાલાલ ર. શાહ તથા શ્રીમતી દક્ષાબેન ક. શાહ ભાનેરવાલા ચેરિટેબલ ટ્રસ્ટ

❊ સ્વ. વિનાયકભાઈ અને સ્વ. લલિતાબેન પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ

❊ શ્રી શ્રી વકાંગી સંતરામ ચેરિટેબલ ટ્રસ્ટ

❊ પ્રભુ-ગંગાવાડી ચેરિટેબલ ટ્રસ્ટ

❊ શ્રી સંતરામ મંદિર સંચાલિત બી. ડી. પટેલ જનરલ હોસ્પિટલ, ઉમરેઠ.